।। सा विद्या या विमुक्तये ।।

सળંગ અંક : ૨૦

# સાર્થક

શૈક્ષણિક વર્ષ : ૨૦૨૫-'૨૬

वंदे मातरम्
@
150 YEARS



વિદ્યાભારતી ઉચ્ચ શિક્ષા સંસ્થાન સંલગ્ન

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત

## શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.ઍડ્. કૉલેજ,

પાંડેસરા, સુરત

।। सा विद्या या विमुक्तये ।।

વિદ્યાભારતી ઉચ્ચ શિક્ષા સંસ્થાન સંલગ્ન

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત

# શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કૉલેજ,

પાંડેસરા, સુરત

સળંગ અંક : ૨૦

# સાર્થક

શૈક્ષણિક વર્ષ : ૨૦૨૫-'૨૬

સંપાદક

પ્રા. અમૃત વળવી


પ્રમુખ પાર્ક, વી. ટી. પોદ્દાર કૉલેજ કેમ્પસ, પાંડેસરા GIDC BRTSની પાસે,
ઉધના-નવસારી રોડ, પાંડેસરા, સુરત

smvmtbedcollege@gmail.com

www.smvmt.com

# :: ટ્રસ્ટનો પરિચય ::

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટની સ્થાપના ઈ.સ. ૧૯૯૬માં કરવામાં આવી હતી. સ્થાપના સમયથી ટ્રસ્ટ કે.જી.થી લઈ કૉલેજ કક્ષાના વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવામાં કાર્યરત છે. ટ્રસ્ટ દ્વારા ઈ.સ.૧૯૯૬માં બાળકો માટે શિશુમંદિરની સ્થાપના કરવામાં આવી હતી. જે અંતર્ગત વિવિધ પ્રવૃત્તિઓ શરૂ કરવામાં આવી હતી. ટ્રસ્ટ દ્વારા સમાજના વંચિત વર્ગોમાંથી આવતા વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવા માટે ત્રણ કોલેજોની સ્થાપના કરી છે.

૧. શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.ઍડ્. કૉલેજ (વર્ષ : ૨૦૦૩)
૨. વિમલ ટોરમલ પોદ્દાર બી.સી.એ. કૉલેજ (વર્ષ : ૨૦૦૭)
૩. વિમલ ટોરમલ પોદ્દાર કોમર્સ કૉલેજ (વર્ષ : ૨૦૧૫)

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.ઍડ્. કૉલેજની સ્થાપના ઈ.સ. ૨૦૦૩ હતી. શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.ઍડ્. કૉલેજ વિદ્યાભારતી ઉચ્ચ શિક્ષા સંસ્થાન સાથે જોડાયેલી છે. NCTE માન્યતા પ્રાપ્ત કરેલ છે. કૉલેજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન છે. સંસ્થા વિદ્યાભારતીના ઉચ્ચ આદર્શોને સાકાર કરવા માટે કાર્ય કરે છે. વિદ્યાભારતી, ઉચ્ચ શિક્ષા સંસ્થાન રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘની શૈક્ષણિક પાંખ છે. જે વિદ્યાર્થીઓને શિક્ષિત કરી, તેમનામાં સામાજિક ચેતના સાથે સાંસ્કૃતિક અને નૈતિક મૂલ્યો કેળવીને દેશ અને સમાજ માટે સક્ષમ અને સંપૂર્ણ પેઢીના નિર્માણ કરી રહી છે. કૉલેજ સ્થાપના કાળથી ગુણવત્તાયુક્ત શિક્ષણ સમાજને અર્પણ કરી રહી છે અને દર વર્ષે ૧૦૦% પરિણામ પ્રાપ્ત કરી રહી છે. કૉલેજમાંથી પાસ થનાર તાલીમાર્થીઓ ઝડપથી સારી શાળાઓમાં નોકરી મેળવવા સક્ષમ બને છે.

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.ઍડ્. કૉલેજમાં બી.ઍડ્.ની પદવી મેળવનાર તાલીમાર્થીઓમાં રાષ્ટ્રીય મૂલ્યો અને વ્યક્તિગત મૂલ્યો ઉજાગર કરવા માટે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ અને વિવિધ દિવસોની ઉજવણી કરવામાં આવે છે. NEP-2020 ના ભાગરૂપે કોલેજના અધ્યાપકો દ્વારા ૬ વોકેશન કોર્ષ પણ ચલાવવામાં આવી રહ્યા છે. તાલીમાર્થીઓને બિરદાવવા અને પ્રોત્સાહિત કરવા માટે અમારી કૉલેજ કટિબદ્ધ છે. તાલીમાર્થીઓમાં રહેલી પ્રતિભાને ઓળખી પ્રોત્સાહિત કરવા માટે તેઓને પ્રમાણપત્રો અને શિષ્યવૃત્તિઓ સ્વરૂપે તાલીમાર્થીઓને રોકડ પુરસ્કાર આપીને તેમની પ્રશંસા કરવામાં આવે છે.

કૉલેજ મુખ્યત્વે તાલીમાર્થીના શિક્ષણ દરમિયાન સૈદ્ધાંતિક અને વ્યવહારું બંને પાસાઓના વ્યૂહાત્મક શિક્ષક, માનવી અને સફળ વ્યાવસાયિક બનાવવા તત્પર અને કટિબદ્ધ છે.

# શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટના હોદ્દેદારોનો પરિચય

કોઈપણ સંસ્થાના પાયામાં જે-તે સંસ્થાના ટ્રસ્ટીઓનું યોગદાન હોય છે. તેમના વિઝન અને મિશનથી જ સંસ્થા સાચી દિશામાં આગળ વધતી હોય છે. શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટને પણ આવા ઉમદા વિચારોવાળા ટ્રસ્ટીઓનું નેતૃત્ત્વ મળ્યું છે.



### શ્રી સુધાકર લાલભાઈ માસ્ટર (પ્રમુખશ્રી)

આપશ્રી એ મિકેનિકલ એન્જિનિયરની શૈક્ષણિક પદવી પ્રાપ્ત કરેલ છે. તેમજ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, સુરત મહાનગરમાં માનનીય સંઘચાલકનું દાયિત્વ નિભાવો છો. આપશ્રી સ્ટીલના ઉદ્યોગ સાથે પણ સંકળાયેલા છો. હાલ શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટમાં પ્રમુખ તરીકેનું દાયિત્વ નિભાવી રહ્યા છો.



### શ્રી સુભાષચંદ્ર હીરાનંદ ગંગવાની (ઉપપ્રમુખ)

આપશ્રી ટેક્સટાઈલના વ્યવસાય સાથે સંકળાયેલા છો. હાલ શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટમાં ઉપપ્રમુખ તરીકેનું દાયિત્વ નિભાવી રહ્યા છો. આપ અગ્રગણ્ય ઉદ્યોગપતિ તરીકે નામ ધરાવો છો.



### શ્રી ચંદ્રપ્રકાશ પુખરાજ સિંઘવી(ઉપપ્રમુખ)

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત ટી. ડી. વશી શ્રી સરસ્વતી વિદ્યાલયમાં પ્રુમખ તરીકેની જવાબદારી વાહન કરી રહ્યા છે. હાલ શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટમાં ઉપપ્રમુખ તરીકેનું દાયિત્વ નિભાવી રહ્યા છો.



### શ્રી નીરજભાઈ ગોપાળભાઈ પટેલ (મંત્રીશ્રી)

આપશ્રી લઘુઉદ્યોગ ભારતી દક્ષિણ ગુજરાત પ્રાંતમાં સમિતિ સભ્ય તરીકે કાર્યરત છો. તેમજ વિદ્યાભારતી ઉચ્ચ શિક્ષા સંસ્થાનમાં અખિલ ભારતીય સ્ટેરિંગ સમિતિના સદસ્ય તરીકેનું સ્થાન ધરાવો છો. રાજકોટ નાગરિક સહકારી બેંક અને કલ્યાણ જનતા બેન્કની સલાહકર સમિતિ, સુરતના સદસ્ય તરીકે પણ કાર્યરત છો. હાલ શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટમાં મંત્રીશ્રી તરીકેનું દાયિત્વ નિભાવી રહ્યા છો.



### શ્રી સંજયભાઈ બળવંતભાઈ લાપસીવાલા (ટ્રસ્ટીશ્રી)

આપશ્રી બાંધકામના વ્યવસાય સાથે કાર્યરત છો. હાલ શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટમાં ટ્રસ્ટીશ્રી તરીકેનું દાયિત્વ નિભાવી રહ્યા છો. સમાજમાં વિવિધ સેવાકીય સંસ્થાઓ દ્વારા ચાલતી પ્રવૃત્તિઓમાં સક્રિય રીતે જોડાયેલા છો.

# શ્રી મહાવીર વિદ્યામંદિરના હોદ્દેદારોનો પરિચય



### શ્રી લક્ષ્મીલાલ પ્યારેચંદ બાફના (ટ્રસ્ટીશ્રી)

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત ટી. ડી. વશી શ્રી સરસ્વતી વિદ્યાલયમાં સંરક્ષક તરીકેની જવાબદારી વહન કરી રહ્યા છો. હાલ શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટમાં ટ્રસ્ટીશ્રી તરીકેનું દાયિત્વ નિભાવી રહ્યા છો.



### શ્રીમતી આશાબેન નરેશકુમાર ભંડારી (ટ્રસ્ટીશ્રી)

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ સંચાલિત ટી. ડી. વશી શ્રી સરસ્વતી વિદ્યાલયમાં સહમંત્રી તરીકેની જવાબદારી વહન કરી રહ્યા છો. આપશ્રી હાલ શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટમાં ટ્રસ્ટીશ્રી તરીકેનુ દાયિત્વ નિભાવી રહ્યા છો.



### શ્રી ભરતભાઈ પ્રવિણભાઈ વશી (ટ્રસ્ટીશ્રી)

આપશ્રી બાંધકામના વ્યવસાય સાથે જોડાયેલા છો. હાલ શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટમાં ટ્રસ્ટીશ્રી તરીકેનું દાયિત્વ નિભાવી રહ્યા છો. પ્રશંસાની વાત એ છે કે, આપશ્રીના દાદાશ્રીએ ઉધનામાં આપણી વિદ્યાલયને જમીન દાનમાં આપેલ છે.



### શ્રી વિમલ ટોરમલ પોદ્દાર (ટ્રસ્ટીશ્રી)

આપશ્રી બાંધકામના વ્યવસાય સાથે જોડાયેલા છો. હાલ શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટમાં ટ્રસ્ટીશ્રી તરીકેનું દાયિત્વ નિભાવી રહ્યા છો. તેમજ વિવિધ સેવાકીય સંસ્થા સાથે જોડાયેલા છે. આપશ્રી અગ્રણી ઉદ્યોગપતિ તરીકે સ્થાન ધરાવો છો. આપશ્રીના આશીર્વાદના ફળ સ્વરૂપે આ ટ્રસ્ટમાં શિષ્યવૃત્તિનો પ્રારંભ થયો.



### શ્રી જીતેન્દ્રભાઈ ડાહ્યાભાઈ દેસાઈ (ટ્રસ્ટીશ્રી)

આપશ્રી વ્યવસાયે એન્જીનિયર છો. આપશ્રીએ ૩૫ વર્ષ જુદી-જુદી કંપનીઓમાં સેવા આપેલ છે. તેમજ આપશ્રી હજીરા સ્થિત Larsen & Toubro companyમાંથી Total Quality Management (TQM)ના હેડ તરીકે સેવા આપી નિવૃત્ત થયા છો. આપશ્રી વર્ષ-૧૯૮૦થી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવક છો. હાલ શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટમાં ટ્રસ્ટીશ્રી તરીકેનું દાયિત્વ નિભાવી રહ્યા છો.



### શ્રી નાનાલાલ શાહ (ટ્રસ્ટીશ્રી)

આપશ્રી મારબલ અને બાંધકામના વ્યવસાય સાથે જોડાયેલા છો. ટ્રસ્ટમાં આપશ્રી માર્ગદર્શકની ભૂમિકા અદા કરી રહ્યા છો. તેમજ ટી. ડી. વશી શ્રી સરસ્વતી વિદ્યાલયમાં વ્યવસ્થાપક અને વિદ્યાભારતી પ્રાંત કાર્યકારિણીના સદસ્ય રૂપમાં હાલમાં ઉત્તમ કાર્ય કરી રહ્યા છો.

# અમારો બી.એડ્. પરિવાર શૈક્ષણિક વર્ષ : ૨૦૨૪-'૨૬



# બી.એડ્.પ્રશિક્ષણાર્થી પ્રતિનિધિ મંડળ અને આચાર્યગણ (શૈક્ષણિક વર્ષ : ૨૦૨૪-'૨૫)



# સંપાદકની કલમે...

'વંદે માતરમ્' આ માત્ર એક ગીત નથી, પણ ભારતીય આત્માનો ઉદ્ઘોષ છે. બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયની કલમે જ્યારે આ શબ્દો કાગળ પર ઉતર્યા હશે, ત્યારે કદાચ તેમને પણ ખ્યાલ નહીં હોય કે આ બે શબ્દો ભારતની આઝાદીના જંગનો સૌથી મોટો મંત્ર બની જશે. આજે જ્યારે આ ગાન પોતાના ૧૫૦ વર્ષ પૂર્ણ કરી રહ્યું છે, ત્યારે આપણી સંસ્થા આ પર્વને 'રાષ્ટ્રભક્તિ અને શિક્ષણ'ના સંગમ તરીકે ઉજવી રહી છે.

શિક્ષણ અને રાષ્ટ્રવાદ એકબીજાના પૂરક છે. એક આદર્શ શિક્ષક જ રાષ્ટ્રના ભાવિ નાગરિકોમાં દેશપ્રેમના બીજ રોપી શકે છે. આ મેગેઝીન એ જ વિચારધારાનું પ્રતિબિંબ છે.

આ અંકની વિશેષતાઓ જોઈએ તો આપણા અનુભવી અધ્યાપકોએ તેમના લેખો દ્વારા 'વંદે માતરમ્'ના ઐતિહાસિક અને સાંસ્કૃતિક પાસાઓ પર ઊંડાણપૂર્વક પ્રકાશ પાડ્યો છે. ભવિષ્યના શિક્ષકો એવા આપણા વિદ્યાર્થીઓએ પોતાની કવિતાઓ અને મૌલિક વિચારો દ્વારા આધુનિક યુગમાં દેશભક્તિની વ્યાખ્યા ગૂંથી છે. તેમની કલમમાં જોશ પણ છે અને હોશ પણ.

: આખું વર્ષ આપણી સંસ્થામાં જે શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સામાજિક પ્રવૃત્તિઓ થઈ, તેનું સુંદર સંકલન અહીં રજૂ કરવામાં આવ્યું છે. આ પ્રવૃત્તિઓ દર્શાવે છે કે આપણું શિક્ષણ માત્ર પુસ્તકો પૂરતું મર્યાદિત નથી, પણ સર્વાંગી વિકાસલક્ષી છે.

આ અંક તૈયાર કરવામાં સહયોગ આપનાર તમામ પ્રશિક્ષણાર્થીઓ અને માર્ગદર્શન પૂરું પાડનાર અધ્યાપકગણનો હું હૃદયપૂર્વક આભારી છું.

આશા છે કે આ **'સાર્થક'** મેગેઝીન વાંચતી વખતે આપના હૃદયમાં પણ એ જ રાષ્ટ્રભક્તિનો સંચાર થશે જે ૧૫૦ વર્ષ પહેલાં આ ગીતના સર્જન સમયે થયો હતો. ચાલો, આપણે સૌ સાથે મળીને શિક્ષણના માધ્યમથી રાષ્ટ્ર નિર્માણના કાર્યમાં સહભાગી બનીએ.

જય હિન્દ, વંદે માતરમ્!

- પ્રા. અમૃતભાઈ વળવી
સંપાદક

નોંધ : આ અંકમાં પ્રસિદ્ધ થયેલ લેખ કે વિચારો જે તે લેખક કે સર્જકને આધીન હોય સંપાદક મંડળ કે સંસ્થા તે માટે જવાબદાર નથી.

## પ્રધાનાચાર્યશ્રીની કલમે...

પ્રિય વાચકો, વિદ્યાર્થી મિત્રો અને અધ્યાપકવૃંદ,

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.ઍડ્. કોલેજનું આ 22મું વર્ષ પૂર્ણ થયાનું અતિ ગૌરવની લાગણી અનુભવીએ છીએ. કોલેજ દિવસેને દિવસે ખૂબ પ્રગતિ સાધી રહી છે ત્યારે ઇન્ચાર્જ આચાર્ય તરીકેની મારી ભૂમિકામાં કોલેજને હજુ ઉત્તરોત્તર પ્રગતિ કરાવવાની અને દક્ષિણ ગુજરાતની પ્રતિભા સમક્ષ કોલેજને ઉચ્ચ સ્થાન અપાવવાની ઈચ્છા છે.

આ વર્ષે આપણે રાષ્ટ્રીય ગૌરવનું એક વિશેષ ઐતિહાસિક પળ ઉજવી રહ્યાં છીએ – વંદે માતરમ્@150 વર્ષ. બેન્કિમચંદ્ર ચટ્ટોપાધ્યાયે રચેલું આ અમર ગાન માત્ર શબ્દસમૂહ નથી, પરંતુ તે આપણા દેશપ્રેમ, બલિદાન, સ્વાતંત્ર્યસંગ્રામ અને ભારતીય સંસ્કૃતિની આત્મા છે. "વંદે માતરમ" નો પ્રથમ ઉચ્ચાર જ આપણા હૃદયમાં દેશપ્રેમની ધડકન તેજ કરી દે છે, અને માનો કે માતૃભૂમિ પ્રત્યે નમન કરવા હાથ પોતે ઉંચા થઈ જાય છે.

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ. કૉલેજ શિક્ષણને રાષ્ટ્રનિર્માણની પ્રક્રિયા માને છે. કૉલેજ શિક્ષણને માત્ર પાઠ્યક્રમ પૂરતું રાખતી નથી, પરંતુ દેશ, સંસ્કૃતિ અને નૈતિક મૂલ્યોને જીવનમાં જીવવા શીખવે છે. ભવિષ્યના શિક્ષક તરીકે આપ સૌના હૃદયમાં દેશભક્તિનો દીવો પ્રગટાવવો અને જ્ઞાન સાથે માનવમૂલ્યોનું સંવર્ધન કરવું એ આપણું મુખ્ય ધ્યેય છે. કેમ કે શિક્ષક માત્ર વર્ગખંડમાં પાઠ આપતો નથી, પરંતુ રાષ્ટ્રના ભાવિ નાગરિકોને ઘડતો શિલ્પકાર છે. મેગેઝિનનો આ અંક 'વંદે માતરમ્@150' વર્ષની ઉજવણી સાથે પ્રકાશિત થઈ રહ્યો છે - જે સૌ માટે ગૌરવની વાત છે. અહીં સમાવાયેલ દરેક લેખ, કવિતા, ચિત્ર કે વિચારો આપણને સ્વતંત્રતા સેનાનીઓની યાદ અપાવે છે, રાષ્ટ્રપ્રેમને નવેસરથી જીવંત કરી આપણું મન પ્રેરિત કરે છે કે - "માતૃભૂમિ માટે કંઈક કરી જવું છે!" આજે જ્યારે વિશ્વ બદલાઈ રહ્યું છે, ટેક્નોલોજી આગળ વધી રહી છે, તોય આપણે મૂળથી જોડાયેલા રહી દેશપ્રેમની ભાવના જીવંત રાખવી એ આવશ્યક છે. 'વંદે માતરમ્'નો ઉદગાર આપણને શીખવે છે કે - માતૃભૂમિ સર્વોપરી છે, અને વિકાસનો સાચો માર્ગ સંસ્કાર અને માનવતા સાથે જ સંભવ છે.

આ મેગેઝિનને સફળ બનાવવા માટે યોગદાન આપનાર સૌને હૃદયપૂર્વક અભિનંદન. આશા છે કે આ અંક માત્ર વાંચન માટે નહીં, પરંતુ વિચાર માટે બનશે - વિચાર રાષ્ટ્રપ્રેમનો, ફરજનો અને શિક્ષક ધર્મના નિભાવનો.

તો ચાલો, 150 વર્ષીય 'વંદે માતરમ્'ની ગુંજ સાથે આગળ વધીએ - રાષ્ટ્રપ્રેમના નવા સંકલ્પ સાથે, જ્ઞાનના દીપક સાથે, અને ભવિષ્યના શિક્ષકો તરીકે ઉજ્જ્વળ દિશામાં આગળ વધીએ.

**- ડૉ. જયશ્રીબેન કાનાણી**
**ઈન્ચાર્જ પ્રધાનાચાર્યા**

# શુભેચ્છા સંદેશ



રાષ્ટ્રીય ચેતનાના અમર ગાન ‘વંદે માતરમ્’ના ૧૫૦મા વર્ષના પાવન અવસરે ‘વંદે માતરમ્@150’ થીમ સાથે ‘સાર્થક’ મેગેઝીનનો વિશેષ અંક પ્રકાશિત થવા જઈ રહ્યો છે તે જાણીને હર્ષ અને ગૌરવની લાગણી થાય છે. આ મહત્વપૂર્ણ પહેલ બદલ તંત્રી મંડળને હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવું છું.

બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયે રચેલું ‘વંદે માતરમ્’ માત્ર એક ગીત નથી; તે ભારતમાતાની ઉપાસના, સ્વાભિમાન અને સ્વાતંત્ર્ય સંગ્રામના અડગ સંકલ્પનું પ્રતિક છે. આ ગાનના સ્વરે અસંખ્ય ક્રાંતિકારીઓના હૃદયમાં દેશપ્રેમની જ્યોત પ્રગટાવી અને રાષ્ટ્રને એકતા તથા આત્મબળની દિશા આપી. આજે પણ ‘વંદે માતરમ્’ માત્ર શબ્દો નહીં, પરંતુ ભારતની આત્મા સાથે જોડતો પવિત્ર મંત્ર છે.


રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા સમાજમાં રાષ્ટ્રભાવના મજબૂત બને તે માટે ‘વંદે માતરમ્’ના ગાન અને તેના સંદેશના પ્રસાર માટે સતત પ્રયત્નો થતા રહ્યા છે. અત્યાર સુધી સામાન્ય રીતે બે શ્લોક ગવાતા હતા, પરંતુ હવે સમગ્ર છ શ્લોકો ગાવાની માર્ગદર્શિકા જાહેર થવી એ અત્યંત હર્ષદાયક અને સમયોચિત પગલું છે. આથી સમાજમાં લોકો ધીરે-ધીરે તમામ શ્લોકોને યાદ કરશે, તેના ઊંડા અર્થને સમજશે અને ‘વંદે માતરમ્’ની પૂર્ણ ભાવના સાથે જોડાશે. આજના સમયમાં ખાસ કરીને યુવા પેઢીને રાષ્ટ્રીય મૂલ્યો સાથે જોડવું અત્યંત આવશ્યક છે. ‘સાર્થક’ મેગેઝીન જેવા માધ્યમો દ્વારા રાષ્ટ્રીય ગૌરવ, સામાજિક ચેતના અને દેશભક્તિના સંદેશને પ્રસરાવવાનો પ્રયાસ ખૂબ જ પ્રશંસનીય છે. નિશ્ચિતપણે આ વિશેષ અંક વાચકોમાં પ્રેરણા, ગૌરવ અને રાષ્ટ્રપ્રેમની નવી જ્યોત પ્રગટાવશે.

આ પાવન અવસરે પ્રાર્થના છે કે ‘વંદે માતરમ્’નો મંત્ર સમગ્ર રાષ્ટ્રમાં એકતા, સંકલ્પ અને રાષ્ટ્રનિર્માણની નવી ઊર્જા પ્રસરાવે.

વંદે માતરમ્!

**ડૉ. ભરત પટેલ**
**રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ**
**ગુજરાત પ્રાંત સંઘચાલક.**

# શુભેચ્છા સંદેશ



શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ્. કૉલેજ, પાંડેસરા, સુરત દ્વારા પ્રકાશિત થતું **'સાર્થક'** મેગેઝીન સંસ્થાની શૈક્ષણિક અને સર્જનાત્મક પરંપરાનું પ્રતિબિંબ છે. દર વર્ષે પ્રકાશિત થતું આ મેગેઝીન તાલીમાર્થીઓની કલ્પનાશક્તિ, વિચારશીલતા અને અભિવ્યક્તિની ક્ષમતાને ઉજાગર કરવા માટેનું એક સુંદર મંચ પૂરું પાડે છે. શિક્ષણક્ષેત્રે આગળ વધતા ભવિષ્યના શિક્ષકો માટે આવું મંચ તેમના વ્યક્તિત્વ ઘડતરમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે.

આ વર્ષે 'સાર્થક' મેગેઝીન માટેનો મુખ્ય વિષય 'વંદેમાતરમ્@૧૫૦' રાખવામાં આવ્યો છે, જે આપણા માટે ગૌરવ અને પ્રેરણાનો વિષય છે. બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય દ્વારા રચાયેલું 'વંદે માતરમ્' માત્ર એક ગીત નથી, પરંતુ તે ભારતની સ્વતંત્રતા ચળવળનું પ્રેરણાસ્ત્રોત અને રાષ્ટ્રીય ચેતનાનું અવિભાજ્ય પ્રતિક છે. 'વંદે માતરમ્'ના શબ્દોમાં ભારતમાતાની મહિમા, સંસ્કૃતિની સમૃદ્ધિ અને રાષ્ટ્રની અખંડ એકતાનો ગૌરવભર્યો સ્વર સંભળાય છે.

શિક્ષણ માત્ર જ્ઞાન પ્રાપ્ત કરવાની પ્રક્રિયા નથી; તે સંસ્કાર, મૂલ્યો અને જવાબદારીની ભાવનાનું સંવર્ધન કરવાની પવિત્ર યાત્રા છે. ભવિષ્યના શિક્ષક તરીકે આપ તાલીમાર્થીઓ સમાજ અને રાષ્ટ્રના ઘડતરમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવશો. આપના માર્ગદર્શન દ્વારા નવી પેઢીમાં રાષ્ટ્રપ્રેમ, નૈતિક મૂલ્યો અને માનવતાની ભાવના વિકસે એ જ સાચા અર્થમાં શિક્ષણનું સાર્થક પરિણામ ગણાશે.

આ મેગેઝીનના પ્રકાશન માટે પરિશ્રમ કરનાર તમામ તાલીમાર્થીઓ, માર્ગદર્શન આપનાર પ્રાધ્યાપકગણ તથા સંપાદક મંડળને હું હાર્દિક અભિનંદન પાઠવું છું. **'સાર્થક'** મેગેઝીન ભવિષ્યમાં પણ જ્ઞાન, સંસ્કાર અને સર્જનાત્મક્તાનું એક પ્રેરણાદાયી માધ્યમ બની રહે અને આપ સૌના પ્રયાસોથી વધુને વધુ ઊંચા શિખર સર કરતા રહો એવી હાર્દિક શુભકામનાઓ સાથે.

॥ જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરીયસી ॥

વંદે માતરમ્, ભારત માતા કી જય

**શ્રી સુધાકરજી માસ્ટર**
**પ્રમુખશ્રી,**
**શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ**

# શુભેચ્છા સંદેશ



અમારી સંસ્થાના વાર્ષિક મેગેઝીન 'સાર્થક'ના પ્રકાશન પ્રસંગે હું અત્યંત આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. આ વર્ષે મેગેઝિન માટે પસંદ કરાયેલ થીમ 'વંદે માતરમ્@૧૫૦' આપણા રાષ્ટ્રપ્રેમ, સંસ્કૃતિ અને ઐતિહાસિક ગૌરવને ઉજાગર કરતી અત્યંત મહત્વપૂર્ણ થીમ છે.

'વંદે માતરમ્' એ માત્ર એક દેશભક્તિ ગીત નથી, પરંતુ ભારતના સ્વાતંત્ર્ય સંઘર્ષનું પ્રેરણાસ્રોત રહ્યું છે. આ ગીતે અનેક સ્વાતંત્ર્ય સેનાનીઓના હૃદયમાં દેશપ્રેમની જ્યોત પ્રગટાવી અને તેમને દેશની આઝાદી માટે સમર્પિત થવા પ્રેર્યા. માતૃભૂમિ પ્રત્યેની અવિરત શ્રદ્ધા, પ્રેમ અને ગૌરવની ભાવના આ ગીતમાં અદ્દભૂત રીતે વ્યક્ત થાય છે. છેલ્લા ૧૫૦ વર્ષથી 'વંદે માતરમ્' ભારતની રાષ્ટ્રીય ચેતના અને એકતાનું પ્રતિક બનીને પેઢી દર પેઢીને પ્રેરણા આપતું રહ્યું છે. બી.એડ.ના વિદ્યાર્થીઓ તરીકે શિક્ષક બનવા માટે તૈયાર થઈ રહેલા યુવાનો માટે આ થીમ વિશેષ મહત્ત્વ ધરાવે છે. શિક્ષક માત્ર જ્ઞાન આપનાર નથી, પરંતુ સમાજના ઘડતરકાર અને રાષ્ટ્રનિર્માતા છે. શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં દેશપ્રેમ, નૈતિક મૂલ્યો અને સામાજિક જવાબદારીની ભાવના વિકસાવવામાં શિક્ષકની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે. 'સાર્થક' મેગેઝિન વિદ્યાર્થીઓની સર્જનાત્મક્તા, વિચારશક્તિ અને પ્રતિભાને પ્રગટ કરવાની ઉત્તમ તક પૂરી પાડે છે. મેગેઝિનમાં સમાવિષ્ટ લેખો, કાવ્યો, નિબંધો અને વિવિધ સાહિત્યિક રચનાઓ વિદ્યાર્થીઓના જ્ઞાનવિસ્તાર અને સર્જનાત્મક શક્તિનું સુંદર પ્રતિબિંબ રજૂ કરે છે. આ મેગેઝિનના સફળ પ્રકાશન માટે સતત પરિશ્રમ કરનાર આચાર્યશ્રી, પ્રાધ્યાપક મંડળ, સંપાદક મંડળ તથા તમામ વિદ્યાર્થીમિત્રોને હું હાર્દિક અભિનંદન પાઠવું છું. તેઓનો આ પ્રયત્ન ભવિષ્યમાં પણ વિદ્યાર્થીઓને પ્રેરણા આપતો રહેશે અને સંસ્થાની ગૌરવવૃદ્ધિ કરશે તેવી મને પૂરી આશા છે.

'વંદે માતરમ્' આપણામાં દેશપ્રેમ, એકતા અને સમર્પણની ભાવનાને જીવંત રાખે છે. આપણે સૌ મળીને આપણા દેશના ગૌરવ અને વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહીએ. આપણી સંસ્થા સતત પ્રગતિના શિખરો સર કરે, વિદ્યાર્થીઓ શિક્ષણક્ષેત્રે ઉત્તમ સિદ્ધિઓ પ્રાપ્ત કરે અને રાષ્ટ્રના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપે તેવી મારી હાર્દિક શુભેચ્છાઓ.

જય હિંદ! વંદે માતરમ!.

**શ્રી નીરજભાઈ પટેલ**
**સેક્રેટરીશ્રી,**
**શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ**

# શુભેચ્છા સંદેશ



'વંદે માતરમ્'ની 'સાર્થકતા'

આ વર્ષે અમારી સંસ્થાના પ્રકાશન 'સાર્થક'ના વાર્ષિક અંક માટે તેમના સંપાદક મંડળે 'વંદે માતરમ્@૧૫૦' વર્ષની થીમ પસંદ કરી છે, જે ખૂબ જ પ્રાસંગિક છે. તે બાબતે સૌને અભિનંદન!

૭ નવેમ્બર ૨૦૨૫ના દિવસે બંકિમબાબુના આ અમર રાષ્ટ્રગીતની રચનાના ૧૫૦ વર્ષ પૂરા થયા. સદીઓની ગુલામીની વેદના, સ્વતંત્રતા સંગ્રામ, શહીદોના બલિદાનો, ૧૯૪૭માં મળેલી સ્વતંત્રતા, રાષ્ટ્રના વિભાજનની વિભીષિકા, રાષ્ટ્રના પુનર્નિર્માણની ગાથા અને ૨૦૪૭ના વિકસિત ભારતનું સ્વપ્ન... વંદે માતરમ્ આ બધી ઘટનાઓ સ્વપ્નનું સાક્ષી રહ્યું છે.


હાલમાં જ કેન્દ્ર સરકાર દ્વારા આપણા આ અલૌકિક રાષ્ટ્રગાનને એના પૂર્ણ સ્વરૂપમાં ગાવામાં આવે એવો આગ્રહ રાખ્યો છે.તે વંદનીય બાબત છે.

વંદે માતરમ્ થીમ આધારિત 'સાર્થક'નો આ અંક વાચકોમાં રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્ર ભક્તિનો ભાવ વધુ ઉજાગર કરશે એવી આશા અને અપેક્ષા રાખીએ.

જય હિંદ! વંદે માતરમ!.

**શ્રી જીતેન્દ્રભાઈ દેસાઈ**
**ટ્રસ્ટીશ્રી,**
**શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ**

# શુભેચ્છા સંદેશ



પ્રતિ,
પ્રધાનાચાર્યશ્રી,
શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.ઍડ્. કૉલેજ
પાંડેસરા, સુરત.

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ. કોલેજ દ્વારા વંદે માતરમ્‌ને ૧૫૦ વર્ષ પૂર્ણ થવા પર એના ઉપલક્ષ્યમાં વિશેષાંકા પ્રકાશિત થાય છે, તે વિદ્યાભારતી પરિવાર માટે ગૌરાન્વિત કરનાર વાત છે. વંદે માતરમ્‌ની ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં જે પ્રેરણાદાયી ભૂમિકા રહી એનું સ્મરણ કરીને કૃતજ્ઞા વ્યક્ત કરવાનો અવસર છે. વંદે માતરમ્‌ની ભાવનાએ સ્વાતંત્ર્ય સંગ્રામ દરમ્યાન સમગ્ર રાષ્ટ્રને પ્રકાશિત કર્યું હતું.

ભારતમાતાને માતા તરીકે પ્રગટીત કરનાર દિવ્યગાન છે. આ અંક દ્વારા વર્તમાન મહાવિદ્યાલયીન પેઢીને જરૂર પ્રેરણા મળશે. જેથી **‘રાષ્ટ્ર પ્રથમ’** નો ભાવ દરેક વિદ્યાર્થીમાં પ્રગટ થશે. વિશેષાંકા પ્રસિદ્ધ કરી રહ્યા છો તે બદલ ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું.

ભવદીય,
મહેશ પતંગે
સંગઠનમંત્રી,
વિદ્યાભારતી, ગુજરાત પ્રદેશ

# શુભેચ્છા સંદેશ



માનનીય સંપાદક મંડળ,
'સાર્થક' મેગેઝીન

આ વર્ષે જ્યારે આપણે રાષ્ટ્રભક્તિના અમરગાન વંદે માતરમ્ ના 150માં વર્ષમાં મંગળ પ્રવેશ કરી રહ્યા છીએ ત્યારે રાષ્ટ્રને એક સૂત્રથી જોડનારા આ જ વંદે માતરમ્ ગીતને મુખ્ય વિષય બનાવીને એક વિશેષાંક પ્રકાશિત કરવાનો આપના વિચાર ખરેખર પ્રશંસનીય છે.

વંદે માતરમ્ એ ભારતની આઝાદીની લડતનો પ્રાણ હતો. આ ગીત એ માતૃભૂમિ પ્રત્યેની આપણી ભક્તિ અને શક્તિનું પ્રતીક છે.

તુમિ વિદ્યા તુમિ ધર્મ,
તુમિ હૃદિ તુમિ મર્મ,
ત્વં હિ પ્રાણાઃ શરીરે।
બાહુ તે તુમિ મા શક્તિ,
હૃદયે તુમિ મા ભક્તિ,
તોમારઈ પ્રતિમા ગડિ મંદિરે મંદિરે॥

હે ભારતમાતા તું જ અમારી વિદ્યા, અમારો ધર્મ, અમારું હૃદય અને પ્રાણ છો. અમારા હાથોમાં રહેલી શક્તિ અને હૃદયમાં રહેલી ભક્તિ તું જ છે. તું જ દુર્ગા છે અને દરેક મંદિરમાં તારી જ (ભારતમાતાની) પ્રતિમા છે.

ગીતમાં રહેલા આવા ઓજસ્વી શબ્દો જ યુવાનોને રાષ્ટ્ર ભક્તિથી ઓતપ્રોત કરી દે છે.

આપના 'સાર્થક' મેગેઝીન દ્વારા ભારત રાષ્ટ્રને એક રાખવા માટે જે ગીતની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહી છે તે રાષ્ટ્રીય ગીત વિશે સામગ્રી એકત્રિત કરી અને તેને નવી યુવા પેઢી સુધી પહોંચાડવી એ આજના સમયની માંગ છે.

**ડૉ. રાજેશ વ્યાસ**
**ક્ષેત્રિય સંયોજક**
**વિદ્યાભારતી ઉચ્ચ શિક્ષા સંસ્થાન.**
**ગુજરાત પ્રાંત**

# શુભેચ્છા સંદેશ



માનનીય સંપાદક મંડળ,
'સાર્થક' મેગેઝીન

શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.ઍડ્. કોલેજ દ્વારા પ્રકાશિત થતા વાર્ષિક મુખપત્ર 'સાર્થક' ના વીસમાં અંક પ્રસંગે હાર્દિક અભિનંદન અને હૃદયપૂર્વક શુભેચ્છાઓ વ્યક્ત કરું છું. આ અંકનો મુખ્ય વિચાર 'વંદે માતરમ્@૧૫૦' માત્ર એક વિષય નથી, પરંતુ રાષ્ટ્રીય ચેતના, સાંસ્કૃતિક ગૌરવ અને આત્મસન્માનનો જીવંત પ્રતીક છે.

'વંદે માતરમ્' એ ભારતની સ્વાતંત્ર્યચેતનાનું સંગીત છે—એક એવો સ્વર, જેને અસંખ્ય સ્વતંત્રતા સેનાનીઓના હૃદયમાં ઊર્જા, ત્યાગ અને અડગ સંકલ્પ જગાવ્યો હતો. ૧૫૦ વર્ષની તેની યાત્રા આપણને માત્ર ઇતિહાસ યાદ કરાવતી નથી, પરંતુ આજના સમયમાં પણ રાષ્ટ્રપ્રેમને જીવંત રાખવાની પ્રેરણા આપે છે. આ વિચાર સાથે જોડાયેલો આ અંક, યુવાનોમાં દેશપ્રેમના મૂલ્યોને ગાઢ બનાવવામાં અને રાષ્ટ્રીય અસ્મિતાને મજબૂત કરવામાં નિશ્ચિતપણે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

શિક્ષણ એ માત્ર જ્ઞાન પ્રાપ્ત કરવાનો સાધન નથી, પરંતુ રાષ્ટ્રનિર્માણનું શક્તિશાળી સાધન છે. આવા સર્જનાત્મક પ્રકાશનો દ્વારા વિદ્યાર્થીઓમાં વિચારશક્તિ, અભિવ્યક્તિ અને સંવેદનશીલતાનો વિકાસ થાય છે.

'સાર્થક' જેવા મુખપત્રો વિદ્યાર્થીઓને માત્ર લેખન માટે પ્રેરતા નથી, પરંતુ તેમને જવાબદાર નાગરિક તરીકે ઘડવામાં પણ મહત્વપૂર્ણ યોગદાન આપે છે. આજના વૈશ્વિક યુગમાં જ્યારે યુવાનો વિવિધ પડકારોનો સામનો કરી રહ્યા છે, ત્યારે 'વંદે માતરમ્' જેવા

મૂલ્યોને ફરી જીવંત કરવાનો પ્રયત્ન અત્યંત સમયોચિત છે. આ અંક દ્વારા રાષ્ટ્રીય એકતા, સંસ્કૃતિ પ્રત્યે ગૌરવ અને કર્તવ્યનિષ્ઠાની ભાવના વધુ મજબૂત બનશે તેવી મારી આશા છે.

આ સુંદર આયોજન માટે કોલેજના સંચાલક મંડળ, આચાર્યશ્રી, સંપાદક મંડળ તથા સર્વ તાલીમાર્થીમિત્રોને અભિનંદન અને શુભેચ્છાઓ. 'સાર્થક' નો આ અંક ખરેખર પોતાના નામને અનુરૂપ બની સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવાનો માર્ગદર્શક સાબિત થાય તેવી શુભકામનાઓ સાથે...

વંદે માતરમ! જય હિંદ!

**ડૉ. રિદ્ધિ એસ. દેસાઈ**
**ઉપાધ્યક્ષ,**
**વિદ્યાભારતી ઉચ્ચ શિક્ષા સંસ્થાન,**
**ગુજરાત પ્રાંત**

# અનુક્રમણિકા



| ક્રમ | વિષય | રચયિતા | પૃષ્ઠ ક્રમ |
|---|---|---|---|
| ૧. | વિદ્યાભારતી ઉચ્ચ શિક્ષા સંસ્થાન પરિચય | - | ૧ |
| ૨. | અમારો પરિવાર | - | ૨ |
| ૩. | પ્રશિક્ષણાર્થી પ્રતિનિધિમંડળ | - | ૩ |
| ૪. | અધ્યાપકોની સિદ્ધિઓની ઝલક | - | ૪ |
| ૫. | ભાવિ શિક્ષકોનો સંકલ્પ: વંદે માતરમ્ મંત્રથી વિશ્વગુરુ ભારત તરફ | ડૉ. બિન્ની મહેતા | ૧૩ |
| ૬. | રાષ્ટ્રીય અસ્મિતાનો આધારસ્તંભ : વંદે માતરમ્ | પ્રા. ભાવિકા પટેલ | ૧૬ |
| ૭. | રાષ્ટ્ર ચેતનાનું અમર ગાન : વંદે માતરમ્ | ડૉ. અમીત સુરતી | ૧૮ |
| ૮. | તાલીમાર્થીથી રાષ્ટ્રનિર્માતા સુધી : શિક્ષક-પ્રશિક્ષણની નવી દિશા | પ્રા. સાગર ગાંધી | ૨૧ |
| ૯. | વંદે માતરમ્: ૧૫૦ વર્ષની ગૌરવશાળી યાત્રા | પ્રા. ખુશ્બુ પટેલ | ૨૫ |
| ૧૦. | અખંડ ભારતનો ધબકાર વંદે માતરમ્ | અંજલિ પાટીલ | ૨૭ |
| ૧૧. | રગ-રગમાં વંદે માતરમ્ | કરપટીયા અંજલિ | ૨૮ |
| ૧૨. | માતૃભૂમિ પ્રત્યેનો અખંડ પ્રેમ | વસાવા અર્પિતા | ૨૮ |
| ૧૩. | वंदे मातरम् @150 | बयाणी वैष्णवी | ૩૦ |
| ૧૪. | ગૌરવગાથા ભારતભૂમિની | પટેલ ભાવિશા | ૩૧ |
| ૧૫. | વંદે માતરમ્ અને રાષ્ટ્રીય એક્તા | ચૌધરી ભૂમિકા | ૩૨ |
| ૧૬. | માતૃભૂમિની વંદના: સમય બદલાયો, પણ ગુંજ આજે પણ એ જ છે | વસાવા રોશની | ૩૪ |
| ૧૭. | ભારતની રાષ્ટ્રીય ચેતનાનું પ્રતિક વંદે માતરમ્ | વસાવા મહેશ | ૩૬ |
| ૧૮. | Feeling Towards Vande Mataram | Smrutirekha Mandala | ૩૭ |
| ૧૯. | આવ્યો નવો અવસર આંગણે | બચ્છાવ હેમા | ૩૭ |
| ૨૦. | રાષ્ટ્ર ભાવનાનું પ્રતિક – વંદે માતરમ્ | જાનવી પટેલ | ૩૮ |
| ૨૧. | વંદે માતરમ્ આપણા દેશની એક્તા, અખંડિતતા અને ગૌરવનું પ્રતિક | સેજલ પાટિલ | ૩૯ |

| | | | |
|---|---|---|---|
| ૨૨. | वन्दे मातरम् अर्थात् राष्ट्रप्रेमी | पांडे आस्तुति | ४१ |
| ૨૩. | વંદે માતરમ્: ગઈકાલ, આજ અને આવતીકાલ | પ્રાચી પટેલ | ૪૩ |
| ૨૪. | वंदे मातरम् : भारत की आत्मा का अमर स्वर | योगेश तिवारी | ४४ |
| २५. | कहानी नई शरुआत की.. | रीना पखुर्दे | ४६ |
| २६. | भारत का तराना वंदे मातरम् | हर्षा सोनकुसरे | ४६ |
| ૨૭. | વંદે માતરમ્ @૧૫૦ : રાષ્ટ્રપ્રેમનું નવચેતન | ચૌધરી રોશની આર. | ૪૭ |
| ૨૮. | વંદે માતરમ્ @૧૫૦ : આપણી ગૌરવગાથા | વસાવા શ્વેતલ આર. | ૫૦ |
| ૨૯. | વંદે માતરમ્ એ ભારતીયોના હૃદયમાં દેશભક્તિની જ્યોત પ્રગટાવી | ચૌધરી હેમાક્ષી | ૫૧ |
| ૩૦. | વંદે માતરમ્ એક ધૂન જે એક ચળવળ બની | વસાવા જિજ્ઞાશા | ૫૩ |
| ૩૧. | સ્વાતંત્ર્ય સંગ્રામના 'વિસરાયેલા વીરો'ની ગાથા | યાદવ આરતી એ. | ૫૪ |
| ૩૨. | દેશપ્રેમનો અમર નાદ છે વંદે માતરમ્ | બડગુજર શ્રુતિ | ૫૬ |
| ૩૩. | वंदे मातरम् की पावन ध्वनि गूंजे नभ में बारम्बार | शर्मा इशिता | ૫૭ |
| ૩૪. | दिल से निकली आवाज़ है वंदे मातरम् | शर्मा तुलसी | ૫૭ |
| ૩૫. | वंदे मातरम वह शब्द है | सुनैना कश्यप रामबली | ૫૮ |
| ૩૬. | વંદે માતરમનો ગુંજ્યો મધુરનાદ | પરમાર રાજવીર | ૫૮ |
| ૩૭. | કૉલેજ દ્વારા આયોજિત વિવિધ સ્પર્ધાઓની વિગત | - | ૫૯ |
| ૩૮. | આંતર કૉલેજ અને યુવક મહોત્સવ સ્પર્ધાઓમાં વિજેતા થયેલા તાલીમાર્થીઓની વિગત | - | ૬૪ |
| ૩૯. | રમતોત્સવ - ૨૦૨૫માં થયેલ વિજેતાઓની યાદી | - | ૬૫ |
| ૪૦. | રમતોત્સવ - ૨૦૨૬માં થયેલ વિજેતાઓની યાદી | - | ૬૬ |
| ૪૧. | Result Analysis and Toppers Name | - | ૬૭ |
| ૪૨. | હાર્દિક ઋણાનુભવ | - | ૭૦ |
| ૪૩. | પ્રશિક્ષણાર્થીઓના નામ-સરનામાં વર્ષ : ૨૦૨૪-'૨૬ | - | ૭૧ |
| ૪૪. | વર્તમાનપત્રમાં અમારી કૉલેજ | - | ૭૮ |
| ૪૫. | અમારી સંસ્થાના મુલાકાતીઓના અભિપ્રાયો | - | ૭૯ |
| ૪૬. | હમારા લક્ષ્ય | - | ૮૦ |
| ૪૭. | વિવિધ કાર્યક્રમોની ઝલક કેમેરાની નજરે | - | |

# વિદ્યાભારતી ઉચ્ચ શિક્ષા સંસ્થાન પરિચય

વિદ્યાભારતી ૧૯૫૨ થી શિક્ષણના ક્ષેત્રમાં દેશમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહી છે. વિદ્યાર્થીઓને શિક્ષિત કરીને, તેમનામાં સામાજિક ચેતના સાથે સાંસ્કૃતિક અને નૈતિક મૂલ્યો કેળવીને, તે દેશ અને સમાજ માટે સક્ષમ અને સંપૂર્ણ પેઢીનું નિર્માણ કરી રહી છે. રાષ્ટ્રીય શિક્ષણ પ્રણાલીના આધારે એક સુમેળપૂર્ણ સમૃદ્ધ અને સંસ્કૃતિ રાષ્ટ્રનું નિર્માણ અને વિકાસ કરવાની અમારી પ્રતિબદ્ધતા છે. વિદ્યાભારતીનો કાર્યક્રમ અને પ્રવૃત્તિઓ સમાજ આધારિત અને સમાજની પ્રકૃતિ છે જેમાં ભારતીય શિક્ષણ ફિલસૂફીના આધારે વિદ્યાર્થીઓમાં જ્ઞાન, કૌશલ્ય અને પ્રેરણાનો વિકાસ કરીને સંપૂર્ણ વ્યકિતત્ત્વનું નિર્માણ કરવાનો સંકલ્પ છે. વિદ્યાભારતી સરસ્વતી શિશુ વાટિકા, સરસ્વતી શિશુમંદિર, સરસ્વતી વિદ્યામંદિર અને વરિષ્ઠ માધ્યમિક શાળાઓ ચલાવે છે. કુશળ અને કાર્યક્ષમ શિક્ષકો તૈયાર કરવા માટે ૨૫ શિક્ષક તાલીમ કોલેજો છે. આ ઉપરાંત, વિદ્યાભારતી દ્વારા સંચાલિત ૪૦ ડિગ્રી કૉલેજો પણ છે. આ રીતે શાળાના શિક્ષણની સાથે વિદ્યાભારતી ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં પણ કામ કરી રહી છે. આ કાર્યને સમાજમાં વ્યાપક સ્વીકૃતિ મળી છે.

વિદ્યાભારતી ઉચ્ચ શિક્ષા સંસ્થાનની સ્થાપના ગુણવત્તાયુક્ત શિક્ષણની વિભાવનાઓને સાકાર કરવા માટે કરવામાં આવી છે જેનો ઉદ્દેશ્ય ઉચ્ચ શિક્ષણના આદર્શ અને પ્રવૃત્તિઓને નિર્ધારિત કરવાનો છે. ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે સંસ્થાઓ સાથે સંપર્ક, સંવાદ અને સંકલન સ્થાપિત કરીને સકારાત્મક પરિવર્તન લાવવાની દિશામાં કામ કરવાની સખત જરૂર છે. વિદ્યાભારતી ઉચ્ચ શિક્ષા સંસ્થાન શ્રેષ્ઠ શિક્ષણ કેન્દ્રો બનાવવાનો પ્રયત્ન કરે છે જે પ્રાચીન અને આધુનિક પરંપરાગત અને બિનપરંપરાગતનું સંયોજન હશે.

# અમારો બી.એડ્. પરિવાર

## શૈક્ષણિક કર્મચારી



ડૉ. જયશ્રીબેન કાનાણી
M.A., B.Ed., M.Ed.
GSET, Ph.D.
કાર્યકારી પ્રધાનાચાર્યા



ડૉ. અમીતભાઈ સુરતી
M.Com., B.Ed.,
M.Ed. GSET, Ph.D.
આસિસ્ટન્ટ પ્રોફેસર



ડૉ. બિન્નીબેન મહેતા
M.Sc., B.Ed., M.Ed.
M.Phil, Ph.D.
આસિસ્ટન્ટ પ્રોફેસર



પ્રા. સાગરભાઈ ગાંધી
M.A., B.Ed., M.Ed.
GSET, (Ph.D.
Pursuing)
આસિસ્ટન્ટ પ્રોફેસર



પ્રા. અમૃતભાઈ વળવી
M.A., B.Ed., M.Ed.
GSET (Education &
Gujarati), (Ph.D.
Pursuing)
આસિસ્ટન્ટ પ્રોફેસર



પ્રા. ખુશ્બુબેન પટેલ
M.A., B.Ed., M.Ed.
એડહોક, આસિસ્ટન્ટ
પ્રોફેસર



પ્રા. ભાવિકાબેન પટેલ
M.Sc., B.Ed., M.Ed.
GSET, (Ph.D.
Pursuing)
આસિસ્ટન્ટ પ્રોફેસર

## બિનશૈક્ષણિક કર્મચારી



શ્રી ચંદ્રકાંતભાઈ શાહ
M.Com, B.Ed.
વ્યવસ્થાપકશ્રી



શ્રી વિપુલભાઈ પટેલ
B.Li.Sc., M.Li.Sc.,
GSET, NET, (Ph.D.
Pursuing)
લાઈબ્રેરીયન



શ્રીમતિ સુરભીબેન શાહ
B.Com., M.Com,
ક્લાર્ક



શ્રીમતિ અરૂણાબેન પટેલ
Std.10
સેવિકા બહેન

# બી.એડ્. પ્રશિક્ષણાર્થી પ્રતિનિધિમંડળ વર્ષ : ૨૦૨૪ -'૨૫

**અધ્યક્ષ :** ડૉ. જયશ્રીબેન કાનાણી(પ્રધાનાચાર્યા) **સામાન્ય મંત્રી :** પાટીલ વિશાલ

### સુશોભન અને રંગોળી સમિતિ

| | |
|---|---|
| **અધ્યાપક** | : ડૉ. જયશ્રીબેન કાનાણી<br>: પ્રા. સાગર ગાંધી |
| **પ્રમુખ** | : પાટીલ માનસી |
| **મંત્રી** | : દાસરે ભારતી |
| **સભ્ય** | : મકવાણી કીર્તિ, દેસાઈ<br>: પ્રિયા, સિંઘ પ્રિયંકા |

### બુલેટિન સમિતિ

| | |
|---|---|
| **અધ્યાપક** | : ડૉ. બિન્નીબેન મહેતા |
| **પ્રમુખ** | : ગામી અલ્પા |
| **મંત્રી** | : ચૌધરી વર્ષા |
| **સભ્ય** | : યાદવ અલ્કા, સોલંકી<br>: અવિનાશ, શર્મા નિશા |

### સાંસ્કૃતિક સમિતિ

| | |
|---|---|
| **અધ્યાપક** | : પ્રા. સાગર ગાંધી |
| **પ્રમુખ** | : કાયસ્થ પ્રિયા |
| **મંત્રી** | : બયાણી વૈષ્ણવી |
| **સભ્ય** | : રોહિત વૈશાલી,<br>: શાહ મુખ્તાર |

### રમત ગમત/ સ્વચ્છતા સમિતિ

| | |
|---|---|
| **અધ્યાપક** | : ડૉ. અમીત સુરતી<br>: પ્રા. ભાવિકા પટેલ |
| **પ્રમુખ** | : ઠાકોર નીરવ |
| **મંત્રી** | : ગુપ્તા ડિમ્પલ |
| **સભ્ય** | : શેખ જુનેદ,<br>: અંસારી સાહિસ્તા, ફાતેમા |

### બૌદ્ધિક અને પ્રવાસ સમિતિ

| | |
|---|---|
| **અધ્યાપક** | : પ્રા. અમૃત વળવી |
| **પ્રમુખ** | : ગામીત માનસી |
| **મંત્રી** | : ગુપ્તા પૂનમ |
| **સભ્ય** | : શેખ હમઝા |

### ગ્રંથાલય અને મેગેઝીન સમિતિ

| | |
|---|---|
| **અધ્યાપક** | : પ્રા. અમૃત વળવી<br>: પ્રા. ભાવિકા પટેલ |
| **પ્રમુખ** | : ગામીત એલિશા |
| **મંત્રી** | : સોલંકી મહેન્દ્ર |
| **સભ્ય** | : મૌર્ય અંજલી, પઠાન ઈન્સા |

### વંદના સમિતિ

| | |
|---|---|
| **અધ્યાપક** | : ડૉ. જયશ્રીબેન કાનાણી<br>: ડૉ. અમીત સુરતી |
| **પ્રમુખ** | : દેવરે મહેશ્વરી |
| **મંત્રી** | : બારોટ દર્શનભાઈ |
| **સભ્ય** | : સ્મૃતિરેખા, ભાગ્યશ્રી |

### ફોટોગ્રાફી અને ICT સમિતિ

| | |
|---|---|
| **અધ્યાપક** | : ડૉ. બિન્ની મહેતા<br>: પ્રા. અમૃત વળવી |
| **પ્રમુખ** | : પટેલ જયેશ<br>: ગુપ્તા જ્યોતિ |
| **મંત્રી** | : વસાવા રાહુલ<br>: ભટ્ટ વૈષ્ણવી |

### હિસાબ સમિતિ

**અધ્યાપક :** ડૉ. જયશ્રી કાનાણી, ડૉ. અમીત સુરતી **સામાન્ય મંત્રી :** પાટીલ વિશાલ

# અધ્યાપકોની સિદ્ધિઓની ઝલક

### ડૉ. જયશ્રી યુ. કાનાણી

1. ચિલ્ડ્રનસ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા પ્રકાશિત થતું માસિક સામાયિક "બાળવિશ્વ" ISSN No. 2584-1777, અંક : 4, જૂન : 2025માં "બાળકોએ કેવી ફિલ્મ જોવી જોઈએ?" વિષય પર લેખ પ્રકાશિત કર્યો હતો.
2. ચિલ્ડ્રનસ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા પ્રકાશિત થતું માસિક સામાયિક "બાળવિશ્વ" ISSN No. 2584-1777, અંક : 5, જૂલાઇ : 2025માં "વ્યક્તિત્વના પ્રકાર અનુસાર બાલઉછેર" વિષય પર લેખ પ્રકાશિત કર્યો હતો.
3. "Personalized Learning and Digital Pedagogy" શીર્ષક હેઠળ Department of Education,VNSGU દ્વારા તા. 08 થી 13 સપ્ટેમ્બર, 2025 ના રોજ  રોજ છ દિવસીય ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં ભાગ લીધો હતો.
4. "Cyber Security & Awareness" શીર્ષક હેઠળ Knowledge Consortium of Gujarat, Education Department, Government of Gujarat દ્વારા તા. 20 સપ્ટેમ્બર, 2025ના રોજ એક દિવસીય ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં ભાગ લીધો હતો.
5. NEP 2020 Orientation & Sensitization Programme શીર્ષક હેઠળ Malaviya Mission Teacher Training Programme (MM- TTP) Of UGC jointly Organized by J. Z. Shah Arts & H. P. Desai Commerce College, Amroli, Surat  તા. 18 થી 30 ડિસેમ્બર, 2025ના રોજ દસ દિવસીય  ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં ભાગ લીધો હતો.
6. Kanowledge Consortium of Gujarat – Gandhinagar  સાથે સંકલિત The Role of Education in the context with Ek Bharat Shreshth Bharat શીર્ષક હેઠળ Government B.Ed. College,Vansda,Navsari  દ્વારા તા. 13 ફેબ્રુઆરી, 2026 ના રોજ સ્ટેટ લેવલ સેમિનારનું આયોજન કર્યું હતું જેમાં સહભાગી થઈ સંશોધન પેપર રજૂ કર્યું હતું.
7. AI Foundations for Polytechnic & Engineering Faculty શીર્ષક હેઠળ Government Polytechnic for women, Kadapa  દ્વારા તા. 05 થી 07 માર્ચ, 2026 ના રોજ ઓનલાઈન ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં ભાગ લીધો હતો.

### ડૉ. બિન્નીબેન વી. મહેતા

1. 'Personalized Learning and Digital Pedagogy' શીર્ષક હેઠળ PM-USHA Sponsored Department of Education Veer Narmad South Gujarat University, Surat દ્વારા તા. ૦૮/૦૯/૨૦૨૫ થી ૧૩/૦૯/૨૦૨૫ દરમિયાન Faculty Development Program માં ભાગ લીધો હતો.

2. NEP-2020 Orientation & Sensitization Program શીર્ષક હેઠળ MMTTP IITE & Shrirang Shikshan Mahavidyalaya, Bilimora દ્વારા તા. ૧૫/૦૯/૨૦૨૫ થી ૨૩/૦૯/૨૦૨૫ દરમિયાન Faculty Development Program માં ભાગ લીધો હતો.
3. Examination Reforms શીર્ષક હેઠળ Examination Section Department of Education and IQAC of VNSGU દ્વારા તા. ૨૪/૦૯/૨૦૨૫ ના રોજ વર્કશોપમાં ભાગ લીધો હતો.
4. "વેકેશનનો સદુપયોગ" શીર્ષક હેઠળ શિક્ષણકુંજ - ઈ મેગેઝીન (દ્વિમાસિક સામાયિક) ના અંક : ૦૯ મે-જુન ૨૦૨૫ માં લેખ પ્રકાશિત થયેલ છે.
5. "બાળમાનસ પર ફિલ્મોની અસર" શીર્ષક હેઠળ બાળવિશ્વ- Children's Research University (સામાયિક- Peer Referred) (2584-1777) ના અંક: ૦૫ જૂન, ૨૦૨૫માં લેખ પ્રકાશિત થયેલ છે.
6. "બાળમાનસ પર ફિલ્મોની અસર" શીર્ષક હેઠળ બાળવિશ્વ- Children's Research University (સામાયિક- Peer Referred) (2584-1777) ના અંક: ૦૫ જૂન, ૨૦૨૫માં લેખ પ્રકાશિત થયેલ છે.
7. "બાળકને બુદ્ધિશાળીમાંથી વિચારશીલ બંનાવવાની કળા" શીર્ષક હેઠળ બાળવિશ્વ- Children's Research University (સામાયિક- Peer Referred) (2584-1777) ના અંક: ૦૧ જાન્યુઆરી, ૨૦૨૬માં લેખ પ્રકાશિત થયેલ છે.
8. "સુરત શહેરની ખાનગી માધ્યમિક શાળાના શિક્ષકોના વ્યાવસાયિક કાર્યસંતોષનો અભ્યાસ" શીર્ષક હેઠળ Journal of YTIF (An International Peer Reviewed & Referred Journal)(અંક: જાન્યુઆરી-માર્ચ ૨૦૨૬) (ISSN: 2395-6437) માં સંશોધન પેપર પ્રકાશિત થયેલ છે.
9. The Impact of Interactive Smart Boards on students' learning in Secondary Schools" શીર્ષક હેઠળ વી. ટી. ચોક્સી સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન, સુરત દ્વારા તા. ૦૯/૦૧/૨૦૨૬ ના રોજ રાષ્ટ્રીય કક્ષાના સેમિનારમાં ભાગ લીધો હતો.
10. "The Impact of Interactive Smart Boards on students' learning in Secondary Schools" શીર્ષક હેઠળ Journal of YTIF (An International Peer Reviewed & Referred Journal) (અંક: જાન્યુઆરી-માર્ચ ૨૦૨૬) (ISSN: 2395-6437) માં સંશોધન પેપર પ્રકાશિત થયેલ છે.
11. "Sardar Patel's Philosophy of National Unity : Reflections in NEP-2020" શીર્ષક હેઠળ વી. ટી. ચોક્સી સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન, સુરત દ્વારા તા. ૨૭/૦૨/૨૦૨૬ ના રોજ રાષ્ટ્રીય કક્ષાના સેમિનારમાં ભાગ લઈ સાંસોધન પેપર પ્રકાશિત કર્યું હતું.

12. "શિક્ષણ: વિવિધતામાં એકતાનો સેતુ (કાકાસાહેબ કાલેલકર અને મનુભાઈ પંચોળીની દ્રષ્ટિએ)" શીર્ષક હેઠળ વી. ટી. ચોક્સી સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન, સુરત દ્વારા તા. ૨૭/૦૨/૨૦૨૬ ના રોજ રાષ્ટ્રીય કક્ષાના સેમિનારમાં ભાગ લીધો હતો.
13. "ગણિત શિક્ષણમાં અનુકૂળિત અધ્યયન ટેકનોલોજીઓ" શીર્ષક હેઠળ L.N.K. College of Education, Patan દ્વારા તા. ૦૭/૦૩/૨૦૨૬ ના રોજ રાષ્ટ્રીય કક્ષાના સેમિનારમાં ભાગ લીધો હતો.
14. ડૉ. બિન્નીબેન મહેતાના માર્ગદર્શન હેઠળ સંશોધનાર્થીની રાકેશભાઈ ડી. પટેલએ "પ્રાથમિક શિક્ષણ કક્ષાએ ગુજરાતી વિષયના અધ્યાપણમાં કમ્પ્યુટર સહાયક કાર્યક્રમની રચના અને અજમાયશ" શીર્ષક પર શિક્ષણ વિદ્યાશાખા અંતર્ગત વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત દ્વારા તા. ૨૮ ઓગષ્ટ, ૨૦૨૫ ના રોજ પીએચ.ડી. ની ઉપાધિ પ્રાપ્ત થયેલ છે.
15. ડૉ. બિન્નીબેન મહેતાના માર્ગદર્શન હેઠળ સંશોધનાર્થીની નીમાબેન સોલંકી એ "Understanding of Personality from Ayurvedic perspective & its influence on study habits" શીર્ષક પર શિક્ષણ વિદ્યાશાખા અંતર્ગત વીર નર્મદ દક્ષિણ ગુજરાત વિશ્વવિદ્યાલય, સુરત દ્વારા તા. ૧૩ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ પીએચ.ડી. ની ઉપાધિ પ્રાપ્ત થયેલ છે.

### પ્રા. અમૃતભાઈ વી. વળવી

1. સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ ગુજરાત દ્વારા આયોજિત 'માલવીય મિશન ટીચર ટ્રેનિંગ પ્રોગ્રામ' (MM-TTP) અંતર્ગત ૨૬ મે થી ૩ જૂન, ૨૦૨૫ દરમિયાન 'NEP : 2020 Orientation & Sensitization Programme' વિષય પરના ૮ દિવસીય ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં ભાગ લીધો હતો.
2. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન, ગાંધીનગર દ્વારા આયોજિત 'માલવીય મિશન ટીચર ટ્રેનિંગ પ્રોગ્રામ' (MM-TTP) અંતર્ગત ૧૫ થી ૨૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ દરમિયાન 'NEP : 2020 Orientation & Sensitization Programme' વિષય પરના ૮ દિવસીય ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં ભાગ લીધો હતો.
3. PM-USHA અંતર્ગત 'Enhancing 21st Century Learning Skills' વિષય પર આયોજિત કાર્યશાળામાં, તા. 19-12-2025ના રોજ શિક્ષણ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે 'Teaching Tools for Next Generation Students' વિષય પર વ્યાખ્યાન આપ્યું.
4. શિક્ષણ વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે તા. 05-01-2026ના રોજ એમ.એડ્.ના તાલીમાર્થીઓને 'Canva Application: Presentation Making and Video Recording' વિષય પર પ્રાયોગિક તાલીમ પૂરી પાડી.

5. ડિપાર્ટમેન્ટ ઓફ ઈકોનોમિક્સ, VNSGU, સુરત દ્વારા આયોજિત અને PM-USHA MERU (Soft Component) પ્રાયોજિત 'One Day International Conference on Bridging Disciplines' માં, તા. 09-02-2026ના રોજ 'શિક્ષણમાં AI: ડિજિટલ યુગમાં શિક્ષણ પર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો પ્રભાવ' વિષય પર સંશોધન પત્ર રજૂ કર્યું.
6. વી.ટી. ચોક્સી સાર્વજનિક કૉલેજ ઓફ એજ્યુકેશન, સુરત ખાતે તા. 09-01-2026ના રોજ 'Gurukul to Google: Reimagining Indian Learning in the 21st Century' વિષયક નેશનલ સેમિનારમાં 'The Evolution of Education: A Journey from Gurukul Tradition to Google Classroom' વિષય પર સંશોધન પત્ર પ્રસ્તુત કર્યું.
7. સરકારી બી.એડ. કૉલેજ, વાંસદા ખાતે તા.13-02-2026ના રોજ 'The Role of Education in the Context of Ek Bharat Shreshth Bharat' વિષયક રાજ્ય કક્ષાના સેમિનારમાં 'ભારતીય જ્ઞાન પરંપરાના વિકાસમાં પ્રાદેશિક ભાષાની ભૂમિકા: એક અભ્યાસ' વિષય પર સંશોધન લેખ રજૂ કર્યો.
8. વી.ટી. ચોક્સી સાર્વજનિક કૉલેજ ઓફ એજ્યુકેશન, સુરત ખાતે તા. 27-02-2026ના રોજ 'Building Minds, Uniting Hearts: Sardar Patel's Unspoken Contribution to Indian Education' વિષયક નેશનલ સેમિનારમાં 'સરદાર પટેલના શૈક્ષણિક મૂલ્યો અને અખંડ ભારતની સંકલ્પના' વિષય પર સંશોધન પત્ર રજૂ કર્યું.
9. VNSGU Journal of Research & Innovation (Special Issue, July-2025, ISSN: 2583-584X) માં 'Innovative and Revolutionary Changes Through NEP-2020' અંતર્ગત 'ભારતીય ભાષા સંવર્ધનમાં વિદ્યાભારતી, ગુજરાત પ્રદેશ સંલગ્ન વિદ્યાલયોની ભૂમિકા: એક અભ્યાસ' શીર્ષક હેઠળ સંશોધન પત્ર પ્રકાશિત થયું.
10. ADHYAPAN (Peer Reviewed Multidisciplinary Journal, Vol-6, Issue-4, December-2025) માં 'મૂલ્ય શિક્ષણ અંગે શિક્ષણ મહાવિદ્યાલયના પ્રશિક્ષણાર્થીઓના અભિપ્રાયોનો અભ્યાસ' વિષય પર સંશોધન લેખ પ્રકાશિત કર્યો.
11. Journal of YTIF (ISSN: 2395–6437, Vol-11, Issue-01, Jan-March 2026) માં 'The Evolution of Education: A Journey from Gurukul Tradition to Google Classroom' શીર્ષક હેઠળ સંશોધન પત્ર પ્રકાશિત થયું.
12. International Multidisciplinary E-Journal (ISSN: 2277-4262, Impact Factor: 8.829, Vol-15, Issue-02, February-2026) માં 'ભારતીય જ્ઞાન પરંપરાના વિકાસમાં પ્રાદેશિક ભાષાની ભૂમિકા: એક અભ્યાસ' વિષય પર સંશોધન લેખ પ્રકાશિત થયો.

**પ્રા. ભાવિકા વી. પટેલ**

1. A Multidisciplinary Perspective VNSGU Journal of Research and Innovation, ISSN: 2583-584X, Special Issue, વર્ષ : જુલાઇ 2025 માં "નવું શૈક્ષણિક માળખું અને શિક્ષણની ગુણવત્તા" વિષય પર સંશોધન પેપર પ્રકાશિત કર્યું હતું.
2. MMTTP IITE & Shrirang Shikshan Mahavidyalaya Bilimora દ્વારા તારીખ 15 Sept. to 23 Sept. 2025 માં આયોજિત NEP 2020 Orientation & Sensitization Program સફળતાપૂર્વક પૂર્ણ કર્યો હતો.
3. દ્વિમાસિક સામાયિક "શિક્ષણકુંજ" અંક: 09, માસ: મે-જૂન, 2025માં "વેકેશન ખરેખર વેકેશન છે?" વિષય પર લેખ પ્રકાશિત કર્યો હતો.
4. દ્વિમાસિક સામાયિક "શિક્ષણકુંજ" અંક: 10, માસ: જુલાઇ-ઑગસ્ટ, 2025માં " બાળકોમાં વાચન ટેવ કઈ રીતે વિકસાવી શકાય?" વિષય પર લેખ પ્રકાશિત કર્યો હતો.
5. ચિલ્ડ્રનસ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા પ્રકાશિત થતું માસિક સામાયિક "બાળવિશ્વ" ISSN No. 2584-1777, અંક : 5, જૂલાઇ : 2025માં "વ્યક્તિત્વની ખીલવણીમાં શાળાની ભૂમિકા" વિષય પર લેખ પ્રકાશિત કર્યો હતો.
6. ચિલ્ડ્રનસ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા પ્રકાશિત થતું માસિક સામાયિક "બાળવિશ્વ" ISSN No. 2584-1777, અંક : ૧૦, ડિસેમ્બર : 2025માં "NEP-2020 અને ગિજુભાઈ બધેકાનું બાળકેન્દ્રી ચિંતન" વિષય પર લેખ પ્રકાશિત કર્યો હતો.
7. ચિલ્ડ્રનસ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા પ્રકાશિત થતું માસિક સામાયિક "બાળવિશ્વ" ISSN No. 2584-1777, અંક : ૧૧, જાન્યુઆરી : 2025માં "વિચારક્ષમતા પર AI ની અસર" વિષય પર લેખ પ્રકાશિત કર્યો હતો.
9. સરકારી બી. એડ્. કૉલેજ, વાંસદા દ્વારા આયોજિત A One Day State Level Seminar on The Role of Education in the Context with "Ek Bharat Shreshth Bharat" માં ઓનલાઈન સંશોધન પેપર રજૂ કર્યું હતું.
10. International Multidisciplinary e-Journal. (86-88) ISSN: 2277 4262, Vol-15, Issue-02, February - 2026. માં "એક ભારત શ્રેષ્ઠ ભારત માટે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP 2020) ની ભૂમિકા" શીર્ષક પર સંશોધન પેપર પ્રકાશિત કરેલ છે.
11. Journal of YTIF, ISSN :2395 – 6437, Year – 11, Issue – 01, Jan March 2026, From Gurukul to Google: Reimagining Pedagogical Practices in Teacher Education શીર્ષક પર સંશોધન પેપર પ્રકાશિત કરેલ છે.

**ડૉ. અમીતકુમાર બી. સુરતી**

1. A Multidisciplinary Perspective VNSGU Journal of Research and Innovation, ISSN: 2583-584X, Special Issue, વર્ષ : જુલાઇ 2025 માં The

Contribution of Technology in Education વિષય પર સંશોધન પેપર પ્રકાશિત કર્યું હતું.

2. MMTTP IITE & Shrirang Shikshan Mahavidyalaya Bilimora દ્વારા તારીખ 15 Sept. to 23 Sept. 2025 માં આયોજિત NEP 2020 Orientation & Sensitization Program સફળતાપૂર્વક પૂર્ણ કર્યો હતો.
3. ચિલ્ડ્રનસ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા પ્રકાશિત થતું માસિક સામાયિક "બાળવિશ્વ" ISSN No. 2584-1777, અંક : 4, જૂન : 2025માં "બાળકો માટે ફિલ્મ કેવી રીતે પસંદ કરશો?" વિષય પર લેખ પ્રકાશિત કર્યો હતો.
4. ચિલ્ડ્રનસ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા પ્રકાશિત થતું માસિક સામાયિક "બાળવિશ્વ" ISSN No. 2584-1777, અંક : 5, જૂલાઇ : 2025માં "બાળકના વ્યક્તિત્વ ઘડતરમાં માતાપિતાને માર્ગદર્શન" વિષય પર લેખ પ્રકાશિત કર્યો હતો.
5. ચિલ્ડ્રનસ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા પ્રકાશિત થતું માસિક સામાયિક "બાળવિશ્વ" ISSN No. 2584-1777, અંક : ૧૦, ડિસેમ્બર : 2025માં "શ્રી નાનાભાઇ ભટ્ટની દૃષ્ટિએ શિક્ષક અને શિક્ષણ" વિષય પર લેખ પ્રકાશિત કર્યો હતો.
6. સરકારી બી. એડ્. કૉલેજ, વાંસદા દ્વારા આયોજિત A One Day State Level Seminar on The Role of Education in the Context with "Ek Bharat Shreshth Bharat" માં ઓનલાઇન સંશોધન પેપર રજૂ કર્યું હતું.
7. International Multidisciplinary e-Journal. (86-88) ISSN: 2277-4262 Vol-15, Issue-02, February - 2026. માં "શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાનાં પ્રશિક્ષણાર્થીઓમાં જોવા મળતા મૂલ્યોનો અભ્યાસ" શીર્ષક પર સંશોધન પેપર પ્રકાશિત કરેલ છે.
8. Journal of YTIF, ISSN :2395 – 6437, Year - 11 Issue – 01, Jan -March 2026, Digital Transformation of the Indian Education System: A Theoretical Study in the Context of NEP 2020 શીર્ષક પર સંશોધન પેપર પ્રકાશિત કરેલ છે.
9. દક્ષિણ ગુજરાતની ઉત્તર બુનિયાદી વિદ્યાલયોમાં ICTનું અમલીકરણ અને સમસ્યાઓનો અભ્યાસ શીર્ષક ઉપર માર્ગદર્શક ડૉ. લાલજીભાઈ પી. પટેલ (નિવૃત્ત પ્રાધ્યાપક) અને સહ માર્ગદર્શક ડૉ. ભરતભાઈ એચ. જોશીના (વરિષ્ઠ પ્રાધ્યાપક) ના માર્ગદર્શન હેઠળ ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદમાંથી વર્ષ ૨૦૨૫ માં પીએચ.ડી.નો અભ્યાસ પૂર્ણ કર્યો.

### પ્રા. સાગર અનિલભાઈ ગાંધી

1. Children's Research University, Gandhinagar Journal of Horizons of Holistic Education, ISSN: 2349-9133, Volume 12, Issue 12.2, એપ્રિલ-જૂન-2025 માં Revamping Concept, Process and Outcomes of Evaluation at Early Childhood in Context of NEP-2020 વિષય પર સંશોધન પેપર પ્રકાશિત કર્યું હતું.

2. A Multidisciplinary Perspective VNSGU Journal of Research and Innovation, ISSN: 2583-584X, Special Issue, વર્ષ : જુલાઇ 2025 માં Innovative Pedagogical Approaches for Early Childhood Care and Education: Integrating NEP 2020 વિષય પર સંશોધન પેપર પ્રકાશિત કર્યું હતું.
3. MMTTP IITE & Central University of Gujarat, Gandhinagar દ્વારા તારીખ 12 March to 20 March 2025 માં આયોજિત NEP 2020 Orientation & Sensitization Program સફળતાપૂર્વક પૂર્ણ કર્યો હતો.
4. MMTTP IITE & Shrirang Shikshan Mahavidyalaya, Bilimora દ્વારા તારીખ 15 Sept. to 23 Sept. 2025 માં આયોજિત NEP 2020 Orientation & Sensitization Program સફળતાપૂર્વક પૂર્ણ કર્યો હતો.
5. ચિલ્ડ્રનસ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા પ્રકાશિત થતું માસિક સામાયિક “બાળવિશ્વ” ISSN No. 2584-1777, અંક : ૩, માર્ચ : 2025માં “પ્રારંભિક બાળઉછેર (ECCE) સંદર્ભે સલાહ અને માર્ગદર્શન” વિષય પર લેખ પ્રકાશિત કર્યો હતો.
6. ચિલ્ડ્રનસ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા પ્રકાશિત થતું માસિક સામાયિક “બાળવિશ્વ” ISSN No. 2584-1777, અંક : 4, જૂન : 2025માં “બાળકો માટે પ્રેરણાદાયી ચલચિત્રોના સંવાદો” વિષય પર લેખ પ્રકાશિત કર્યો હતો.
7. ચિલ્ડ્રનસ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા પ્રકાશિત થતું માસિક સામાયિક “બાળવિશ્વ” ISSN No. 2584-1777, અંક : 5, જૂલાઇ : 2025માં “વ્યક્તિત્વ નિર્માણના આધુનિક પડકારો” વિષય પર લેખ પ્રકાશિત કર્યો હતો.
8. ચિલ્ડ્રનસ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા પ્રકાશિત થતું માસિક સામાયિક “બાળવિશ્વ” ISSN No. 2584-1777, અંક : 6, ઓગસ્ટ : 2025માં “સર્જનાત્મકતા: બાળકને મળેલી ઈશ્વરીય ભેટ” વિષય પર લેખ પ્રકાશિત કર્યો હતો.
9. ચિલ્ડ્રનસ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા પ્રકાશિત થતું માસિક સામાયિક “બાળવિશ્વ” ISSN No. 2584-1777, અંક : ૯, ઓક્ટોબર-નવેમ્બર : 2025માં “ભારતીય સંદર્ભમાં વાર્તાનો ઈતિહાસ” વિષય પર લેખ પ્રકાશિત કર્યો હતો.
10. ચિલ્ડ્રનસ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા પ્રકાશિત થતું માસિક સામાયિક “બાળવિશ્વ” ISSN No. 2584-1777, અંક : ૧૦, ડિસેમ્બર : 2025માં “બાળકોના વિચારોની દુનિયા: જિન પિયાજેની દ્રષ્ટીએ” વિષય પર લેખ પ્રકાશિત કર્યો હતો.
11. ચિલ્ડ્રનસ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા પ્રકાશિત થતું માસિક સામાયિક “બાળવિશ્વ” ISSN No. 2584-1777, અંક : ૧૧, જાન્યુઆરી : 2025માં “NEP અને NCF સંદર્ભે ઉચ્ચ વૈચારિક કૌશલ્યોનું શિક્ષણ” વિષય પર લેખ પ્રકાશિત કર્યો હતો.

12. સરકારી બી. એડ્. કૉલેજ, વાંસદા દ્વારા આયોજિત A One Day State Level Seminar on The Role of Education in the Context with "Ek Bharat Shreshth Bharat" માં ઓનલાઇન સંશોધન પેપર રજૂ કર્યું હતું.
13. International Multidisciplinary e-Journal. (86-88) ISSN: 2277 4262 Vol-15, Issue-02, February - 2026. માં Language Learning in Early Childhood Care and Education and National Integration શીર્ષક પર સંશોધન પેપર પ્રકાશિત કરેલ છે.
14. Journal of YTIF, ISSN :2395 – 6437, Year - 11 Issue – 01, Jan March 2026, Gurukul Philosophy and Its Relevance to Early Childhood Education in the 21st Century શીર્ષક પર સંશોધન પેપર પ્રકાશિત કરેલ છે.
15. ચિલ્ડ્રનસ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા આયોજિત National Seminar on "Shifting Focus from Rote Learning to Conceptual Understanding: Examination Reforms as per NEP 2020" માં Play, Art and Music as Assessment Tools in Early Childhood Care and Education: A Theoretical Analysis વિષય પર ઓનલાઇન સંશોધન પેપર રજૂ કર્યું હતું.
16. ચિલ્ડ્રનસ રિસર્ચ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા આયોજિત International Conference on "Literature and Holistic Child Development: Multiform, Function, and Global Insights" માં Influence of Parenting Practices on Socio-Emotional Development in Early Childhood વિષય પર ઓનલાઇન સંશોધન પેપર રજૂ કર્યું હતું.

### પ્રા. ખુશ્બુબેન એચ. પટેલ

1. રાષ્ટ્રીય ઉચ્ચત્તર શિક્ષા અભ્યાસ (Rusa) અંતર્ગત વી. ટી. ચોક્સી સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન દ્વારા આયોજિત નેશનલ સેમિનારમાં "નાગરિક જવાબદારી માટે મૂલ્ય આધારિત શિક્ષણ એક સબળ રાષ્ટ્રનો પાયો" શીર્ષક પર સંશોધન પેપર રજૂ કર્યું હતું.
2. MMTTP IITE & Shrirang Shikshan Mahavidyalaya Bilimora દ્વારા તારીખ 15 Sept. to 23 Sept. 2025 માં આયોજિત NEP 2020 Orientation & Sensitization Program સફળતાપૂર્વક પૂર્ણ કર્યો હતો.
3. Education Department KCG, State Level દ્વારા આયોજિત "The Value of ChatGPT in Teaching & Learning" વિષય પર ઓનલાઇન વેબીનારમાં ભાગ લીધો હતો.
4. Education Department KCG, State Level દ્વારા આયોજિત "Women Rights" વિષય પર ઓનલાઇન વેબીનારમાં ભાગ લીધો હતો.

5. Education Department KCG, State Level દ્વારા આયોજિત “Making Classroom More Engaging and Effective” વિષય પર ઓનલાઈન વેબીનારમાં ભાગ લીધો હતો.
6. Journal of YTIF, ISSN :2395 – 6437, Year - 11 Issue – 01, Jan -March 2026, “શિક્ષણમાં ICT બ્લેકબોર્ડથી સ્માર્ટબોર્ડ સુધીની ક્રાંતિકારી સફર”શીર્ષક પર સંશોધન પેપર પ્રકાશિત કરેલ છે.



"નમન છે એ વીરોને જેમના કારણે આપણે આઝાદ છીએ, દેશ પ્રત્યેનું સમર્પણ એ જ સાચી ભક્તિ છે."

# ભાવિ શિક્ષકોનો સંકલ્પ: વંદે માતરમ્ મંત્રથી વિશ્વગુરુ ભારત તરફ

- ડૉ. બિન્નીબેન વી. મહેતા
આસિસ્ટન્ટ પ્રોફેસર

ભારતીય રાષ્ટ્રચેતનાના ઇતિહાસમાં અમુક શબ્દો કેવળ લિપિ નથી હોતા, પરંતુ તે યુગપરિવર્તક મંત્રો બની જતા હોય છે. ૧૮૭૦ના દાયકામાં ઋષિ બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયની અમર લેખિનીમાંથી પ્રગટેલું ‘વંદે માતરમ્’ આવો જ એક દૈવી મંત્ર છે, જેણે પરાધીન ભારતની નિદ્રાધીન પ્રજામાં આત્મગૌરવ અને ક્રાંતિની જ્યોત પ્રગટાવી હતી. આ ગીત માત્ર માતૃભૂમિની સ્તુતિ નથી, પરંતુ તે ભારતની ભવ્ય સાંસ્કૃતિક વિરાસતનો સાક્ષાત્કાર અને રાષ્ટ્ર પ્રત્યેના ઋણસ્વીકારની એક ગંભીર આધ્યાત્મિક પ્રક્રિયા છે. આજે જ્યારે આ અમર ઉદ્ઘોષ તેના ૧૫૦માં વર્ષમાં પ્રવેશી રહ્યો છે, ત્યારે 'વંદે માતરમ્' એ ભૂતકાળનું સ્મરણ માત્ર બનીને ન રહેતા, વર્તમાન પેઢી માટે રાષ્ટ્રનિર્માણનો પ્રેરણાપુંજ બને તે અનિવાર્ય છે.

એક શિક્ષણવિદ તરીકે આપણી જવાબદારી કેવળ માહિતીનું વહન કરવાની નહીં, પરંતુ ચારિત્ર્યવાન નાગરિકો તૈયાર કરવાની છે. શિક્ષણ એ સામાજિક પરિવર્તનનું સૌથી સક્ષમ શસ્ત્ર છે અને ‘વંદે માતરમ્’ એ પરિવર્તનની અંત:પ્રેરણા છે. ખાસ કરીને B.Ed. ના ભાવિ શિક્ષકો (તાલીમાર્થીઓ) માટે આ મંત્ર એક નૈતિક હોકાયંત્ર સમાન છે, જે તેમને સમજાવે છે કે વર્ગખંડની ચાર દીવાલોમાં ભારતનું ભવિષ્ય ઘડાઈ રહ્યું છે. જ્યારે એક શિક્ષક રાષ્ટ્રભક્તિથી ઓતપ્રોત થઈને વિદ્યાર્થીઓનું ઘડતર કરે છે, ત્યારે જ ભારત સાચા અર્થમાં ‘વિશ્વગુરુ’ બનવા તરફ ડગ માંડે છે. આ ૧૫૦ વર્ષની ગૌરવયાત્રા આપણને આહ્વાન કરે છે કે આપણે આપણી શૈક્ષણિક પ્રતિભાને ભારતમાતાના વૈભવ માટે સમર્પિત કરી, રાષ્ટ્રનિર્માણના આ મહાયજ્ઞમાં આહુતિ આપીએ.

## સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ અને શિક્ષકની દ્રષ્ટિ

“શિક્ષણનો અંતિમ ધ્યેય રાષ્ટ્ર નિર્માણ છે,
અને 'વંદે માતરમ્' એ રાષ્ટ્ર નિર્માણના
પાયાનો પ્રથમ મંત્ર છે.”

રાષ્ટ્રને કેવળ એક ભૌગોલિક એકમ માનવાને બદલે ‘વંદે માતરમ્’ ભારતને એક ‘જીવંત અસ્તિત્વ’ તરીકે પ્રસ્થાપિત કરે છે. સંઘની વિચારધારા મુજબ, ભારત એ માત્ર જમીનનો ટુકડો નથી, પણ સાક્ષાત્ ચિત્તી-શક્તિ છે. એક ભાવિ શિક્ષક તરીકે આપણે સમજવું પડશે કે વર્ગખંડમાં બેઠેલું દરેક બાળક એ ભારતમાતાનું લઘુસ્વરૂપ છે. બંકિમચંદ્રએ આ ગીતમાં ભારતની પ્રકૃતિ અને ભારતની રક્ષણશક્તિ બંનેનો અદભૂત સમન્વય કર્યો છે. આજના ભૌતિકવાદી યુગમાં, તાલીમાર્થીઓએ પોતાના વિદ્યાર્થીઓમાં આ ‘સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ’ની ભાવના જગાડવી

પડશે. જે રાષ્ટ્ર પોતાના મૂળિયાં અને સંસ્કૃતિ સાથે જોડાયેલું રહે છે, તે જ વિશ્વપટલ પર અજેય બની શકે છે.

**તાલીમાર્થીઓ માટે વ્યાવસાયિક અને રાષ્ટ્રીય જવાબદારી :**

શિક્ષણ જગત સાથે જોડાયેલા હોવાને નાતે આપણી જવાબદારી કેવળ અભ્યાસક્રમ પૂર્ણ કરવાની નહીં, પણ 'રાષ્ટ્રનિર્માતા' તૈયાર કરવાની છે. સ્વાતંત્ર્ય સંગ્રામમાં 'વંદે માતરમ્' ત્યાગનું પ્રતીક હતું, આજે તે શિક્ષકો માટે કર્તવ્યનિષ્ઠાનું પ્રતીક બનવું જોઈએ. ભાવિ શિક્ષક તરીકે તમારે એવા વિદ્યાર્થીઓ તૈયાર કરવાના છે જે તથ્યો અને તર્કો સાથે ભારતીય મૂલ્યોનું રક્ષણ કરી શકે. ભારત વિરોધી ભ્રમિત પ્રચારો સામે બૌદ્ધિક રીતે લડવાની ક્ષમતા કેળવવી એ આજના શિક્ષકની અનિવાર્યતા છે. શિક્ષક માટે વર્ગખંડમાં કોઈ જ્ઞાતિ કે ભેદભાવ નથી હોતા. 'વંદે માતરમ્' ગાતી વખતે જ્યારે આપણે ભારતમાતાને પ્રણામ કરીએ છીએ, ત્યારે તેના દરેક સંતાન પ્રત્યે સમાન ભાવ રાખવો અને "હિન્દુ સબ એક હૈ" ના મંત્રને વિદ્યાર્થીઓના હૃદયમાં રોપવો એ જ સાચી રાષ્ટ્રભક્તિ છે.

**વર્ગખંડ: રાષ્ટ્ર નિર્માણની પવિત્ર પ્રયોગશાળા :**

કોઈપણ રાષ્ટ્રનું ભાગ્ય તેની સંસદમાં નહીં, પરંતુ તેના વર્ગખંડોમાં ઘડાય છે. વર્ગખંડની ચાર દીવાલોની અંદર જ્યારે તમે ભાવિ નાગરિકોના માનસનું ઘડતર કરો છો, ત્યારે તમે માત્ર એક વિષય નથી ભણાવતા, પરંતુ અખંડ ભારતનું ભવિષ્ય કંડારી રહ્યા હો છો. એક શિક્ષક તરીકે તમે એવા 'બૌદ્ધિક મશાલચી' છો, જેમના જ્ઞાન અને સંસ્કારની જ્યોત આવતીકાલના ભારતના અંધકારને દૂર કરી તેને આલોકિત કરશે. 'વંદે માતરમ્' એ માત્ર સ્વતંત્રતા સંગ્રામનું ગીત નથી, પરંતુ રાષ્ટ્રીય ચારિત્ર્ય નિર્માણ માટેનો એક જીવંત અને પ્રેરણાદાયી અભ્યાસક્રમ છે.

અહીં એ સમજવું અનિવાર્ય છે કે જો શિક્ષક પોતે રાષ્ટ્રભક્તિના રંગે રંગાયેલો હશે, તો જ તે નવી પેઢીમાં દેશપ્રેમની અગ્નિ પ્રજ્વલિત કરી શકશે. B.Ed. ના તાલીમાર્થી તરીકે તમારે કેવળ શિક્ષણ પદ્ધતિઓ (Methods of Teaching) નથી શીખવાની, પરંતુ સંઘની વિચારધારામાં રહેલા શિસ્ત, લોકશાહી મૂલ્યો, અનુશાસન અને રાષ્ટ્ર પ્રત્યેની અડગ નિષ્ઠાને તમારા વ્યક્તિત્વનો હિસ્સો બનાવવાના છે. જ્યારે આ સંસ્કારો શિક્ષણની પ્રક્રિયામાં ભળશે, ત્યારે જ આપણા વર્ગખંડો સાચા અર્થમાં રાષ્ટ્રનિર્માણની પ્રયોગશાળા બનશે.

**અમૃતકાળનો સંકલ્પ: પરમ વૈભવ તરફ પ્રયાણ :**

આ ૧૫૦ વર્ષની યાત્રા આપણને 'વિકસિત ભારત @ ૨૦૪૭' ના લક્ષ્ય તરફ દોરી જાય છે. આ માટે ભાવિ શિક્ષકોએ પોતાના ચરિત્ર નિર્માણ પર વિશેષ ભાર મૂકવો પડશે. આપણું વ્યક્તિગત ચારિત્ર્ય એટલું ઉદાત્ત હોય કે તે વિદ્યાર્થીઓ માટે આદર્શ બને. સંઘની શાખા જેવું અનુશાસન અને સમયપાલન તમારા વ્યાવસાયિક

જીવનમાં ઉતરે તે આવશ્યક છે. આર્થિક સ્વાતંત્ર્ય વગર રાષ્ટ્રીય ગૌરવ અધૂરું છે, તેથી નવી શિક્ષણ નીતિ મુજબ વિદ્યાર્થીઓને કૌશલ્યલક્ષી અને સ્વાવલંબી બનાવવા એ પણ આજના સમયની શ્રેષ્ઠ 'માતૃવંદના' છે.

આપ સૌએ એવા યુવાનો તૈયાર કરવાના છે જે કેવળ નોકરી મેળવનાર નહીં, પણ રાષ્ટ્રના ભાગ્યવિધાતા બને. 'સુજલામ્ સુફલામ્' ના સ્વપ્નને સાકાર કરવા માટે પર્યાવરણની સુરક્ષા, જળ સંચય અને સેવાકાર્યોને પણ તમારે શિક્ષણના પ્રોજેક્ટ્સ તરીકે વિદ્યાર્થીઓ સુધી લઈ જવા પડશે. જ્યારે શિક્ષકો આધુનિક વિજ્ઞાન અને પ્રાચીન આધ્યાત્મિકતાનો સમન્વય કરશે, ત્યારે જ ભારત સાચા અર્થમાં 'વિશ્વગુરુ' ના શિખરે બિરાજમાન થશે.

**નિષ્કર્ષ:**

'વંદે માતરમ્' એ કેવળ ભૂતકાળનું સ્મરણ નથી, પરંતુ ભવિષ્યના ઉજ્જવળ ભારતનો પ્રેરણાપુંજ છે. એક ભાવિ શિક્ષક તરીકે આપણે એ વાત ક્યારેય ન ભૂલવી જોઈએ કે આપણા હાથમાં માત્ર પાઠ્યપુસ્તકો નથી, પરંતુ આ રાષ્ટ્રનું ભાગ્ય છે. આપણે એવા યુવાનો તૈયાર કરવાના છે જેમના મસ્તિષ્કમાં આધુનિક વિજ્ઞાન હોય અને હૃદયમાં ભારતની પ્રાચીન સંસ્કૃતિ અને રાષ્ટ્રભક્તિ ધબકતી હોય. ૧૫૦ વર્ષ પૂર્વે જાગેલી આ વૈચારિક જ્યોતને આપણે વર્ગખંડ સુધી લઈ જવાની છે, જેથી આવતીકાલનો નાગરિક સ્વ-હિત કરતા રાષ્ટ્ર-હિતને સર્વોપરી ગણે.

આ ગૌરવશાળી અવસરે, આપણે સૌ શિક્ષણવિદો અને તાલીમાર્થીઓ એવો દ્રઢ સંકલ્પ કરીએ કે આપણું જ્ઞાન, કૌશલ્ય અને ચારિત્ર્ય ભારતમાતાના ચરણોમાં અર્પણ કરીશું. જ્યારે શિક્ષણનો ઉદ્દેશ્ય કેવળ જીવિકા કમાવવાનો નહીં પણ જીવન ઘડતરનો અને રાષ્ટ્ર ઉત્થાનનો બનશે, ત્યારે જ ભારત પુનઃ સાચા અર્થમાં 'વિશ્વગુરુ' ના સિંહાસન પર બિરાજમાન થશે. આવો, રાષ્ટ્રભક્તિના આ અમર શંખનાદને આપણા કર્તવ્ય દ્વારા ગુંજતો રાખીએ.ચાલો, આ મંત્રને શ્વાસ બનાવીને ભારતમાતાના વૈભવ માટે સ્વયંને સમર્પિત કરીએ.

ભારત માતા કી જય!

વંદે માતરમ્!.

# રાષ્ટ્રીય અસ્મિતાનો આધારસ્તંભ : વંદે માતરમ્

- પ્રા. ભાવિકા વી. પટેલ
આસિસ્ટન્ટ પ્રોફેસર

"વંદે માતરમ્" – આ બે શબ્દો માત્ર ઉચ્ચાર નથી, પરંતુ ભારતની રાષ્ટ્રીય ચેતનાનો અવિનાશી સ્વર છે. બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય દ્વારા રચાયેલ અને આનંદમઠ નવલકથામાં સ્થાન પામેલ આ ગાન 150 વર્ષથી વધુ સમયથી ભારતીય જનમાનસમાં જીવંત છે. આ ગાનમાં રહેલો ભાવ, ભક્તિ અને બલિદાનનો સંદેશ તેને રાષ્ટ્રીય અસ્મિતાનો આધારસ્તંભ બનાવે છે.

**"વંદે માતરમ્!**
**સુજલાં સુફલાં મલયજ શીતલાં,**
**શસ્યશ્યામલાં માતરમ્!"**

આ પંક્તિઓમાં ભારતભૂમિનું જે ચિત્રણ છે તે માત્ર પ્રકૃતિનું વર્ણન નથી, પરંતુ એક જીવંત માતૃરૂપની અનુભૂતિ છે. "સુજલાં" અને "સુફલાં" શબ્દો સમૃદ્ધિનું પ્રતિનિધિત્વ કરે છે, જ્યારે "શસ્યશ્યામલાં" હરિયાળી અને જીવનશક્તિનું પ્રતીક છે. અહીં માતૃભૂમિ પ્રત્યેની કૃતજ્ઞતા અને ગૌરવનો ભાવ વ્યક્ત થાય છે. રાષ્ટ્રીય અસ્મિતા ત્યારે જ વિકસે છે, જ્યારે વ્યક્તિ પોતાની ધરતીને માત્ર ભૌગોલિક સીમા નહીં, પરંતુ જીવનદાયિ માતા તરીકે અનુભવે.

૧૯મી સદીમાં બ્રિટિશ શાસન હેઠળનો ભારત દેશ રાજકીય રીતે પરાધીન હતો. લોકોમાં અસંતોષ હતો, પરંતુ સંગઠિત ચેતનાનો અભાવ હતો. આવા સમયમાં "વંદે માતરમ્" એક માનસિક જાગૃતિનું સાધન બન્યું. 1905ના બંગાળ વિભાજન દરમિયાન આ ગાન સ્વદેશી આંદોલનનું પ્રેરક સૂત્ર બની ગયું.

**"હે માતૃભૂમિ!**
**તારી પવિત્ર ધરતી પર**
**અમારું જીવન અર્પણ."**

જ્યારે યુવાનો આ શબ્દો ગાતા, ત્યારે તેઓ માત્ર ગીત ગાતા નહોતા; તેઓ પોતાના અંતરાત્મામાં સ્વતંત્રતાનો સંકલ્પ પ્રગટાવતા હતા. બ્રિટિશ સરકાર દ્વારા આ ગાન પર પ્રતિબંધ મૂકવાનો પ્રયાસ એ દર્શાવે છે કે આ શબ્દોમાં કેટલી પ્રચંડ શક્તિ હતી.

**"ત્વં હિ દુર્ગા**
**દશપ્રહરણધારિણી,**
**કમલા કમલદલ વિહારિણી"**

આ પંક્તિઓમાં ભારતમાતાને શક્તિ અને સમૃદ્ધિના સ્વરૂપે રજૂ કરવામાં આવી છે. અહીં રાષ્ટ્રપ્રેમને આધ્યાત્મિક ઊંચાઈ આપવામાં આવી છે. માતૃભૂમિને દેવીરૂપે અનુભવવું એ તેના પ્રત્યેની શ્રદ્ધા અને જવાબદારી બંનેને મજબૂત બનાવે છે.

**"તું જ શક્તિ, તું જ ભક્તિ,**
**તું જ અમારું ગૌરવ;**
**તું જ પ્રેરણા, તું જ સંકલ્પ,**
**તું જ રાષ્ટ્રનો સ્વર."**

આ રીતે "વંદે માતરમ્" રાષ્ટ્રીય અસ્મિતાને માત્ર રાજકીય વિચાર સુધી મર્યાદિત રાખતું નથી, પરંતુ તેને સાંસ્કૃતિક અને આધ્યાત્મિક આધાર આપે છે. રાષ્ટ્રીય અસ્મિતા એ માત્ર એક ઓળખ નથી; તે સંસ્કૃતિ, ભાષા, પરંપરા અને મૂલ્યોનો સમૂહ છે. "વંદે માતરમ્" આ સમૂહચેતનાને એક સ્વર આપે છે.

સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન "વંદે માતરમ્" ક્રાંતિકારીઓ માટે જીવનમંત્ર બની ગયું. જાહેર સભાઓમાં, પ્રદર્શનોમાં અને જેલોમાં આ ગાન ગુંજતું. જ્યારે સ્વાતંત્ર્ય સેનાનીઓ ફાંસીના મંચ પર જતાં, ત્યારે તેમના હોઠ પર "વંદે માતરમ્"નો નાદ હતો.

**"બલિદાનની વેળાએ**
**એક જ ઉદ્ઘોષ –**
**વંદે માતરમ્!"**

આ શબ્દો માનસિક ગુલામી તોડવાનો સંકલ્પ હતા. રાજકીય સ્વાતંત્ર્ય મેળવતા પહેલા આંતરિક સ્વાભિમાન જાગૃત કરવો જરૂરી હતો, અને આ કાર્યમાં "વંદે માતરમ્"નું યોગદાન અદ્વિતીય છે.

સાહિત્યિક દૃષ્ટિએ આ રચના અલંકારિક અને સંગીતાત્મક છે. સંસ્કૃતનિષ્ઠ શબ્દપ્રયોગ અને ભાવમય લય તેને ચિરંજીવી બનાવે છે. જ્યારે કોઈ રચના રાષ્ટ્રીય ચેતનાને સ્પર્શે છે, ત્યારે તે સમયની સીમાઓને પાર કરી જાય છે.

**"શબ્દોમાં શક્તિ,**
**સ્વરમાં સંકલ્પ,**
**ભાવમાં ભક્તિ –**
**એ જ વંદે માતરમ્."**

ભારત જેવી વિવિધતાભર્યા દેશમાં રાષ્ટ્રીય પ્રતીકો અંગે ચર્ચા થવી સ્વાભાવિક છે. "વંદે માતરમ્" અંગે પણ સમયાંતરે ચર્ચાઓ થઈ છે. પરંતુ રાષ્ટ્રીય અસ્મિતાનો મૂળ ભાવ વિભાજન નહીં, પરંતુ એકતા છે. 1950માં તેને રાષ્ટ્રીય ગીત તરીકે માન્યતા આપવામાં આવી, જે તેની ઐતિહાસિક અને સાંસ્કૃતિક મહત્તાને સ્વીકારવાનો સંકેત છે.

આજના વૈશ્વિકીકરણના યુગમાં, જ્યારે યુવા પેઢી નવી તકનીકો અને વૈશ્વિક દૃષ્ટિકોણ સાથે આગળ વધી રહી છે, ત્યારે "વંદે માતરમ્" તેમને મૂળ્યોની યાદ અપાવે છે. દેશપ્રેમનો અર્થ માત્ર ભાવનાત્મક ઉછાળો નથી; તે કર્તવ્યનિષ્ઠા અને સામાજિક જવાબદારી છે.

**"દેશપ્રેમ એટલે**
**માત્ર શબ્દો નહીં,**
**પરંતુ કાર્યમાં પ્રતિબદ્ધતા."**

શિક્ષણ સંસ્થાઓમાં "વંદે માતરમ્"નો અભ્યાસ વિદ્યાર્થીઓમાં ઐતિહાસિક જાગૃતિ અને સંસ્કૃતિક ગૌરવ વિકસાવી શકે છે. પ્રાધ્યાપક તરીકે આપણી ફરજ છે કે વિદ્યાર્થીઓને સમજાવીએ કે રાષ્ટ્રીય અસ્મિતા સંકુચિત

વિચાર નથી; તે માનવતા અને સમાનતાનો આધાર છે.

**“અસ્મિતા એ ગૌરવ,**
**અસ્મિતા એ સંકલ્પ,**
**અસ્મિતા એ રાષ્ટ્રનું ચેતન.”**

૧૫૦ વર્ષ પછી પણ “વંદે માતરમ્”નો નાદ અખંડ છે. તે માત્ર ભૂતકાળની ગાથા નથી; તે વર્તમાનની ચેતવણી અને ભવિષ્યનો સંકલ્પ છે. જ્યારે આપણે “વંદે માતરમ્” બોલીએ છીએ, ત્યારે આપણે માત્ર શબ્દો ઉચ્ચારતા નથી; આપણે માતૃભૂમિ પ્રત્યેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરીએ છીએ.

**“વંદે માતરમ્ –**
**અખંડ ભારતનો સ્વર,**
**અસ્મિતાનો અડગ આધાર,**
**અને રાષ્ટ્રપ્રેમની અનંત જ્યોત.”**

આ રીતે “વંદે માતરમ્” ભારતની આત્માનો અવિનાશી સ્વર છે. તે સ્વાતંત્ર્ય સંઘર્ષનું પ્રેરણાસ્ત્રોત, સંસ્કૃતિનું પ્રતીક અને રાષ્ટ્રીય અસ્મિતાનો અડગ આધારસ્તંભ છે. તેના શબ્દોમાં ગૌરવ છે, તેના સ્વરમાં સંકલ્પ છે અને તેની ભાવનામાં એકતાનો પ્રકાશ છે. પેઢી દર પેઢી આ નાદ ભારતીય ચેતનાને જીવંત રાખતો રહેશે – અને રાષ્ટ્રભાવનાની જ્યોત સદૈવ પ્રગટ રાખશે.

## રાષ્ટ્ર ચેતનાનું અમર ગાન : વંદે માતરમ્

ડૉ. અમીત બી. સુરતી
આસિસ્ટન્ટ પ્રોફેસર

ભારતના રાષ્ટ્રગીત 'વંદે માતરમ્' ના નિર્માણને ૭ નવેમ્બર ૨૦૨૫ના રોજ ૧૫૦ વર્ષ પૂર્ણ થયા છે. આ ગીત માત્ર શબ્દોનો સમૂહ નથી, પરંતુ ભારત માતાની આરાધના સમાન એક અદ્વિતીય પ્રાર્થના છે, જેણે આઝાદીના જંગમાં લાખો ભારતીયોના હૃદયમાં રાષ્ટ્રપ્રેમની જ્યોત પ્રગટાવી હતી. ૧૯મી સદીમાં રચાયેલું આ ગીત આજે ૧૫૦ વર્ષ પછી પણ એટલું જ પ્રાસંગિક અને ઊર્જાવાન છે. તે ભારતની રાષ્ટ્રીય ઓળખ અને સામૂહિક ભાવનાનું એક કાયમી પ્રતીક બની રહ્યું છે.

### ગીતની રચના અને બંકિમચંદ્રની પ્રેરણા

'વંદે માતરમ્' ના રચયિતા બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય (ચેટર્જી) હતા, જેમને આધુનિક બંગાળી સાહિત્યના જનક માનવામાં આવે છે. તેમનો જન્મ ૨૭ જૂન ૧૮૩૮ના રોજ બંગાળના નૈહાટીમાં થયો હતો. તેઓ કલકત્તા યુનિવર્સિટીના પ્રથમ બે સ્નાતકોમાંના એક હતા અને બ્રિટિશ શાસન દરમિયાન ડેપ્યુટી મેજિસ્ટ્રેટ તરીકે ફરજ બજાવતા હતા.

આ ગીતની રચના અંગે એક રોચક કિસ્સો છે. ૧૮૭૫માં જ્યારે

બંકિમચંદ્ર શિવપુરથી કાઠલપરા સુધી ટ્રેનમાં મુસાફરી કરી રહ્યા હતા, ત્યારે બારી બહારના સુંદર પ્રાકૃતિક દ્રશ્યો જોઈને તેમને આ કવિતા સ્ફુરી હતી. અન્ય એક સંદર્ભ મુજબ, તેમની પુત્રીએ પૂછેલા પ્રશ્ન કે 'ભારત માતા કેવા છે?' તેના ઉત્તરરૂપે તેમણે આ કાવ્ય રચ્યું હતું. ૭ નવેમ્બર ૧૮૭૫ના રોજ અક્ષય નવમીના પવિત્ર દિવસે આ ગીતની રચના પૂર્ણ થઈ હોવાનું મનાય છે. આ ગીત અડધું સંસ્કૃત અને અડધું બંગાળી ભાષામાં રચાયેલું છે.

**'આનંદમઠ' નવલકથા અને પ્રસિદ્ધિ :** જોકે ગીત ૧૮૭૫માં રચાયું હતું, પરંતુ તે સૌપ્રથમ બંકિમચંદ્રની પ્રસિદ્ધ ઐતિહાસિક નવલકથા ‘આનંદમઠ’માં ૧૮૮૨માં પ્રકાશિત થયું હતું. આ નવલકથા ૧૭૭૦ના સંન્યાસી વિદ્રોહ અને બંગાળના ભયંકર દુષ્કાળની પૃષ્ઠભૂમિ પર આધારિત છે. નવલકથામાં 'સંતાન' નામના સંન્યાસીઓનું જૂથ માતૃભૂમિની સેવા માટે પોતાનું જીવન સમર્પિત કરે છે.

નવલકથામાં ભારત માતાના ત્રણ સ્વરૂપોનું વર્ણન છે: ૧. માતા શું હતી: દેવી જગદ્ધાત્રી, જે ભૂતકાળના વૈભવનું પ્રતીક છે. ૨. માતા શું બની ગઈ છે: દેવી કાલી, જે આર્થિક શોષણ અને દુઃખનું પ્રતીક છે. ૩. માતા શું હશે: દેવી દુર્ગા, જે ભવિષ્યના સમર્થ અને ગૌરવશાળી ભારતનું પ્રતીક છે.

**સ્વાતંત્ર્ય સંગ્રામમાં 'વંદે માતરમ્'ની ભૂમિકા**

૧૮૯૬માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના કલકત્તા અધિવેશનમાં રવીન્દ્રનાથ ટાગોરે સૌપ્રથમવાર આ ગીત જાહેરમાં ગાયું હતું. ત્યારથી આ ગીત સ્વાતંત્ર્ય સેનાનીઓ માટે આંદોલનની ગર્જના બની ગયું. ૧૯૦૫માં બંગાળના ભાગલા વિરોધી આંદોલન દરમિયાન 'વંદે માતરમ્' એક શક્તિશાળી રાજકીય સૂત્ર તરીકે ઉભરી આવ્યું. ૭ ઓગસ્ટ ૧૯૦૫ના રોજ કલકત્તામાં હજારો વિદ્યાર્થીઓએ આ નારા સાથે વિદેશી વસ્તુઓના બહિષ્કારનો સંકલ્પ લીધો હતો.

આ ગીતની અસર માત્ર ભારત સુધી સીમિત નહોતી. ૧૯૦૭માં મેડમ ભીખાઈજી કામાએ જર્મનીમાં પ્રથમવાર જે ભારતીય ધ્વજ ફરકાવ્યો હતો, તેના પર 'વંદે માતરમ્' શબ્દો અંકિત હતા. ક્રાંતિકારી મદનલાલ ઢીંગરા જ્યારે ૧૯૦૯માં ફાંસીના માંચડે ચડ્યા, ત્યારે તેમના છેલ્લા શબ્દો 'વંદે માતરમ્' હતા. બ્રિટિશ સરકારે આ ગીત પર પ્રતિબંધ મૂક્યો હતો અને તે ગાવા બદલ વિદ્યાર્થીઓને દંડ કે જેલની સજા પણ થતી હતી, તેમ છતાં તેની લોકપ્રિયતા વધતી જ રહી.

**સંગીતમય પ્રવાસ અને વિવિધ રાગ :** 'વંદે માતરમ્' ગીતે દોઢ સદીમાં અનેક સંગીતમય સ્વરૂપો ધારણ કર્યા છે.

તેની પ્રથમ ધૂન જદુનાથ ભટ્ટાચાર્યે 'રાગ મલ્હાર'માં તૈયાર કરી હતી. પાછળથી પંડિત વિષ્ણુ દિગંબર પળુસ્કરે તેને 'રાગ કાફી'માં ગાયું હતું. આઝાદીના દિવસે, ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ની મધરાતે અને વહેલી સવારે આકાશવાણી પરથી પંડિત ઓમકારનાથ ઠાકુરે આ ગીત રજૂ કર્યું હતું.

ભારતીય સિનેમામાં પણ આ ગીતનો પ્રભાવ જોવા મળે છે. ૧૯૫૨ની ફિલ્મ 'આનંદ મઠ'માં લતા મંગેશકરે ગાયેલું 'વંદે માતરમ્' અત્યંત લોકપ્રિય થયું. ત્યારબાદ એ. આર. રહેમાને ૧૯૯૭માં આ ગીતનું આધુનિક સંસ્કરણ રજૂ કર્યું, જેણે નવી પેઢીમાં પણ દેશભક્તિનો ઉત્સાહ જગાડ્યો.

**બંધારણીય દરજ્જો**

૨૪ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે બંધારણ સભામાં જાહેર કર્યું કે 'વંદે માતરમ્' ગીતે આઝાદીની લડતમાં જે ઐતિહાસિક ભૂમિકા ભજવી છે, તેને ધ્યાનમાં રાખીને તેને રાષ્ટ્રગીત 'જન ગણ મન' ની સમાન દરજ્જો અને સન્માન આપવામાં આવશે. આમ, તે ભારતનું 'રાષ્ટ્રીય ગાન' (National Song) બન્યું.

**૧૫૦મા વર્ષની રાષ્ટ્રવ્યાપી ઉજવણી (૨૦૨૫-૨૦૨૬)**

ભારત સરકાર દ્વારા ૭ નવેમ્બર ૨૦૨૫થી ૭ નવેમ્બર ૨૦૨૬ સુધી 'વંદે માતરમ્'ના ૧૫૦ વર્ષની ભવ્ય ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ ઉજવણી ચાર તબક્કામાં હાથ ધરવામાં આવી હતી.

- પ્રથમ તબક્કો: ૭-૧૪ નવેમ્બર ૨૦૨૫
- બીજો તબક્કો: ૨૬ જાન્યુઆરી ૨૦૨૬ (પ્રજાસત્તાક પર્વની આસપાસ)
- ત્રીજો તબક્કો: ૭-૧૫ ઓગસ્ટ ૨૦૨૬ (સ્વતંત્રતા પર્વ અને હર ઘર તિરંગા સાથે)
- ચોથો તબક્કો: ૧-૭ નવેમ્બર ૨૦૨૬ (સમાપન સપ્તાહ)

આ ઉજવણીના ભાગરૂપે ૭ નવેમ્બર ૨૦૨૫ના રોજ સવારે ૧૦ વાગ્યે સમગ્ર દેશમાં સામૂહિક વંદે માતરમ્ ગાનનું આયોજન કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ દિલ્હીના ઈન્દિરા ગાંધી સ્ટેડિયમ ખાતેથી આ વર્ષભરની ઉજવણીનો પ્રારંભ કરાવ્યો હતો. ગુજરાતમાં પણ તમામ સરકારી કચેરીઓમાં અધિકારીઓ અને કર્મચારીઓ હાજર રહીને આ ગાનમાં જોડાયા હતા.

"વંદે માતરમ્" માત્ર એક ગીત નથી, પણ રાષ્ટ્રના હૃદયનો ધબકાર છે. ૧૫૦ વર્ષ પછી પણ આ ગીતના શબ્દો ભારતની આત્મા સાથે અવિભાજ્ય રીતે જોડાયેલા છે. બંકિમચંદ્ર ચેટર્જીની આ અમર રચના આપણને એકતા, બલિદાન અને માતૃભૂમિ પ્રત્યેની અતૂટ ભક્તિનો સંદેશ આપે છે. આજના સમયમાં 'વંદે

માતરમ્'ની ભાવના આપણને એક વિકસિત અને આત્મનિર્ભર ભારત બનાવવા માટે પ્રેરણા પૂરી પાડે છે. ૧૫૦ વર્ષની આ યાત્રા સાબિત કરે છે કે રાષ્ટ્રપ્રેમની શક્તિ ક્યારેય ઓછી થતી નથી. વંદે માતરમ્!

## તાલીમાર્થીથી રાષ્ટ્રનિર્માતા સુધી : શિક્ષક-પ્રશિક્ષણની નવી દિશા

પ્રા. સાગર એ. ગાંધી
આસિસ્ટન્ટ પ્રોફેસર

ભારતની સ્વતંત્રતા યાત્રામાં "વંદેમાતરમ્" માત્ર એક ગીત નહોતું, પરંતુ તે રાષ્ટ્રભાવના, આત્મગૌરવ અને ત્યાગની પ્રેરણારૂપ ધ્વનિ હતી. આજે, "વંદેમાતરમ્@૧૫૦"ના પ્રસંગે જ્યારે આપણે શિક્ષણ અને રાષ્ટ્રનિર્માણ વચ્ચેના સંબંધને ફરી વિચારીએ છીએ, ત્યારે સ્પષ્ટ થાય છે કે કોઈ પણ રાષ્ટ્રની પ્રગતિનો આધાર તેની શિક્ષણવ્યવસ્થા અને ખાસ કરીને તેના શિક્ષકો પર ટકેલો હોય છે. શિક્ષક માત્ર જ્ઞાન આપનાર નથી; તે સંસ્કારનો સંવાહક, મૂલ્યોનો સંરક્ષક અને ભાવિ સમાજનો શિલ્પી છે.

આ સંદર્ભમાં શિક્ષક-પ્રશિક્ષણ (Teacher Education)નું મહત્ત્વ અત્યંત વધી જાય છે. બી.એડ્. તાલીમાર્થીઓ આજે માત્ર ડિગ્રી પ્રાપ્ત કરનારા વિદ્યાર્થી નથી, પરંતુ આવતીકાલના શિક્ષણતંત્રના દિશાનિર્ધારક છે. જો તાલીમ દરમિયાન તેમની અંદર રાષ્ટ્રીય ચેતના, માનવમૂલ્યો, વ્યાવસાયિક પ્રતિબદ્ધતા અને નવીન શૈક્ષણિક કુશળતાઓનું સંવર્ધન થાય, તો તેઓ સાચા અર્થમાં "રાષ્ટ્રનિર્માતા" બની શકે.

સંસ્કૃતમાં કહેવામાં આવ્યું છે કે...

"आचार्य देवो भव।"

અર્થાત્ આચાર્ય (શિક્ષક) દેવ સમાન માનવામાં આવે.

આ સૂક્તિ શિક્ષકના મહિમાને દર્શાવે છે, પરંતુ આજના સમયમાં પ્રશ્ન એ છે કે શું આપણે તાલીમાર્થીઓને તે સ્તર સુધી ઘડી રહ્યા છીએ? આ લેખમાં શિક્ષક-પ્રશિક્ષણની વર્તમાન પરિસ્થિતિ, પડકારો, નવી દિશાઓ અને તાલીમાર્થીને રાષ્ટ્રનિર્માતા બનાવવા માટેના માર્ગો પર ઊંડો વિચાર કરવામાં આવ્યો છે.

શિક્ષક-પ્રશિક્ષણનું તત્ત્વજ્ઞાન અને રાષ્ટ્રનિર્માણ

શિક્ષણનો અંતિમ હેતુ માત્ર રોજગાર પૂરું પાડવાનો નથી, પરંતુ જવાબદાર નાગરિક અને સંવેદનશીલ માનવી ઘડવાનો છે. શિક્ષક-પ્રશિક્ષણ એ એવી પ્રક્રિયા છે જે ભવિષ્યના શિક્ષકોને જ્ઞાન, કુશળતા, અભિગમ અને મૂલ્યો સાથે સજ્જ કરે છે.

રાષ્ટ્રનિર્માણની પ્રક્રિયા શાળાના વર્ગખંડથી શરૂ થાય છે. જ્યારે શિક્ષક વિદ્યાર્થીમાં પ્રશ્ન પૂછવાની હિંમત, વૈજ્ઞાનિક દ્રષ્ટિ, નૈતિકતા અને દેશપ્રેમ જગાવે છે, ત્યારે તે સીધો રાષ્ટ્રના ભવિષ્યને ઘડી રહ્યો હોય છે. તેથી તાલીમાર્થીને શરૂઆતથી જ સમજાવવું જરૂરી છે કે તેની ભૂમિકા "નોકરી" સુધી સીમિત નથી; તે એક સામાજિક જવાબદારી છે.

સંસ્કૃતનું એક પ્રસિદ્ધ વાક્ય અહીં સ્મરણમાં આવે છે...

"सा विद्या या विमुक्तये।"

(જે વિદ્યા મુક્તિ આપે તે જ સાચી વિદ્યા.)

શિક્ષક-પ્રશિક્ષણ એવી હોવી જોઈએ કે તાલીમાર્થી માત્ર પાઠ ભણાવવાની રીત નહીં, પરંતુ વિચારમુક્તિ અને માનવમુક્તિનો માર્ગ સમજે.

**વર્તમાન શિક્ષક-પ્રશિક્ષણની સ્થિતિ :** છેલ્લા કેટલાક વર્ષોમાં શિક્ષક-પ્રશિક્ષણ ક્ષેત્રમાં નોંધપાત્ર પરિવર્તનો આવ્યા છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - ૨૦૨૦ (NEP-2020) એ શિક્ષક શિક્ષણને કેન્દ્રસ્થાને રાખીને અનેક સુધારાઓ સૂચવ્યા છે. ચાર વર્ષીય સંકલિત બી.એડ્. કાર્યક્રમ, પ્રયોગાત્મક અભ્યાસ, શાળાસંલગ્નતા અને પ્રતિબિંબાત્મક અભ્યાસ (Reflective Practice) પર ભાર મૂકવામાં આવ્યો છે. તેમ છતાં કેટલીક વાસ્તવિકતાઓ ચિંતાજનક છે જેવી કે..

- ઘણી જગ્યાએ તાલીમ હજુ પણ સિદ્ધાંત કેન્દ્રિત છે.
- માઈક્રો-ટીચિંગ અને ઈન્ટર્નશિપ ઘણી વખત ઔપચારિકતા બની રહે છે.
- મૂલ્યઆધારિત શિક્ષણ અને રાષ્ટ્રભાવના પર પૂરતો ભાર નથી.
- ડિજિટલ પેડાગોજી અને ૨૧મી સદીની કુશળતાઓનું સંકલન અસમાન છે.

પરિણામે, કેટલાક તાલીમાર્થીઓ ડિગ્રી તો મેળવી લે છે, પરંતુ તેઓ વર્ગખંડની વાસ્તવિક પરિસ્થિતિઓને પડકાર તૈયાર નથી.

**તાલીમાર્થીને રાષ્ટ્રનિર્માતા બનાવવાના મૂળ તત્વો**

- **રાષ્ટ્રીય ચેતના અને સંવિધાનિક મૂલ્યો**

શિક્ષક-પ્રશિક્ષણમાં ભારતના સંવિધાનિક મૂલ્યો—ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને બાંધવતા—ને જીવંત બનાવવું આવશ્યક છે. તાલીમાર્થીએ "વંદેમાતરમ્"ની ભાવના માત્ર ગાવામાં નહીં, પરંતુ વર્તનમાં ઉતારવી જોઈએ. આ માટે નીચેના કેટલાક પ્રયત્નો અસરકારક બની શકે.

- સંવિધાન વાંચન સત્રો
- રાષ્ટ્રીય પ્રસંગોની અર્થસભર ઉજવણી

- સ્થાનિક હીરો અને અજાણી સ્વતંત્રતા સેનાનીઓ પર પ્રોજેક્ટ
- પ્રતિબિંબાત્મક અભ્યાસ (Reflective Practice)

સાચો શિક્ષક સતત પોતાનું મૂલ્યાંકન કરતો રહે છે. તાલીમાર્થીઓને "શિક્ષણ ડાયરી", "રિફ્લેક્શન નોટ્સ" અને "પિયર ફીડબેક" જેવી પ્રક્રિયાઓ સાથે જોડવાથી તેઓ વિચારશીલ શિક્ષક બની શકે.

- **પ્રયોગાત્મક અને અનુભૂતિમૂલક શિક્ષણ**

"ક્રિયા દ્વારા શિક્ષણ" (Learning by Doing) શિક્ષક-પ્રશિક્ષણનું હૃદય હોવું જોઈએ. શાળામાં લાંબી ઈન્ટર્નશિપ, સમુદાય કાર્ય અને ક્રિયાત્મક સંશોધન દ્વારા તાલીમાર્થી વાસ્તવિક સમસ્યાઓને સમજવા લાગે છે.

- **ટેક્નોલોજી સક્ષમ શિક્ષક ઘડતર**

ડિજિટલ યુગમાં શિક્ષક માટે ICT, AI આધારિત સાધનો, ઑનલાઈન મૂલ્યાંકન અને હાઈબ્રિડ શિક્ષણની સમજ અનિવાર્ય બની ગઈ છે. તાલીમાર્થી ટેક્નોલોજીનો સર્જનાત્મક ઉપયોગ શીખે તો શિક્ષણ વધુ અસરકારક બને.

- **માનવમૂલ્યો અને ભાવનાત્મક બુદ્ધિ**

જ્ઞાન સાથે સંવેદના ન હોય તો શિક્ષણ અધૂરું રહે છે. તાલીમાર્થીમાં સહાનુભૂતિ, ધીરજ, સમાવેશી દૃષ્ટિ અને નૈતિકતા વિકસાવવી જરૂરી છે.

## શિક્ષક-પ્રશિક્ષણમાં આવશ્યક નવી દિશાઓ

### (૧) સંકલિત અને આંતરવિષયક અભિગમ

આજનો વિશ્વ વિષયોની સરહદોને પાર કરી રહ્યો છે. શિક્ષક-પ્રશિક્ષણમાં કલા સંકલિત શિક્ષણ (AIE), પ્રોજેક્ટ આધારિત અભ્યાસ અને STEAM અભિગમને સ્થાન આપવું જોઈએ.

### (૨) સમુદાય સંલગ્નતા

તાલીમાર્થીએ શાળા બહારના સમાજને સમજવો જરૂરી છે. ગામ મુલાકાત, સંસ્થા મુલાકાત, સર્વે, સ્વચ્છતા અભિયાન, સાક્ષરતા અભિયાન વગેરે પ્રવૃત્તિઓથી તેની સામાજિક જવાબદારી વિકસે છે.

### (૩) સંશોધનમુખી અભિગમ

બી.ઍડ્. તાલીમાર્થીને નાનાં ક્રિયાત્મક સંશોધન, વ્યક્તિ અભ્યાસ અને માહિતીનું વિશ્લેષણ તરફ પ્રોત્સાહિત કરવું જોઈએ. સંશોધનમુખી શિક્ષક જ નવીનતા લાવી શકે.

### (૪) સમાવેશી શિક્ષણ પર ભાર

વિશેષ જરૂરિયાત ધરાવતા બાળકો, વિવિધ ભાષિક પૃષ્ઠભૂમિ અને સામાજિક વૈવિધ્યને સમજવાની તાલીમ આવશ્યક છે.

સંસ્કૃત સૂક્તિ આ ભાવને સુંદર રીતે વ્યક્ત કરે છે...

"वसुधैव कुटुम्बकम्।"

(આ સમગ્ર ધરતી એક કુટુંબ છે.)

શિક્ષક-પ્રશિક્ષણમાં આ ભાવના જીવંત બનવી જોઈએ.

**તાલીમાર્થીઓ સામેના મુખ્ય પડકારો**

આજના બી.એડ્. તાલીમાર્થી અનેક પ્રકારના દબાણો વચ્ચે પસાર થાય છે જેવા કે...

- નોકરીની અનિશ્ચિતતા
- વધતી સ્પર્ધા
- ટેક્નોલોજી સાથે તાદાત્મ્યનો અભાવ
- પ્રાયોગિક તાલીમ માટે મર્યાદિત તક
- મૂલ્યસંકટ અને વ્યવસાયિક થાક (Burnout)

જો તાલીમ સંસ્થાઓ માર્ગદર્શન, મેન્ટોરિંગ અને માનસિક સહાય પૂરી પાડે, તો તાલીમાર્થી વધુ આત્મવિશ્વાસ સાથે આગળ વધી શકે.

**શિક્ષક-પ્રશિક્ષણ સંસ્થાઓની જવાબદારી**

શિક્ષક-પ્રશિક્ષણની ગુણવત્તા મોટા ભાગે સંસ્થાની દ્રષ્ટિ અને સંસ્કૃતિ પર આધારિત હોય છે. સંસ્થાઓએ નીચેની કેટલીક બાબતો પર ખાસ ધ્યાન આપવું જોઈએ:

- જીવંત અને પ્રેરણાત્મક શૈક્ષણિક વાતાવરણ
- અનુભવી અને પ્રતિબદ્ધ ફેકલ્ટી
- શાળાઓ સાથે મજબૂત જોડાણ
- નવીન મૂલ્યાંકન પદ્ધતિઓ
- સતત વ્યાવસાયિક વિકાસ કાર્યક્રમો

સંસ્કૃતમાં કહેવામાં આવ્યું છે કે...

**“यथा राजा तथा प्रजा।”**

અહીં “રાજા”ને શિક્ષક-પ્રશિક્ષક તરીકે સમજીએ તો સ્પષ્ટ થાય છે કે તાલીમાર્થીનું ઘડતર તેના માર્ગદર્શક પર નિર્ભર છે.

**“વંદેમાતરમ્@૧૫૦” : તાલીમાર્થી માટે પ્રેરણાનો અવસર**

“વંદેમાતરમ્”ની ૧૫૦મી વર્ષગાંઠ માત્ર ઉજવણીનો પ્રસંગ નથી; તે આત્મમંથનનો અવસર છે. તાલીમાર્થીએ પોતાને નીચેના ત્રણ પ્રશ્નો પૂછવા જોઈએ કે...

1. શું હું માત્ર પાઠ ભણાવનાર બનીશ કે પ્રેરણાદાતા?
2. શું મારા વર્ગખંડમાં મૂલ્યો જીવંત રહેશે?
3. શું હું વિદ્યાર્થીમાં રાષ્ટ્રીય ગૌરવ અને વૈશ્વિક દૃષ્ટિ બંને વિકસાવી શકીશ?

જો આ પ્રશ્નોના હકારાત્મક ઉત્તરો મળે, તો તાલીમાર્થી સાચા અર્થમાં રાષ્ટ્રનિર્માતા બનવાની દિશામાં આગળ વધી રહ્યો છે.

આમ, રાષ્ટ્રનિર્માણ કોઈ એક દિવસની પ્રક્રિયા નથી; તે સતત ચાલતી સામાજિક યાત્રા છે. આ યાત્રામાં શિક્ષકનું સ્થાન માર્ગદર્શક દીપક સમાન છે. શિક્ષક-પ્રશિક્ષણ એ તે કાર્યશાળા છે જ્યાં આ દીપક તૈયાર થાય છે.

પ્રવર્તમાન સમયમાં બી.એડ્. તાલીમાર્થીઓને માત્ર પાઠ્યક્રમ પૂરું કરનાર વિદ્યાર્થી તરીકે નહીં, પરંતુ વિચારશીલ, સંવેદનશીલ, ટેક્નોલોજી

સક્ષમ અને રાષ્ટ્રપ્રતિબદ્ધ શિક્ષક તરીકે ઘડવામાં આવે તેની ખૂબ જ આવશ્યકતા છે. જ્યારે તાલીમમાં રાષ્ટ્રીય ચેતના, વૈજ્ઞાનિક દૃષ્ટિ, માનવમૂલ્યો અને નવીન પેડાગોજીનું સુમેળ સ્થાપિત થશે, ત્યારે "તાલીમાર્થીથી રાષ્ટ્રનિર્માતા સુધી"ની યાત્રા સકારાત્મક રીતે પૂર્ણ થશે.

અંતમાં એક પ્રેરક સંસ્કૃત વાક્ય સાથે વાત પૂર્ણ કરવી યોગ્ય લાગે છે...

**"उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत।"**

(ઉઠો, જાગો અને શ્રેષ્ઠતા પ્રાપ્ત કરો.)

આ લેખ દરેક બી.ઍડ્. તાલીમાર્થી માટે દીપસ્તંભ સમાન બની રહે એ જ "વંદેમાતરમ્@૧૫૦"ની સાચી ભાવાંજલિ ગણાશે.

## વંદે માતરમ્: ૧૫૦ વર્ષની ગૌરવશાળી યાત્રા

- પ્રા. ખુશ્બુ એચ. પટેલ
આસિસ્ટન્ટ પ્રોફેસર

ભારતની ધરતી પર જ્યારે જ્યારે સ્વાભિમાન અને રાષ્ટ્રભક્તિની વાત આવે છે, ત્યારે જે શબ્દ સૌથી પહેલા ગુંજે છે તે છે - 'વંદે માતરમ્'. બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય દ્વારા રચિત આ ગીત આજે તેના અસ્તિત્વના ૧૫૦ વર્ષ (૧૮૭૬-૨૦૨૬) પૂર્ણ કરી રહ્યું છે. આ માત્ર એક ગીત નથી, પરંતુ ભારતીય રાષ્ટ્રીયતાનો આત્મા છે. જે સમયે દેશ ગુલામીની સાંકળોમાં જકડાયેલો હતો, ત્યારે આ બે શબ્દોએ લાખો ભારતીયોમાં આઝાદીની જ્યોત પ્રગટાવી હતી. ૧૫૦ વર્ષની આ યાત્રા સંઘર્ષ, બલિદાન, શૌર્ય અને અતૂટ શ્રદ્ધાની યાત્રા છે.

ઈ. સ. ૧૮૭૦ના દાયકામાં બંગાળના ચિનસુરામાં બેસીને બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયે આ ગીતની રચના કરી હતી. તે સમયે બ્રિટિશ શાસન દ્વારા 'ગોડ સેવ ધ ક્વીન' ગાવાનું દબાણ કરવામાં આવતું હતું. તેના જવાબમાં બંકિમચંદ્રએ પોતાની માતૃભૂમિની સ્તુતિ કરતું આ અમર ગીત લખ્યું. ૧૮૮૨માં જ્યારે તેમની પ્રસિદ્ધ નવલકથા 'આનંદમઠ' પ્રકાશિત થઈ, ત્યારે તેમાં આ ગીતને કેન્દ્રીય સ્થાન આપવામાં આવ્યું. આ નવલકથા સન્યાસી વિદ્રોહ પર આધારિત હતી, જેમાં 'વંદે માતરમ્' એ ક્રાંતિકારીઓનો રણઘોષ હતો.

બંકિમચંદ્રએ આ ગીતમાં ભારતભૂમિને એક નિર્જીવ જમીનના ટુકડા તરીકે નહીં, પરંતુ એક સજીવ 'માતા' તરીકે આલેખી છે.

**સુજલામ્, સુફલામ્:** જે ભૂમિ જળથી સમૃદ્ધ છે અને ફળોથી લદાયેલી છે.

**મલયજશીતલામ્:** જ્યાં મલય પર્વતની શીતળ હવા વાય છે.

**શસ્યશ્યામલામ્ માતરમ્:** લીલાછમ ખેતરો ધરાવતી માતૃભૂમિ.

આ પ્રતીકવાદે ભારતીયોના મનમાં એક એવી છબી ઊભી કરી કે તેઓ પોતાની ધરતી માટે કંઈ પણ કરી છૂટવા તૈયાર થઈ ગયા. માતાના સન્માન માટે પુત્રોનું બલિદાન આપવાની ભાવના આ ગીતમાંથી જન્મી હતી.

૧૮૯૬માં રવીન્દ્રનાથ ટાગોરે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના કલકત્તા અધિવેશનમાં પહેલીવાર આ ગીત ગાયું હતું. ત્યારથી આ ગીત આઝાદીના આંદોલનનું અભિન્ન અંગ બની ગયું.

લોકમાન્ય તિલક અને લાલા લજપત રાય જેવા નેતાઓએ વંદે માતરમ્‌ને આખા ભારતનો નારો બનાવી દીધો. બંગાળના ભાગલા સામેના વિરોધમાં શેરીએ-શેરીએ વંદે માતરમ્ ગુંજતું હતું. ખુદીરામ બોઝ, ભગતસિંહ અને ચંદ્રશેખર આઝાદ જેવા ક્રાંતિકારીઓ ફાંસીના ફંદે ચડતી વખતે પણ 'વંદે માતરમ્' ના નારા લગાવતા હતા. બ્રિટિશ સરકારે આ ગીત ગાવા પર પ્રતિબંધ મૂક્યો હતો, જે તેના પ્રભાવની સાબિતી હતી.

૧૫૦ વર્ષ દરમિયાન વંદે માતરમ્ અનેક સુરાવલીઓમાં ગવાયું છે. રવીન્દ્રનાથ ટાગોરની મૂળ ધૂનથી લઈને પંડિત ઓમકારનાથ ઠાકુરની શાસ્ત્રીય ગાયકી અને આધુનિક સમયમાં એ. આર. રહેમાનના 'મા તુઝે સલામ' સુધી, આ ગીતે દરેક પેઢીના હૃદયમાં સ્થાન જાળવી રાખ્યું છે. એ. આર. રહેમાનનું વર્ઝન ૧૯૯૭માં આવ્યું જેણે ૨૧મી સદીના યુવાનોમાં રાષ્ટ્રવાદનો નવો ઉત્સાહ જગાડ્યો.

૨૪ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ, ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડો. રાજેન્દ્ર પ્રસાદે ઘોષણા કરી કે 'વંદે માતરમ્' ને ભારતના રાષ્ટ્રીય ગીત તરીકેનો દરજ્જો આપવામાં આવશે. તેને રાષ્ટ્રગીત 'જન-ગણ-મન' ની સમાન દરજ્જો આપવામાં આવ્યો છે. આજે સંસદના સત્રોની શરૂઆત કે પૂર્ણાહુતિ આ ગીત દ્વારા થાય છે, જે તેની ગરિમા દર્શાવે છે.

આજે ૧૫૦ વર્ષ પછી, જ્યારે ભારત 'વિકસિત ભારત @ ૨૦૪૭' ના લક્ષ્ય સાથે આગળ વધી રહ્યું છે, ત્યારે વંદે માતરમ્ વધુ પ્રાસંગિક બન્યું છે.

**સાંસ્કૃતિક એકતા:** આ ગીત ભાષા કે પ્રાંતના ભેદભાવ ભૂલાવીને ઉત્તરથી દક્ષિણ સુધીના ભારતીયોને જોડે છે.

**આત્મનિર્ભર ભારત:** ગીતમાં વર્ણવેલી સમૃદ્ધિ (સુજલામ્, સુફલામ્) આજે આત્મનિર્ભરતાના સંકલ્પ તરીકે જોવામાં આવે છે.

**નવી શિક્ષણ નીતિ (NEP):** બાળકોમાં નાનપણથી જ રાષ્ટ્રીય ગૌરવ જાગે તે માટે પાઠ્યપુસ્તકોમાં વંદે માતરમ્ ના ઈતિહાસને યોગ્ય સ્થાન આપવામાં આવી રહ્યું છે.

'વંદે માતરમ્' ના ૧૫૦ વર્ષ એ માત્ર એક ઉજવણી નથી, પરંતુ આપણી ભવ્ય વિરાસતનું પુનઃસ્મરણ છે. આ ગીતે આપણને શીખવ્યું કે રાષ્ટ્ર એ માત્ર નકશો નથી, પણ આપણી માતા છે. બંકિમચંદ્રના શબ્દોમાં જે ચેતના હતી, તે આજે પણ અકબંધ છે. ૧૫૦ વર્ષ પહેલાં આ ગીતે આઝાદી અપાવવામાં મદદ કરી હતી, તો આજે તે ભારતને વિશ્વગુરુ બનાવવાની પ્રેરણા આપી રહ્યું છે.

આ અમર ગીત આવનારી અનેક સદીઓ સુધી દરેક ભારતીયના લોહીમાં રાષ્ટ્રવાદના ધબકાર તરીકે જીવંત રહેશે.

## અખંડ ભારતનો ધબકાર વંદે માતરમ્

અંજલિ પાટીલ
સેમેસ્ટર : 2

વંદે માતરમ્ કહું તો શબ્દ નાનો પડી જાય,
કારણ કે તું તો લાગણી છે જે બોલ્યા વિના સમજાય જાય!
તું નકશામાં બંધાયેલો દેશ નથી,
તું તો મારા વિચારોમાં વહેતો સંકલ્પ છે!
માટી તારી હાથમાં લઈએ તો ધડકન બોલે છે,
આ ધરતી નથી આ તો શ્વાસ લેતો ભારત ડોલે છે!
હિમાલય ની ઊંચાઈ જેટલો ગર્વ છે તારો,
ગંગા જેવી પવિત્રતા, સાગર જેટલો ઉદાર ભાવ તારો!
ખેતરોમાં હસે છે સોનલ સ્વપ્નોના દાણા,
માટી તારી પાવન કરે વીરતાની વાતો શાણા!
તું મંદિરની ઘંટમાં, તું મસ્જિદની અજાન,
તુ ચર્ચની પ્રાર્થના, તું ગુરુદ્વારાનું ગાન!
જો ક્યારે મૌન છવાઈ જાય
તો પણ ભારત ચૂપ નથી,
એ મારી અંદર બોલતું રહે છે!
શહીદોના લોહીથી રંગાઈ તારી ધરતી,
એ લાલીમામાં લખાઈ ગઈ સ્વતંત્રતાની કીર્તિ!
ભાષા અનેક, વેશ અનેક, હૃદય એક જ તારું
વિભિન્નતામાં એકતા આ તો અદભુત સારુ!
150 વર્ષથી ગુંજે છે આ પાવન ગાન,
વંદે માતરમ્ બોલતા જ જાગે છે અભિમાન!

મન પ્રફુલ્લિત થાય, આંખ ભીની બની જાય,
ભારત માતાના નામે માથું આપોઆપ નમી જાય!
વંદે માતરમ્! વંદે માતરમ્!
પ્રાણથી પ્રિય છે તું, હે મારી જન્મભૂમિ પરમ!

## રગ-રગમાં વંદે માતરમ્

કરપટીયા અંજલિ
સેમેસ્ટર : 2

માતૃભૂમિની ભક્તિનો અવતાર છે,
વંદે માતરમ્,
દોઢ સદીથી ગુંજતો જયકાર છે,
વંદે માતરમ્.
કોઈ પૂછે કે 'હિન્દ' શું છે?
તો કહી દેજો તમે,
આપણા શ્વાસનો મધુર શણગાર છે,
વંદે માતરમ્.
ટોપ-ગોળા કે પ્રતિબંધો
રોકી શક્યા નહીં એને,
દરેક ક્રાંતિવીરની તલવાર છે,
વંદે માતરમ્.
નથી આ માત્ર શબ્દો, છે
લોહીમાં વહેતી સરિતા,
આપણી રગ-રગનો એક જ તાર છે,
વંદે માતરમ્.
બંકિમની એ કલમ અમર થઈ ગઈ છે
કાળમાં,
ભારતીની શક્તિનો સ્વીકાર છે,
વંદે માતરમ્.
ગુંજશે બ્રહ્માંડમાં ત્યાં સુધી ભારતનું નામ,
જ્યાં સુધી આઝાદીનો હૂંકાર છે,
વંદે માતરમ્.

## માતૃભૂમિ પ્રત્યેનો અખંડ પ્રેમ

વસાવા અર્પિતા
સેમેસ્ટર - 2

ભારતના રાષ્ટ્રીય જીવનમાં “વંદે માતરમ્” એક પ્રેરણાદાયી અને ગૌરવપૂર્ણ સ્થાન ધરાવે છે. આ અમર ગાનના રચયિતા મહાન સાહિત્યકાર બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય હતા. તેમણે આ ગીત પોતાની ઐતિહાસિક નવલકથા આનંદમઠ માં

સામેલ કર્યું હતું. "વંદે માતરમ્"નો સીધો અર્થ થાય છે – હે માતૃભૂમિ! હું તને નમન કરું છું.

આ ગીત માત્ર શબ્દોની રચના નથી, પરંતુ દેશપ્રેમ, આસ્થા અને સમર્પણની ગાથા છે. જ્યારે ભારત અંગ્રેજોના શાસન હેઠળ હતું, ત્યારે "વંદે માતરમ્" દેશભક્તો માટે પ્રેરણાસ્ત્રોત બની ગયું. સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન આ ગીતે લાખો ભારતીયોના હૃદયમાં સ્વાભિમાન અને એકતાની જ્યોત પ્રગટાવી. 1905ના બંગાળ વિભાજન સમયે લોકો રસ્તા પર ઉતરી "વંદે માતરમ્"નો જયઘોષ કરતા અને દેશપ્રેમ વ્યક્ત કરતા.

ગીતમાં માતૃભૂમિને હરિયાળી ખેતરો, શુદ્ધ જળ અને શીતળ પવનથી સમૃદ્ધ માતા તરીકે વર્ણવવામાં આવી છે. "સુજલાં સુફલાં" અને "શશ્ય શ્યામલાં" જેવા શબ્દો ભારતની કુદરતી સમૃદ્ધિ અને સૌંદર્યનું ચિત્રણ કરે છે. આ ગીત આપણને દેશની ધરતી પ્રત્યે ગર્વ અને આદરની ભાવના અનુભવાવે છે.

24 જાન્યુઆરી 1950ના રોજ સંવિધાન સભાએ "વંદે માતરમ્"ને રાષ્ટ્રીય ગીત તરીકે માન્યતા આપી. પ્રથમ બે સ્ત્રોને સત્તાવાર સ્વીકાર આપવામાં આવ્યો. આ માન્યતા એ સાબિત કરે છે કે "વંદે માતરમ્" ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામની આત્મા છે.

"વંદે માતરમ્ @150"નો અવસર માત્ર ઉજવણીનો નથી, પરંતુ આત્મચિંતનનો પણ છે. આજે જ્યારે આપણે સ્વતંત્ર અને પ્રગતિશીલ ભારતના નાગરિક છીએ, ત્યારે આપણી ફરજ છે કે દેશની એકતા, અખંડિતતા અને સંસ્કૃતિનું રક્ષણ કરીએ. સ્વચ્છતા જાળવવી, પર્યાવરણનું સંરક્ષણ કરવું, શિક્ષણ દ્વારા દેશની પ્રગતિમાં યોગદાન આપવું અને રાષ્ટ્રીય પ્રતિકોનો માન રાખવો – આ બધું માતૃભૂમિ પ્રત્યેના સાચા પ્રેમનું પ્રતિબિંબ છે.

અંતમાં, "વંદે માતરમ્" આપણને યાદ અપાવે છે કે દેશ માત્ર જમીનનો ટુકડો નથી, પરંતુ આપણું અસ્તિત્વ છે. માતા જેવી પવિત્ર આ ધરતી પ્રત્યેનો પ્રેમ અને સમર્પણ જ આપણા જીવનનો સર્વોચ્ચ ગૌરવ છે. અંતમાં, "વંદે માતરમ્" આપણને યાદ અપાવે છે કે દેશ માત્ર જમીનનો ટુકડો નથી, પરંતુ આપણું અસ્તિત્વ છે. માતા જેવી પવિત્ર આ ધરતી પ્રત્યેનો પ્રેમ અને સમર્પણ જ આપણા જીવનનો સર્વોચ્ચ ગૌરવ છે..

# वंदे मातरम् @ 150

बयाणी वैष्णवी
सेमेस्टर – 4

स्वाधीनता की श्वास, आत्मा की अनुगँज कभी-कभी इततहास शब्दों मं नहं, स्वर मं जीतवत रहता है।

"वंदे मातरम्" ऐसा ही एक स्वर है—जो डेढ़ शताब्दी से भारतीय चेतना की धड़कनं मं स्पंतदत हो रहा है। 150 वर्षों की यह यात्रा केवल समय की गणना नहं, बतकक भावनाओं, संघर्षों और स्वप्नं का तवस्तृत आकाश है।

उन्नीसवं शताब्दी का वह क्षण, जब बंतकमचंद्र चट्टोपाध्याय की कलम से "वंदे मातरम्" फूटा, मानो धरती ने स्वयं अपनी संतान को पुकारा हो। उनके उपन्यास आनंदमठ के पृष्ठं पर अंतकत यह गीत शीघ्र ही पुस्तक की सीमाओं को लँघकर जन-मन का घोर्षो बन गया। यह केवल कतवता नहं थी; यह पराधीन भारत की मौन वेदना का उच्चररत संककप था।

"मातरम्"—यह संबोधन तजतना कोमल है, उतना ही तवराट। इसमं खेतं की हररयाली है, नतदयं की शीतलता है, पववतं की अतडगता है और संतानं के त्याग का तेज भी। जब स्वतंत्रता सेनानी इस मंत्र को उच्चाररत करते थे, तब वह शब्दो नहं, आत्मबल का शंखनाद होता था। फँसी के तख़्ते पर खड़े युवक के अधरं पर यतद मुस्कान थी, तो उसकी जड़ मं यही पुकार थी—"वंदे मातरम्।"

समय बदला, पर स्वर नहं बदला। सभागारं मं, तवद्यालयं मं, आंदोलनं मं—यह गीत एक सेतु की तरह पीतढ़यं को जोड़ता रहा। 150 वर्षों बाद भी जब यह ध्वतन गूँजती है, तो मानो इततहास वतवमान के कंधे पर हाथ रखकर कहता है—"अपनी जड़ं को मत भलूो।"आज का भारत तकनीक, तवज्ञान और वैतश्वक संवाद का भारत है। परंतु आधुतनकता की इस चकाचंध मं भी "वंदे मातरम्" हमं स्मरण कराता है तक हमारी पहचान केवल प्रगतत से नहं, बतकक संस्कार से बनती है। यह गीत हमं तसखाता

है तक राष्ट्रप्रेम कोई आक्रोश नहं, बतकक करुणा और कतवव्य की सतममतलत चेतना है।

"वंदे मातरम्@150" एक उत्सव अवश्य है, पर उससे अतधक आत्ममंथन का क्षण है। क्या हम उस पुकार की गररमा को समझते हं? क्या हम अपनी मातृभतूम के प्रतत वही तनष्ठा रखते हं, जो हमारे पवूवजं ने रखी थी? यतद इन प्रश्नों का उत्तर खोजने की चेष्टा भी हमारे भीतर जागे, तो यही इस 150वं यात्रा का सच्चा सममान होगा।

अंततः, "वंदे मातरम्" तकसी कालखंड मं सीतमत नहं-यह तनरंतर प्रवातहत होने वाली सररता है। जब तक भारत की माटी मं संतानं का प्रेम रहेगा, तब तक यह स्वर अमर रहेगा।

वंदे मातरम् - केवल उद्घोर्षो नहं, हमारी आत्मा का अनश्वर आलोक है।

"आस्था भी तू, अतभमान भी तू - मेरी माँ, वंदे मातरम्।"

## ગૌરવગાથા ભારતભૂમિની

પટેલ ભાવિશા
સેમેસ્ટર :- 2

જય મા ભારતી
મા ભારતી, ભારતભૂમિ,
સ્વર્ગથી પણ મહાન તારી શોભા છે.
તારા અંચળે વસે સંસ્કૃતિ,
તારી મમતા અમૂલ્ય અનમોલ છે.
મા ભારતી,
રામકૃષ્ણ પરમહંસ જેવી પવિત્ર આત્માની ભૂમિ,
જ્યાં ભક્તિ અને આધ્યાત્મનો પ્રકાશ ફેલાયો.
ફળદ્રુપ ધરતી, વહેતી નદીઓ,
રણપ્રદેશ અને ગાઢ જંગલોની શાન;
બરફથી ઢંકાયેલા પર્વતો ગાય છે,
તારી મહિમાનો ગાન.
રાજા ભરતના નામે ઓળખાયું,
આપડું પવિત્ર દેશ – ભારત.
અહિં જન્મ્યા યોગ અને આયુર્વેદ,
અહિં શોધાયું વિશ્વને શૂન્યનો ઉપહાર.
અહિં પ્રગટ્યા ભગવાન મહાવીર અને ગૌતમ બુદ્ધ,
શાંતિ અને અહિંસાના દીપ પ્રગટાવનાર.
અહિં જન્મ્યા છત્રપતિ શિવાજી મહારાજ,
અને મહારાણી લક્ષ્મીબાઈ જેવી વિરાંગનાઓ;
જેઓએ શૌર્ય અને બલિદાનથી
ઈતિહાસને અમર બનાવ્યો.
આ પવિત્ર ભૂમિને લાખ લાખ વંદન,
મારા હૃદયથી નમન કરું છું.
ગૌરવ છે કે હું તારી સંતાન છું –
ભારત માતાકી જય....!

# વંદે માતરમ્ અને રાષ્ટ્રીય એક્તા

ચૌધરી ભૂમિકાબેન એ.
સેમેસ્ટર :- 2

"રાષ્ટ્રની જય ચેતનાનું ગાન વંદે માતરમ્,
રાષ્ટ્રભક્તિ પ્રેરણાનું ગાન વંદે માતરમ્,
વંદે માતરમ્! વંદે માતરમ્! વંદે
માતરમ્! વંદે માતરમ્! "

"વંદે માતરમ્" માત્ર એક ગીત નથી, પરંતુ તે રાષ્ટ્રની ચેતનાનું ગાન, રાષ્ટ્રભક્તિ પ્રેરણાનું ગાન અને આત્માની અભિવ્યક્તિ છે. વંદે માતરમ્ ગીતમાં દેશપ્રેમ, લાગણી, ભાવ, આક્રોશ અને માતૃભૂમિ પરની દેશ ભક્તિ અને રાષ્ટ્રીય એકતાનો અનોખો સબંધ છુપાયેલો છે. જયારે પણ આપણે " વંદે માતરમ્" ગીતનું ગાન કરીએ છીએ, ત્યારે તે માત્ર ગવાતું જ નથી કે માત્ર શબ્દો જ બોલતા નથી, પરંતુ પોતાની જન્મભૂમિ પ્રત્યે આદર, માન, સન્માન, સમર્પણ અને ગૌરવ વ્યક્ત કરે છે. "વંદે માતરમ્" ગીતને ભારતીય લોકોએ સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન લાખો લોકોને એકત્રિત કર્યાં અને રાષ્ટ્રીય એકતાનો મજબૂત આધાર બનાવાયો.

"વંદે માતરમ્" ના સર્જક બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય હતા. તેમણે આ ગીત ૧૮૭૦ના સમયગાળમાં રચ્યું હતું. અને તે તેમના નવલકથા 'આનંદમઠ' માં સમાવાયું હતું. તે સમય ગાળા દરમિયાન ભારત અંગ્રેજ શાસન હેઠળ ચાલતું હતું. અને આ ગીત દ્વારા લોકોમાં સ્વતંત્રતાની ભાવના વિકસી હતી. "વંદે માતરમ્" એ અંગ્રેજો સામે યુદ્ધ લડવા માટે સેનાનીઓ માટે રાષ્ટ્રભક્તિનું પ્રેરણાસ્ત્રોત બન્યું. જ્યારે લોકો આ ગીત ગાતા, ત્યારે તેઓમાં એકતા, સાહસ અને દેશપ્રેમની ભાવનાઓ અને ઊર્જા પેદા થતી.

**"વંદે માતરમ્" માત્ર શબ્દ નથી, તે સંઘર્ષમાં ઊભા રહેવાની શક્તિ છે."**

એકતા હોય તો કોઈ પણ કાર્ય સફળ થઈ શકે છે. રાષ્ટ્રીય એકતા એ કોઈપણ દેશની સૌથી મોટી શક્તિ છે. ભારત વિવિધતામાં એકતા ધરાવતો દેશ છે. ભારત દેશમાં અનેક ભાષાઓ, બોલીઓ, પરંપરાઓ, રીતિ- રિવાજો અને સંસ્કૃતિઓ જોવા મળે છે. છતાંય "વંદે માતરમ્" જેવા રાષ્ટ્રીય ગીતો આ વિવિધતામાં એકતા લાવે છે. આ ગીત માતૃભૂમિને દેવીરૂપે દર્શાવે છે. "વંદે માતરમ્" ગીતમાં સુજલામ, સુફલામ અને સાયમલા અને હરિત ભૂમિ તરીકે વિવિધ બાબતોનો ઉલ્લેખ થયો છે. જયારે આપણે દેશને માતા તરીકે માનીએ છીએ, ત્યારે ધર્મ, જાતિ અને અલગ અલગ પ્રાંત, દેશ અને રાજ્યોના ભૂલીને આપણે એક સંતાન તરીકે જોડાઈએ છીએ. તેવી ભાવના,

લાગણીઓ વિકસે છે. અને એકતાની ભાવના વિકસે છે.

ભારતીય આંદોલની દરમિયાન “વંદે માતરમ્” એક શક્તિશાળી નારો બની ગયો હતો. સેનાનીઓ જ્યારે બ્રિટિશ શાસન સામે વિરોધ કરતા, ત્યારે તેઓ “ વંદે માતરમ્”ના નારા સાથે આગળ વધતા હતા. આ નારાએ લોકોને નિર્ભય બન્યાં અને દેશ માટે બલિદાન આપવા માટે પ્રેરિત કર્યા હતાં. આ ગીત યુવાનો, સ્ત્રીઓ અને વૃદ્ધો- બધાંને એક જ સરખી શક્તિ, ઊર્જા, ભાવના, આક્રોશ અને સરખી હિંમત અને એકતા વિકસાવીને બધાને એક સૂત્રમાં બાંધ્યા. આ રીતે “વંદે માતરમ્” રાષ્ટ્રીય એકતાનું પ્રતીક બની ગયું. અને બધાને સાહસ, એકતા, અને ભાવના જગાવી હતી.

**“વંદે માતરમ્ નો નાદ ગુજે છે. ત્યારે ભય ભાગી જાય અને એકતા, સાહસ જન્મે”**

રાષ્ટ્રીય એકતા માત્ર સંગ્રામ પૂરતી મર્યાદિત નથી. આજના સમયમાં પણ તેની ખૂબ જ જરૂરી છે. જ્યારે દેશમાં કુદરતી આફતો આવે છે, સામજિક સમસ્યાઓ ઊભી થાય છે. અથવા કોઈ બાહ્ય આક્રમણ, લડાઈ થાય છે. ત્યારે દેશવાસીઓ એકતા હોવી ખૂબ જરૂરી છે. “વંદે માતરમ્” આપણને યાદ અપાવે છે. કે આપણે સો એક જ માતૃભૂમિ સંતાનો છીએ.આ ભાવના આપણને પરસ્પર સહયોગ, સહાનુભૂતિ તરફ દોરી જાય છે.

આજના સમયમાં વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રીય એકતા વિકસવામાં પણ “વંદે માતરમ્” મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. શાળાએમાં પ્રાર્થના સમયે અથવા રાષ્ટ્રીય તહેવારો પર આ ગીત ગવાતું હોય છે. તે વિદ્યાર્થીઓના મનમાં દેશપ્રેમ અને જવાબદારીની ભાવના વિકસાવે છે. જ્યારે નાનપણથી જ બાળકોને દેશપ્રેમ મૂલ્યો શીખવામાં આવે, ત્યારે તેઓ ભવિષ્યમાં સારા નાગરિક બને છે. રાષ્ટ્રીય એકતા મજબૂત બનવાથી દેશોનો બધો જ વિકાસ શક્ય બને છે.

અંતમાં કહી શકાય કે “વંદે માતરમ્” માત્ર રાષ્ટ્રીય ગીત નથી, પરંતુ રાષ્ટ્રીય એકતાનો પ્રાણ છે. તે આપણને દેશપ્રેમ, સમર્પણ અને એકતાની શક્તિ શીખવે છે. જ્યારે પણ આપણે “વંદે માતરમ્” નું ગાન કરીએ કે સાંભળીએ છીએ ત્યારે આપણા હદયમાં માતૃભૂમિ પ્રત્યે ગૌરવ અને આદરની ભાવના જાગે છે. આ ભાવનાને જીવનમાં ઊતારીને જ આપણે સાચા અર્થમાં રાષ્ટ્રીય એકતા સ્થાપિત કરી શકીએ છીએ.

**“વંદે માતરમ્” નારામાં જ એકતા સમાયેલી છે.”**

“વંદે માતરમ્” નો સંદેશ છે . કે તેમાં ભારતમાં અલગ અલગ રાજ્યો છે. બધા પોતાના અલગ સંસ્કૃતિક રંગો ધરાવે છે. છતાંયે બધાંને એક જ ધ્વજ નીચે લાવે છે. આ ગીત આપણને યાદ અપાવે છે. કે ભલે ભાષા અલગ હોય, પરંતુ દેશપ્રેમ

એકસરખો છે. આ જ ભાવના રાષ્ટ્રીય એકતાનો આધાર છે. ભારત દેશ સર્વોપરી છે. અને દેશની એકતા જ તેની મોટી શક્તિ છે. આપણે બધા મળીને એકતા મજબૂત બનવાએ અને આપણા દેશનો વિકાસ કરીએ.

**જય ભારત, જય હિન્દ,**
**વંદે માતરમ્**

## માતૃભૂમિની વંદના : સમય બદલાયો, પણ ગુંજ આજે પણ એ જ છે

વસાવા રોશની
સેમેસ્ટર - 2

"જનની જન્મભૂમિ સ્વર્ગથી મહાન" આ વિચાર માત્ર એક વાક્ય નથી, પરંતુ દરેક ભારતીયના હૃદયમાં ગુંજતો સદાબહાર સૂર છે. સમયના વહેણ સાથે દુનિયા બદલાઈ ગઈ છે; જીવનશૈલી, ટેક્નોલોજી, વિચારધારા અને માનવ સંબંધો પણ બદલાયા છે. પરંતુ માતૃભૂમિ પ્રત્યેનો પ્રેમ, આદર અને સમર્પણનો ભાવ આજે પણ એ જ ઊર્જાથી ગુંજે છે.

માતૃભૂમિ એટલે માત્ર જમીનનો ટુકડો નહીં, પરંતુ સંસ્કૃતિ, પરંપરા, ભાષા, ઈતિહાસ અને સંસ્કારોનો જીવંત સમન્વય. ભારત જેવી વૈવિધ્યસભર ધરતી પર અનેક સંસ્કૃતિઓ ફૂલી-ફાળી છે. પ્રાચીન યુગમાં રામાયણ અને મહાભારત જેવી મહાકાવ્યોમાં માતૃભૂમિ માટેનો ત્યાગ અને કર્તવ્યની ભાવના સ્પષ્ટ રીતે વ્યક્ત થાય છે. ભગવાન શ્રીરામે પોતાના રાજ્ય અને પ્રજાના હિત માટે વ્યક્તિગત સુખનો ત્યાગ કર્યો. આ માતૃભૂમિ પ્રત્યેની અખંડ ભક્તિનું ઉત્તમ ઉદાહરણ છે.

સમય બદલાતા આજે યુવાનોની વિચારધારા વૈશ્વિક બની છે. તેઓ વિદેશમાં અભ્યાસ કરે છે, નોકરી કરે છે, અને વિશ્વના વિવિધ દેશોમાં પોતાની ઓળખ બનાવે છે. છતાં, જ્યારે રાષ્ટ્રીય ગીત "વંદે માતરમ્" કે "જન ગણ મન" ગુંજે છે, ત્યારે હૃદયમાં દેશપ્રેમ જાગી ઊઠે છે. આ ગુંજ એ જ છે જે સ્વતંત્રતા સંગ્રામના દિવસોમાં હતી.

ભારતના સ્વતંત્રતા આંદોલનમાં અનેક મહાન વીરોએ માતૃભૂમિ માટે પોતાનું સર્વસ્વ અર્પણ કર્યું. મહાત્મા ગાંધીએ અહિંસાના માર્ગે વિશ્વને નવી દિશા બતાવી. ભગતસિંહએ યુવાનીમાં જ ફાંસીના ફંદાને હાસ્યપૂર્વક સ્વીકાર્યો. સુભાષચંદ્ર બોઝએ "તુમ મને લોહુ દો, હું તમને આઝાદી દુંગા" નો નારો આપીને લાખો હૃદયોમાં જ્વાળા પ્રગટાવી. આ બલિદાનોની ગુંજ આજે પણ રાષ્ટ્રીય તહેવારોમાં, શાળાના કાર્યક્રમોમાં અને દેશભક્તિના ગીતોમાં સંભળાય છે.

આધુનિક યુગમાં દેશસેવાની પરિભાષા બદલાઈ ગઈ છે. પહેલા જ્યાં સ્વતંત્રતા માટે શારીરિક લડત આપવી પડતી હતી, આજે દેશની પ્રગતિ માટે જ્ઞાન, કુશળતા અને સચ્ચાઈથી કામ કરવું જરૂરી છે. વૈજ્ઞાનિકો, શિક્ષકો, ડોક્ટરો, સૈનિકો અને ઉદ્યોગપતિઓ – દરેક પોતાની રીતે માતૃભૂમિની સેવા કરે છે. Indian Space Research Organization (ISRO) દ્વારા અવકાશમાં મેળવેલી સિદ્ધિઓ સમગ્ર વિશ્વમાં ભારતનું ગૌરવ વધારતી છે. જ્યારે ભારતનો તિરંગો ચંદ્ર પર લહેરાય છે, ત્યારે દરેક ભારતીયનું મસ્તક ગર્વથી ઊંચું થાય છે.

સમય બદલાયો છે - હવે સંચારના સાધનો ઝડપથી વિકસ્યા છે. સોશિયલ મીડિયા દ્વારા લોકો પોતાના વિચારો વ્યક્ત કરે છે, દેશની સમસ્યાઓ પર ચર્ચા કરે છે અને જાગૃતિ ફેલાવે છે. પરંતુ સાથે સાથે પડકારો પણ વધી રહ્યા છે - પર્યાવરણ પ્રદૂષણ, સામાજિક અસમાનતા, બેરોજગારી અને નૈતિક મૂલ્યોમાં ઘટાડો. આવી સ્થિતિમાં માતૃભૂમિની વંદના માત્ર શબ્દોમાં નહીં, પરંતુ કર્મમાં હોવી જોઈએ.

માતૃભૂમિ પ્રત્યેનો પ્રેમ માત્ર રાષ્ટ્રીય તહેવારોમાં ધ્વજવંદન કરીને પૂરતો નથી. તે રોજિંદા જીવનમાં પ્રગટ થવો જોઈએ – સ્વચ્છતા જાળવીને, કાયદાનું પાલન કરીને, ઈમાનદારીથી કર ચૂકવીને અને પર્યાવરણનું રક્ષણ કરીને. એક સારા નાગરિક તરીકે આપણી ફરજ નિભાવવી એ જ સાચી વંદના છે.

ભારતની સંસ્કૃતિ “વસુધૈવ કુટુંબકમ્”નો સંદેશ આપે છે - આખી દુનિયા એક કુટુંબ છે. આ વિચાર આજે વૈશ્વિક સમયમાં વધુ પ્રાસંગિક બની ગયો છે. ભારત વિશ્વને શાંતિ, સહિષ્ણુતા અને આધ્યાત્મિકતા નો માર્ગ બતાવતું આવ્યું છે. યોગ, આયુર્વેદ અને ભારતીય તત્વજ્ઞાનની ગુંજ આજે વિશ્વભરમાં સંભળાય છે. આ બધું આપણા માતૃભૂમિની મહાનતા દર્શાવે છે. સમય બદલાતા નવી પેઢી માટે પડકાર એ છે કે તેઓ આધુનિકતા અને પરંપરા વચ્ચે સંતુલન જાળવે. ટેક્નોલોજીનો ઉપયોગ વિકાસ માટે કરે, પરંતુ સંસ્કૃતિ અને સંસ્કારોને ભૂલે નહીં. માતૃભૂમિની વંદના એટલે પોતાના મૂળ સાથે જોડાયેલા રહેવું.

અંતમાં કહી શકાય કે સમયનો પ્રવાહ અટકતો નથી. પેઢીઓ બદલાય છે, પરિસ્થિતિઓ બદલાય છે, જીવનની ગતિ બદલાય છે - પરંતુ માતૃભૂમિ પ્રત્યેનો પ્રેમ અને ગર્વ અડગ રહે છે. આ ગુંજ કદી મટી શકતી નથી. જ્યારે પણ કોઈ બાળક શાળામાં પ્રથમવાર તિરંગાને સલામી આપે છે, જ્યારે કોઈ સૈનિક સરહદ પર દેશ માટે જાગે છે, જ્યારે કોઈ યુવાન પોતાના પરિશ્રમથી દેશનું નામ ઉજ્જવળ કરે છે – ત્યારે માતૃભૂમિની વંદનાની ગુંજ ફરીથી સંભળાય છે.

"સમય બદલાયો, પણ ગુંજ આજે પણ એ જ છે" – આ માત્ર થીમ નથી, પરંતુ ભારતની આત્માની ઓળખ છે. માતૃભૂમિ પ્રત્યેનો આ પ્રેમ, આ શ્રદ્ધા અને આ સમર્પણ જ આપણું સાચું બળ છે. ચાલો, આપણે સૌ મળીને શબ્દોથી નહીં, પણ સદ્‌કર્મોથી માતૃભૂમિની વંદના કરીએ – જેથી આવનારી પેઢીઓ પણ આ ગુંજને ગર્વથી સાંભળી શકે.

## ભારતની રાષ્ટ્રીય ચેતનાનું પ્રતિક વંદે માતરમ્

વસાવા મહેશ
સેમેસ્ટર : 2

'વંદે માતરમ્' ભારતની રાષ્ટ્રીય ચેતનાનું અતિ પવિત્ર અને પ્રેરણાદાયક પ્રતીક છે. આ અમર ગીતની રચના મહાન સાહિત્યકાર બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય દ્વારા કરવામાં આવી હતી. 'વંદે માતરમ્'નો અર્થ છે–હે માતૃભૂમિ, તને વંદન. આ બે શબ્દોમાં દેશપ્રેમ, સમર્પણ, આદર અને ગૌરવની ઊંડી ભાવના સમાયેલી છે.

આ ગીત પ્રથમવાર તેમના નવલકથા 'આનંદમઠ'માં સમાવિષ્ટ થયું હતું. ત્યારબાદ તે સ્વાતંત્ર્ય આંદોલન દરમિયાન જનજનના હૃદયમાં વસ્યું. બ્રિટિશ શાસન સામે લડતા સ્વાતંત્ર્યસેનાનીઓ માટે 'વંદે માતરમ્' માત્ર નારો નહીં, પરંતુ આત્મબળ આપતું સૂત્ર બન્યું. આ ગીત ગાતા ગાતા અનેક દેશભક્તોએ જેલયાત્રા અને બલિદાન સ્વીકાર્યા. તે સમયમાં 'વંદે માતરમ્' રાષ્ટ્રીય એકતાનું શક્તિશાળી માધ્યમ બન્યું. 'વંદે માતરમ્'માં ભારતની પ્રકૃતિ, હરિયાળી, નદીઓ, પર્વતો અને માતૃસ્નેહનું મનોહર વર્ણન મળે છે. તેમાં માતૃભૂમિને દેવીરૂપે દર્શાવવામાં આવી છે, જે સંતાનને આશ્રય, શક્તિ અને સંસ્કાર આપે છે. આ ગીત આપણને શીખવે છે કે દેશ માત્ર ભૂમિનો ટુકડો નથી, પરંતુ સંસ્કૃતિ, ઇતિહાસ અને પરંપરાઓનું જીવંત સ્વરૂપ છે. આજે 'વંદે માતરમ્'ને 150 વર્ષ પૂર્ણ થયા છે. આ અવસર આપણને રાષ્ટ્રપ્રેમના મૂલ્યોને ફરી યાદ કરાવવાનો છે. શાળા, મહાવિદ્યાલય અને વિવિધ રાષ્ટ્રીય કાર્યક્રમોમાં આ ગીતનું ગાન થતું રહે છે. તે નવી પેઢીને દેશપ્રત્યે ફરજભાવ, શિસ્ત અને એકતાની ભાવના આપે છે.

'વંદે માતરમ્ @150' આપણને સંદેશ આપે છે કે આપણે સૌ મળીને દેશના વિકાસ માટે કાર્ય કરીએ, સંવિધાનિક મૂલ્યોનું પાલન કરીએ અને ભારતની એકતા અને અખંડિતતાને મજબૂત બનાવીએ. 'વંદે માતરમ્' માત્ર ગીત નથી, પરંતુ ભારતીય આત્માનો શાશ્વત અવાજ છે..

# Feeling Towards Vande Mataram

Smrutirekha Mandala
Semester : 4

Mother, through your song our lives have improved.

By your divine form, our hearts have become pure.

Your song fills our minds with strength and power.

Our lives are dedicated to you.

If you are harmed in any way, we feel the pain ourselves.

Protecting you is our responsibility.

Everything that belongs to you is precious to us.

The song "Vande Mataram" gives the youth of the nation the strength to fight.

This very song has given courage to the world to stand and struggle bravely.

This song spreads happiness everywhere.

The green and beautiful form of our nation gives us peace and the feeling that our Mother India is safe and protected.

Our lives are devoted to you.

There is no country more beautiful than my India.

By listening to this song, we truly understand your importance and greatness.

We realize what our India truly means to us.

# આવ્યો નવો અવસર આંગણે

બચ્છાવ હેમા અંકુશ
સેમેસ્ટર - ૨

આવ્યો નવો અવસર આંગણે,
દેશ નો રુડો અવસર આંગણે
આજે કરીએ એ દેશની વાત,

જેના ગુંજે ચારેકોર નાદ
હા એવા આપડા ભારત દેશ,
જેને રાખ્યો સૌનો વેશ

આઝાદીના થયા પૂરા દોઢસો વર્ષ,
જોવો છો સૌના મુખે નવો હર્ષ
વાત કરું એવા અવનવા દેશ ની,
નામે ઓળખાય ભારત,
સાંભળતાજ મન માં જાગે નહીં રાહત.
માં કઈ પોકારતા, માં કઈ પોકારતા અમે
ખોળા મા તો રમતા ને ભારત માતા કહેતા.
આવી ગયો એ ઉત્સવ જેમા
દેશની દર એક વાત વધાવતા.
મોદીજી યોગીજી કરશે દેશની નવી વાત,
કરશે વીર દેશના ઘડવૈયાને પ્રેમથી યાદ.
ઉજવીએ આ ૧૫૦ વર્ષનો ઉત્સવ
મેળવીએ સૌનો સાથ
જય હિન્દ જય ભારત

## રાષ્ટ્ર ભાવનાનું પ્રતિક – વંદે માતરમ્

જાનવી પટેલ
સેમેસ્ટર -2

ભારતના ઈતિહાસમાં કેટલાક એવા ગીતો છે, જે માત્ર શબ્દો નથી, પરંતુ રાષ્ટ્રપ્રેમ અને એકતાના પ્રેરણાસ્રોત છે. એમાં સૌથી મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે વંદે માતરમ્. આ ગીત લખનારા બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય હતા, જેમણે પોતાના હૃદયની ભાવનાઓથી ભારતભૂમિને માતા સમાન ગણાવી. આ વર્ષે વંદે માતરમ્ ના ૧૫૦ વર્ષ પૂર્ણ થાય છે, અને આજ પણ તે દરેક ભારતીય માટે ગૌરવ અને પ્રેરણાનો સ્ત્રોત છે.

વંદે માતરમ્ લખાતા સમય ભારતમાં બ્રિટિશ શાસન હતું અને દેશભક્તિના ભાવને વ્યક્ત કરવાનો શ્રેષ્ઠ માર્ગ બની. કવિએ દેશને માત્ર જમીન નહિ, પરંતુ જીવંત માતા તરીકે દર્શાવ્યું. ગીતમાં હરિયાળી ધરતી, નદીઓની પવિત્રતા, પાણી અને કુદરતની સમૃદ્ધિ દર્શાવવામાં આવી છે. સ્વાતંત્ર્ય સંગ્રામના યુવાનો માટે આ ગીત પ્રેરણાદાયક મંત્ર બની ગયું અને તેઓએ આ ગીતના ઉત્સાહથી શોષણ અને ભય સામે લડવાનો સંકલ્પ કર્યો.

વંદે માતરમ્ માં કવિએ સરળ, મીઠી અને ભાવસભરી ભાષા વાપરી છે. ગીતમાં દેશ માટે પ્રેમ અને ભક્તિની ભાવના સ્પષ્ટ છે. દેશને માતા તરીકે જોવાનું અને માતા માટે પોતાની કૃતજ્ઞતા, સેવા અને ભક્તિ દર્શાવવાનું કવિનું આકર્ષક દૃષ્ટિકોણ વિદ્યાર્થીઓ અને નાગરિકો માટે શિક્ષણનું ઉત્તમ ઉદાહરણ બની શકે છે.

B.Ed. વિદ્યાર્થી તરીકે આપણા માટે વંદે માતરમનું મહત્વ માત્ર ઐતિહાસિક જ

નથી, પરંતુ શૈક્ષણિક અને નૈતિક મૂલ્ય ધરાવતું છે. શાળામાં આ ગીતના પાઠ, રાષ્ટ્રપ્રેમના કાર્યક્રમો, પ્રાર્થના સત્રો અને ઉજવણીઓથી વિદ્યાર્થીઓમાં ગૌરવભાવ, કર્તવ્યબોધ અને એકતા વિકસે છે. શિક્ષક તરીકે આપણું દાયિત્વ છે કે વિદ્યાર્થીઓને દેશપ્રેમમાં જોડવું, પરંતુ સાથે નૈતિક મૂલ્યો, સહકાર અને એકતાનું મહત્વ પણ સમજાવવું.

આજના વૈશ્વિક યુગમાં યુવાનો અનેક સંસ્કૃતિઓ અને દેશો સાથે જોડાય છે. એ સમયે પોતાની સંસ્કૃતિ, ભાષા અને દેશ પ્રત્યે ગૌરવભાવ જાળવવો ખૂબ જરૂરી છે. વંદે માતરમ્ આપણને યાદ અપાવે છે કે દેશ માત્ર જમીન નથી, પરંતુ જીવંત માતા સમાન છે, જે આપણને ઓળખ, સંસ્કૃતિ અને સુરક્ષા આપે છે. આ ગીત આજે પણ પ્રેરણા આપે છે કે આપનો દેશપ્રેમ જીવંત રહે.

વંદે માતરમ્ માત્ર એક ગીત નથી; એ સામાજિક એકતા, સહકાર અને નાગરિક જવાબદારીનો પ્રતિક છે. વિદ્યાર્થીઓ અને નાગરિકો આ ગીતથી શીખે છે કે દેશ માટે પ્રતિબદ્ધ રહેવું, ફરજ નિભાવવી અને પરિસ્થિતિઓનો સામનો કરવો મહત્વપૂર્ણ છે. દેશ માટેનું પ્રેમ માત્ર ભાવના નથી, પરંતુ કાર્યમાં પણ વ્યક્ત થવું જોઈએ.

વંદે માતરમ્ એ માત્ર ભારતીયો માટે જ નહિ, પરંતુ વિશ્વમાં સંસ્કૃતિ અને દેશપ્રેમનું પ્રતીક છે. વિશ્વના નાગરિકો આ ગીત સાંભળી ભારતની એકતા, વિવિધતા અને શાંતિના મૂલ્યો સમજવા માટે પ્રેરિત થાય છે. વિશ્વ યુગમાં જ્યારે દેશો એકબીજાને જોડે છે, ત્યારે પોતાની ઓળખ, સંસ્કૃતિ અને રાષ્ટ્રભાવના જાળવવી વધુ મહત્વપૂર્ણ બને છે.

સારાંશ: વંદે માતરમ્ @ ૧૫૦ વર્ષ પૂર્ણ થવાના અવસર પર એ માત્ર ઐતિહાસિક ગીત નથી, પરંતુ રાષ્ટ્રપ્રેમ, કર્તવ્ય, ભક્તિ અને નાગરિક જવાબદારીનો પ્રતિક છે. શિક્ષક, વિદ્યાર્થી અને નાગરિક તરીકે આપણું કર્તવ્ય છે કે આ ગીતના મૂલ્યોને શીખવું, અનુભવું અને નવી પેઢી સુધી પહોંચાડવું. વંદે માતરમ્ – રાષ્ટ્રપ્રેમનો અવિનાશી સ્વર.

## વંદે માતરમ્ આપણા દેશની એકતા, અખંડિતતા અને ગૌરવનું પ્રતિક

સેજલ પાટિલ
સેમેસ્ટર - 2

'વંદે માતરમ્' ભારતનું રાષ્ટ્રીય ગીત છે. આ ગીત માત્ર શબ્દોનો સમૂહ નથી, પરંતુ તે ભારતના સ્વતંત્રતા સંગ્રામનો જીવંત ઈતિહાસ છે. આ ગીતે લાખો દેશભક્તોના હૃદયમાં દેશપ્રેમની જ્યોત પ્રગટાવી હતી. 'વંદે માતરમ્'

આપણા દેશની એકતા, અખંડિતતા અને ગૌરવનું પ્રતિક છે.

આ ગીતના રચયિતા મહાન સાહિત્યકાર બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય હતા. તેમણે 7 નવેમ્બર, 1875ના રોજ આ ગીત રચ્યું હતું. બાદમાં 1882માં તેમની પ્રખ્યાત નવલકથા આનંદમઠ માં આ ગીતનો સમાવેશ કરવામાં આવ્યો હતા.

‘વંદે માતરમ્’નો અર્થ થાય છે – “હે માતૃભૂમિ, હું તારી વંદના કરું છું.” આ ગીતમાં ભારત માતાની સુંદરતા, હરિયાળી, નદીઓ, પર્વતો અને સમૃદ્ધ સંસ્કૃતિનું વર્ણન કરવામાં આવ્યું છે. ગીતમાં માતૃભૂમિને દેવી સ્વરૂપે દર્શાવવામાં આવી છે.

આ ગીત સંસ્કૃત અને બંગાળી ભાષાના મિશ્રણથી રચાયેલું છે. તેના શબ્દો દેશપ્રેમ, ભક્તિ અને સમર્પણની ભાવનાથી ભરપૂર છે.

બ્રિટિશ શાસન દરમિયાન ‘વંદે માતરમ્’ દેશભક્તો માટે પ્રેરણાસ્ત્રોત બન્યું હતું. સ્વાતંત્ર્ય સેનાનીઓ આ ગીત ગાઈને પોતાના મનોબળને મજબૂત બનાવતા હતા. સભાઓ અને આંદોલનોમાં ‘વંદે માતરમ્’ના નારા ગુંજતા હતા.

1905માં બંગાળ વિભાજન સમયે આ ગીત રાષ્ટ્રીય એકતાનું પ્રતિક બન્યું. લોકો રસ્તાઓ પર ઉતરી ‘વંદે માતરમ્’ના નારા લગાવતા અને બ્રિટિશ શાસનનો વિરોધ કરતા હતા. આ ગીતે સમગ્ર દેશમાં સ્વતંત્રતાની ચેતના ફેલાવી.

24 જાન્યુઆરી, 1950ના રોજ સંવિધાનસભાએ ‘વંદે માતરમ્’ને રાષ્ટ્રીય ગીતનો દરજ્જો આપ્યો હતો. જ્યારે ‘જન ગણ મન’ને રાષ્ટ્રીય ગાન તરીકે સ્વીકારવામાં આવ્યું, ત્યારે ‘વંદે માતરમ્’ને રાષ્ટ્રીય ગીત તરીકે સન્માન આપવામાં આવ્યું.

આ ગીતના પ્રથમ બે ચરણોને સત્તાવાર સ્વીકાર આપવામાં આવ્યો છે. આજે પણ શાળાઓ, કોલેજો અને રાષ્ટ્રીય કાર્યક્રમોમાં આ ગીત ગવાય છે.

7 નવેમ્બર, 2025ના રોજ ‘વંદે માતરમ્’ ગીતને 150 વર્ષ પૂર્ણ થયા. આ અવસર પર દેશભરમાં વિવિધ કાર્યક્રમો યોજાયા. શાળાઓમાં નિબંધ સ્પર્ધા, વક્તૃત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા અને દેશભક્તિ ગીતોના કાર્યક્રમો યોજાયા.

સરકાર દ્વારા 7 નવેમ્બર, 2025થી 7 નવેમ્બર, 2026 સુધી વિશેષ ઉજવણી વર્ષ તરીકે મનાવવામાં આવ્યું. આ દરમિયાન દેશભરમાં સાંસ્કૃતિક કાર્યક્રમો, જાગૃતિ અભિયાન અને દેશપ્રેમ સંબંધિત પ્રવૃત્તિઓ યોજાઈ.

આ ઉજવણીનો મુખ્ય હેતુ યુવાનોમાં દેશપ્રેમ, રાષ્ટ્રીય એકતા અને ગૌરવની ભાવના મજબૂત બનાવવાનો હતો.

**આજના સમયમાં ‘વંદે માતરમ્’નું મહત્વ**

આજના સમયમાં પણ ‘વંદે માતરમ્’ એટલું જ પ્રેરણાદાયી છે જેટલું સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન હતું. આ ગીત

આપણને દેશ માટે જવાબદારીપૂર્વક કાર્ય કરવાની પ્રેરણા આપે છે.

યુવાનો માટે આ ગીત એક સંદેશ આપે છે કે દેશની પ્રગતિમાં દરેક નાગરિકનો ફાળો મહત્વનો છે.

# वन्दे मातरम् अर्थात् राष्ट्रप्रेमी

**पांडे आस्तुति**
**सेमेस्टर : 2**

इस साल, 7 नवंबर 2025 को भारत के राष्ट्रीय गीत वंदे मातरम - जिसका आशय है “माँ, मैं तुम्हें प्रणाम करता हूँ”- की 150वीं वर्षगाँठ है। यह रचना, अमर राष्ट्रगीत के रूप में स्वतंत्रता सेनानियों और राष्ट्र निर्माताओं की अनगिनत पीढ़ियों को प्रेरित करती रही हैऔर यह भारत की राष्ट्रीय पहचान और सामूहिक भावना का चिरस्थायी प्रतीक है।'वंदे मातरम' पहली बार साहित्यिक पत्रिका बंगदर्शन में 7 नवंबर 1875 को प्रकाशित हुई थी । बाद में, बंकिम चंद्र चट्टोपाध्याय ने इसे अपने अमर उपन्यास 'आनंदमठ' में शामिल किया, जो 1882 में प्रकाशित हुई ।

आज़ादी से पूर्व इस वन्दे गीत ने लोगों को प्रेरणा और जागरूकता प्रदान किया। जिसने देश में राष्ट्रप्रेमी और क्रांतिकारी जैसे व्यक्तित्व को सामने लाया। जिनमें भगत सिंह, लाला लाजपत राय और चंद्र शेखर आज़ाद जैसे अन्य कांतिकारी वीर हुए। जिन्होंने अपने जोश उल्लास से देश में राष्ट्रवाद की भावना को प्रसारित किया। फ़लतः वंदे मातरम की रचना को राष्ट्रवादी चिंतन में मील का पत्थरमाना जाता है, जो मातृभूमि के प्रति भक्ति और आध्यात्मिक आदर्शवाद के मेल का प्रतीक है।

वन्दे मातरम् गीत केवल गीत नहीं बल्कि एकता और राष्ट्रवाद का जीवंत उदाहरण है,“वंदे मातरम” गीत भारत के स्वाधीनता संग्राम का प्रतीक बन गया, जो स्व-शासन की सामूहिक इच्छा तथा लोगों और उनकी मातृभूमि के बीच भावनात्मक जुड़ाव को समाहित करता है। यह गीत शुरू में स्वदेशी और विभाजन विरोधी आंदोलनों के दौरान लोकप्रिय हुआऔर जल्द ही क्षेत्रीय सीमाओं को पार करके राष्ट्रीय जागरण का गान बन गया।

बंगाल की सड़कों से लेकर बॉम्बे के दिल और पंजाब के मैदानों तक, "वंदे मातरम" की गूंज औपनिवेशिक शासन के खिलाफ प्रतिरोध के प्रतीक के रूप में सुनाई देने लगी। इसे गाने पर रोक लगाने की ब्रिटिश

कोशिशों ने इसके देशभक्ति से जुड़े महत्व को और बढ़ा दिया, और इसे एक ऐसी नैतिक शक्ति में बदल दिया जिसने जाति, धर्म और भाषा की परवाह किए बिना लोगों को एकजुट किया। नेताओं, छात्रों और क्रांतिकारियों ने इसके छंदों से प्रेरणा ली, और इसे राजनीतिक सभाओं, प्रदर्शनों और जेल जाने से पहले गाया जाने लगा। इस रचना ने न केवल विरोध के कामों को प्रेरित किया, बल्कि आंदोलन में सांस्कृतिक गौरव और आध्यात्मिक जोश भी भरा, जिससे भारत के स्वाधीनता संग्राम की राह के लिए भावनात्मक आधार तैयार हुआ।

उन्नीसवीं सदी के आखिर और बीसवीं सदी की

शुरुआत में "वंदे मातरम" बढ़ते भारतीय राष्ट्रवाद का नारा बन गया।

24 जनवरी 1950 को, डॉ. राजेंद्र प्रसाद ने संविधान सभा को संबोधित करते हुए कहा कि स्वतंत्रता आंदोलन में अपनी महत्वपूर्ण भूमिका के कारण, वंदे मातरम को राष्ट्रगान जन गण मन के समान दर्जा दिया जाना चाहिए और समान रूप से सम्मानित किया जाना चाहिए। उन्होंने कहा, "जन गण मन नाम के शब्दों और संगीत से बनी रचना भारत का राष्ट्रगान है, जिसमें सरकार ज़रूरत पड़ने पर शब्दों में बदलाव कर सकती है; और वंदे मातरम गीत, जिसने भारत के स्वाधीनता संग्राम में ऐतिहासिक भूमिका निभाई है, उसे जन गण मन के बराबर सम्मान दिया जाएगा और उसका दर्जा भी उसके बराबर होगा। मुझे आशा है कि इससे सदस्य संतुष्ट होंगे।"

- साल भर चलने वाली गतिविधियाँ...

आकाशवाणी और दूरदर्शन पर विशेष कार्यक्रम और एफएम रेडियो अभियान चलाया जाएगा।

पीआईबीटियर 2 और 3 शहरों में वंदे मातरम पर पैनल चर्चा और संवाद आयोजित करेगा।

दुनिया भर में सभी भारतीय मिशनों और कार्यालयों में वंदे मातरम की भावना को समर्पित एक सांस्कृतिक संध्या का आयोजन किया जाएगा।

वंदे मातरम की भावना को समर्पित एक वैश्विक संगीत समारोह आयोजित किया जाएगा।

वंदे मातरम:धरती माँ को सलाम - पेड़ लगाने के अभियान आयोजित किए जाएंगे।

राजमार्गों पर देशभक्ति से जुड़े चित्र बनाए और प्रदर्शित किए जाएंगे।

ऑडियो संदेश और विशेष उद्घोषणाएँ की जाएंगी। रेलवे स्टेशनों और हवाई अड्डों पर एलईडीडिस्प्ले पर वंदे मातरम के बारे में जानकारी दिखाई जाएगी।

- विशेष गतिविधियाँ....

वंदे मातरम के अलग-अलग पहलुओं, बंकिम चंद्र चटर्जी की जीवन गाथा, स्वतंत्रता संग्राम में वंदे मातरम की भूमिका

और भारत के इतिहास पर 1-1 मिनट की 25 फिल्में बनाई जाएंगी, और सोशल मीडिया के ज़रिए लोगों तक पहुँचायी जाएंगी।

देशभक्ति की भावना को सही दिशा देने के लिए, वंदे मातरम अभियान और हर घर तिरंगा अभियान एक साथ मनाए जाएंगे।

अंततः वंदे मातरम के 150 साल पूरे होने का यह जश्न भारत की राष्ट्रीय पहचान के विकास में इस गीत के गहरे ऐतिहासिक और सांस्कृतिक महत्व को दिखाता है।आधुनिक भारत में राष्ट्रवाद, एकता और सांस्कृतिक आत्म-जागरूकता के विमर्श को आकार देने में इस गीत की भूमिका के बारे में नए सिरे से सोचने के लिए भी प्रेरित करता है।

## વંદે માતરમ્: ગઈકાલ, આજ અને આવતીકાલ

પ્રાચી પટેલ
સેમેસ્ટર - 2

રિયાન્સ: "દાદા, આજે સ્કૂલમાં 'વંદે માતરમ્ @ ૧૫૦' ઉજવણી હતી. પણ મને એ નથી સમજાતું કે ૧૫૦ વર્ષ જૂનું ગીત આજે પણ આટલું મહત્વનું કેમ છે?"

દાદા: (હળવું હાસ્ય કરે છે)

"બેટા, 'વંદે માતરમ્' એ માત્ર ગીત નથી પણ ભારતનો સ્વાસ્થ છે. ચાલ, તને એનું ગઈકાલ, આજ અને આવતીકાલનો પ્રવાસ સમજવું."

રિયાન્સ: "દાદા ગઈકાલ એટલે ભૂતકાળમાં આઝાદી વખતે 'વંદે માતરમ્' ની શુભ ભૂમિકા હતી?"

દાદા: "હા ગઈકાલ આપના ભારત દેશનો ભૂતકાળ એ સંઘર્ષનો હતો, જ્યારે અંગ્રેજોનું શાસન હતું ત્યારે આ ગીત માત્ર ગીત નહીં, પણ એક હથિયાર હતું. ક્રાંતિકારીઓ જ્યારે જેલમાં જતા કે ફાંસીએ ચડતા ત્યારે તેમના મુખે આજ શબ્દો હતા. આ ગીત વેરવિખેર ભારતીયોને એક તાંતણે બાંધ્યા હતા. એ સમયે 'વંદે માતરમ્' બોલવું એ ગુનો હતો છતાં લોકો ગર્વથી ગાતા."

રિયાન્સ: "દાદા તો આજે એનું શું મહત્વ? આજે તો આપણે આઝાદ છીએ."

દાદા: "આજે એક ગૌરવની વાત છે. આજે જ્યારે આપણે ઓલિમ્પિકમાં મેડલ જીતીએ કે અવકાશમાં રોકેટ મોકલીએ, ત્યારે આ ગીત આપણને યાદ અપાવે છે કે આપણી માતૃભૂમિ 'સુજલામ અને સુફલામ' (સમૃદ્ધ અને ફળદ્રુપ) છે. આજે આ ગીત આપણી રાષ્ટ્રીય ઓળખ છે જે આપણને શિસ્ત અને એકતાના પાઠ ભણાવે છે."

રિયાન્સ: "દાદા તો આવતીકાલ? ભવિષ્યમાં આ ગીત કેવી રીતે કામ લાગશે?"

દાદા: "આવતીકાલ એ સંકલ્પની હશે. ભવિષ્યમાં આવનારી પેઢી ભારતને વિકસિત ભારત બનાવશે ત્યારે આ ગીત આવનારી પેઢીનો પ્રેરણા સ્ત્રોત બનશે. પર્યાવરણની રક્ષા કરવી, ભ્રષ્ટાચાર મુક્ત રહેવું અને દેશ માટે જીવવું એ જ સાચું વંદે માતરમ્ છે. આપણો ભારત દેશ દુનિયાને બતાવે જ છે કે આપણે આપણી સંસ્કૃતિને ભૂલ્યા વગર પ્રગતિ કરતા હતા, પ્રગતિ કરે જ છે અને પ્રગતિ કરતો રહેશે."

રિયાન્સ: "સમજી ગયો દાદા! એનો અર્થ એ છે કે ૧૫૦ વર્ષ પછી પણ આ ગીત એટલું જ યુવાન છે."

દાદા: "ચોક્કસ બેટા! શબ્દો જૂના છે, પણ એ ઉર્જા સદાકાળ નવી છે અને રહેશે."

## वंदे मातरम् : भारत की आत्मा का अमर स्वर

**योगेश तिवारी**
**सेमेस्टर – 2**

"वंदे मातरम्" केवल दो शब्द नहीं हैं, बल्कि यह भारत की आत्मा की आवाज है। यह वह स्वर है जिसने हर भारतीय के दिल में आजादी की चिंगारी जगाई और स्वतंत्रता संग्राम के दौरान करोड़ों लोगों को एक सूत्र में बांध दिया। 150 वर्षों के बाद भी यह स्वर उतनी ही शक्ति और श्रद्धा के साथ पूरे देश में गूंज रहा है। यह गीत केवल एक रचना नहीं, बल्कि भारत की पहचान, एकता और राष्ट्रभक्ति का प्रतीक बन चुका है।

वंदे मातरम की रचना महान साहित्यकार बंकिम चंद्र चट्टोपाध्याय ने वर्ष 1875 में की थी। इस गीत को बाद में उनके प्रसिद्ध उपन्यास आनंदमठ में शामिल किया गया, जहां यह देशभक्ति और स्वतंत्रता की भावना का प्रतीक बनकर उभरा। संस्कृत और बंगाली के मिश्रण में लिखे इस गीत में भारत माता की सुंदरता, शक्ति और समृद्धि का अत्यंत भावपूर्ण वर्णन किया गया है। "वंदे मातरम" का अर्थ है – "हे मातृभूमि, मैं तुम्हें नमन करता हूं।"

1927 में महात्मा गांधी ने कहा था वंदे मातरम गीत हमारे सामने संपूर्ण भारत का ऐसा चित्र उपस्थित कर देता है जो अखंड है। भीकाजी कामा ने भारत का जो ध्वज तैयार करवाया था उसमें बीच में भी लिखा था वंदे मातरम। इस गीत ने भारत के स्वतंत्रता संग्राम में अत्यंत महत्वपूर्ण भूमिका निभाई। स्वतंत्रता सेनानियों के लिए यह केवल एक गीत नहीं, बल्कि प्रेरणा का स्रोत और आत्मबल का मंत्र

था। जब भी क्रांतिकारी आपस में मिलते थे, वे "वंदे मातरम" कहकर एक-दूसरे का अभिवादन करते थे। अनेक क्रांतिकारियों ने फांसी के तख्त पर खड़े होकर भी इस गीत का उद्घोष किया। यह गीत हर आंदोलन, हर जुलूस और हर संघर्ष का स्वर बन गया था।

वर्ष 1896 में महान कवि रवीन्द्रनाथ ठाकुर ने भारतीय राष्ट्रीय कांग्रेस के अधिवेशन में पहली बार इसे संगीतबद्ध कर प्रस्तुत किया। वर्ष 1905 में बंगाल विभाजन के दौरान यह गीत स्वदेशी आंदोलन का प्रमुख नारा बन गया। उस समय देश के हर कोने में "वंदे मातरम" की गूंज सुनाई देती थी। यह गीत लोगों के लिए साहस, एकता और देशभक्ति का प्रतीक बन गया था।

"वंदे मातरम" केवल स्वतंत्रता संग्राम तक सीमित नहीं रहा, बल्कि यह भारत की सांस्कृतिक और राष्ट्रीय चेतना का स्थायी प्रतीक बन गया। इस गीत की पहली पंक्ति "सुजलाम् सुफलाम् मलयज शीतलाम्" भारत की प्राकृतिक समृद्धि, नदियों, पर्वतों, वनों और उपजाऊ भूमि का सुंदर चित्र प्रस्तुत करती है। यह भारत की हजारों वर्षों पुरानी समृद्ध सांस्कृतिक विरासत और गौरवशाली इतिहास का प्रतीक है।

स्वतंत्रता प्राप्ति के बाद 24 जनवरी 1950 को संविधान सभा ने "वंदे मातरम" के पहले दो छंदों को भारत के राष्ट्रीय गीत के रूप में स्वीकार किया। इसे भारत के राष्ट्रीय गान जन गण मन के समान सम्मान प्रदान किया गया। यह निर्णय इस गीत के ऐतिहासिक और राष्ट्रीय महत्व को दर्शाता है।

वंदे मातरम का प्रभाव केवल ऐतिहासिक नहीं, बल्कि भावनात्मक और आध्यात्मिक भी है। यह गीत भारत की शाश्वत संकल्पना, उसकी सांस्कृतिक पहचान और उसकी आत्मा का प्रतीक है। यह गीत हमें हमारी मातृभूमि के प्रति प्रेम, सम्मान और समर्पण की भावना सिखाता है। यह हमें याद दिलाता है कि भारत केवल एक देश नहीं, बल्कि एक जीवंत संस्कृति, एक महान सभ्यता और एक पवित्र मातृभूमि है।

आज, 150 वर्षों के बाद भी "वंदे मातरम" उतनी ही शक्ति और श्रद्धा के साथ भारतीयों के हृदय में गूंज रहा है। यह गीत हमारी एकता, हमारी शक्ति और हमारी आस्था का प्रतीक है। यह केवल एक गीत नहीं, बल्कि भारत का प्रण, उसकी पहचान और उसकी आत्मा का अमर स्वर है।

वंदे मातरम्।

## कहानी नई शरुआत की ...

रीना पखुर्दे
सेमेस्टर - 2

भारत बना गुलाम जब, तब जुल्मों का दौर था,
दुश्मन की हर चाल में, बस दर्द का ही शोर था।
उठाई हमने आवाज़ तो, लाठियां बरसाईं,
पर क्रांति विरोने ने, कभी हार न मानी।
हर मुमकिन कोशिश की उन्होंने,
हमें डराने की, हमे मिटाने की,
पर हिम्मत न थी उनमे , हमसे भिड़ने की।
तब उन्होंने चाले चली ओर हमारे क्रांति
वीरों को मार तब लगा,
कौन सुनेगा आवाज हमारी? कौन लडेगा लडाई हमारी ?
तभी वतन के लोगोने ने, 'वंदे मातरम्' की गूँज उठाई।
जुल्म और बेबसी की, सारी हदें पार हुईं,
आजदी की राह में, कई जानें कुर्बान हुईं।
खत्म हुई वो काली रात, नई सुबह की बात हुई,
वंदे मातरम् गाते हुए, शांति की शुरुआत हुई।

## भारत का तराना वंदे मातरम्

हर्षा सोनकुसरे
सेमेस्टर - 2

150 सालों से गूंज रहा जो तराना है,
वही तो भारत मां का पावन फ़साना है।
वंदे मातरम्, वंदे मातरम्।

बंकिम की लेखनी से जो उतरा ज़मीन पर,
क्रांतिकारियों का वह अमर तराना है।
वंदे मातरम, वंदे मातरम्।

सुजलां सुफलां की गूंज में छिपी शक्ति है,
रिपुदलवारिणी को नमन करना हमारा है।
वंदे मातरम्, वंदे मातरम्।

कोटि-कोटि कंठों में मां तेरी ही वंदना,
तेरे ही आंचल में सारा जमाना है।
वंदे मातरम्, वंदे मातरम्।

# વંદે માતરમ્ @૧૫૦ : રાષ્ટ્રપ્રેમનું નવચેતન

ચૌધરી રોશની આર.
સેમેસ્ટર - 2

"વંદે માતરમ્" શબ્દનો સીધો અર્થ છે - "હે માતૃભૂમિ! હું તમને નમન કરું છું." અહીં "માતા" એટલે આપણો દેશ ભારત અને "વંદે" એટલે નમન કરવું અથવા વંદન કરવું. એટલે "વંદે માતરમ્" દેશને માતા સમજીને તેની પ્રત્યે પ્રેમ, આદર અને સમર્પણ વ્યક્ત કરવાનો સંદેશ આપે છે. આ શબ્દ માત્ર દેશપ્રેમ જ નહીં, પરંતુ માતૃભૂમિ પ્રત્યેની ફરજ, સેવા અને આદરની ભાવના દર્શાવે છે. સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન "વંદે માતરમ્" લોકો માટે પ્રેરણાસ્ત્રોત બન્યું હતું અને દેશપ્રેમનો નાદ બની ગયું હતું.

વંદે માતરમ્" ના રચયિતા મહાન સાહિત્યકાર બંકિમચંદ્ર ચટોપાધ્યાય હતા, જે ભારતના પ્રસિદ્ધ લેખક, વિચારક અને દેશભક્ત તરીકે જાણીતા છે. તેમનો જન્મ 27 જૂન 1838ના રોજ પશ્ચિમ બંગાળ રાજ્યના 24 પરગણા જિલ્લો અને બેરાકપુર તાલુકાના કાંઠાલપાડા ગામમાં થયો હતો. તેઓ શિક્ષિત અને સંસ્કારી પરિવારમાં જન્મેલા હતા અને અભ્યાસ પૂર્ણ કર્યા પછી સરકારી નોકરીમાં જોડાયા હતા, છતાં તેમને સાહિત્ય અને દેશપ્રેમમાં વિશેષ રસ હતો. અંગ્રેજ શાસનના સમયમાં લોકોમાં દેશપ્રેમ અને રાષ્ટ્રીય ભાવના જાગૃત થાય તે માટે તેમણે ભારતમાતાને માતા સ્વરૂપે કલ્પી પોતાના પ્રસિદ્ધ નવલકથા આનંદમઠ માં "વંદે માતરમ્" ની રચના કરી, જેથી લોકોમાં દેશપ્રેમ, બલિદાન અને સમર્પણની ભાવના વિકસે.

"વંદે માતરમ્ @150 " નો અર્થ એ છે કે વંદે માતરમ્ રચાયા પછી આશરે 150 વર્ષ પૂર્ણ થયા છે અને આ પ્રસંગે તેના રાષ્ટ્રપ્રેમના સંદેશને ફરી યાદ કરવામાં આવે છે. 150 વર્ષ પહેલાં જે ગીતે સ્વાતંત્ર્ય માટે લોકોમાં જાગૃતિ પેદા કરી હતી, તે આજના સમયમાં પણ એટલું જ મહત્વ ધરાવે છે. આજના આધુનિક યુગમાં "વંદે માતરમ્" નો અર્થ માત્ર દેશને નમન કરવો નહીં, પરંતુ દેશ માટે પોતાની ફરજ નિભાવવી પણ છે. તેથી "વંદે માતરમ્ @150" આપણને નવી પેઢીમાં રાષ્ટ્રપ્રેમનું નવચેતન જગાડવાનો અને સારા નાગરિક બની દેશને આગળ વધારવાનો સંદેશ આપે છે

## પરિચય

**વંદે માતરમ્ @150 : રાષ્ટ્રપ્રેમનું નવચેતન :** "વંદે માતરમ્ @150" એ આ અમર રાષ્ટ્રગીતના લગભગ 150 વર્ષ પૂર્ણ થવાનો મહત્વપૂર્ણ પ્રસંગ દર્શાવે છે. આ માત્ર એક ઉજવણી નથી, પરંતુ આપણા રાષ્ટ્રપ્રેમને ફરી યાદ કરવાનો અને નવી પેઢીમાં તેને જીવંત બનાવવાનો અવસર છે.

સમય બદલાતો જાય છે, જીવનશૈલી આધુનિક બનતી જાય છે, છતાં દેશપ્રેમનું મહત્વ આજે પણ એટલું જ અખંડ છે.

"રાષ્ટ્રપ્રેમનું નવચેતન" નો અર્થ એ છે કે આજના યુગમાં નવી પેઢીમાં દેશપ્રેમ, જવાબદારી અને સંસ્કારોની ભાવના ફરી પ્રગટ થાય. આજના સમયમાં દેશપ્રેમ માત્ર ગીત ગાવાથી કે શબ્દોમાં વ્યક્ત થતો નથી, પરંતુ દેશના વિકાસમાં યોગદાન આપવું, પર્યાવરણનું સંરક્ષણ કરવું, એકતા જાળવવી અને સારા નાગરિક તરીકે પોતાની ફરજ નિભાવવી - આ બધું સાચા અર્થમાં "વંદે માતરમ્" ની ભાવનાને જીવંત રાખે છે. "વંદે માતરમ્ @150 : રાષ્ટ્રપ્રેમનું નવચેતન" આપણને ભૂતકાળના ગૌરવને યાદ કરીને વર્તમાનમાં સક્રિય રાષ્ટ્રપ્રેમ જીવવાનો પ્રેરણાદાયક સંદેશ આપે છે.

## રાષ્ટ્રપ્રેમનું મહત્વ

"વંદે માતરમ્ @150 : રાષ્ટ્રપ્રેમનું નવચેતન" ના પ્રસંગે રાષ્ટ્રપ્રેમનું મહત્વ સમજવું અત્યંત જરૂરી છે. દેશપ્રેમ દરેક નાગરિકનો મુખ્ય ગુણ છે, કારણ કે રાષ્ટ્રપ્રેમ માણસને પોતાના દેશ પ્રત્યે આદર, જવાબદારી અને સમર્પણ શીખવે છે. જ્યારે નાગરિકોમાં રાષ્ટ્રપ્રેમ હોય છે ત્યારે સમાજમાં એકતા મજબૂત બને છે અને લોકો દેશના હિત માટે સાથે મળીને કાર્ય કરે છે. રાષ્ટ્રપ્રેમ આપણને દેશના વિકાસમાં સહભાગી થવાની પ્રેરણા આપે છે અને સારા નાગરિક તરીકે પોતાની ફરજો નિભાવવાની સમજણ આપે છે. "વંદે માતરમ્ @150" નો સંદેશ પણ એ જ છે કે નવી પેઢીમાં રાષ્ટ્રપ્રેમનું નવચેતન જગે અને તેઓ દેશની પ્રગતિ, એકતા અને સમૃદ્ધિ માટે પોતાનું યોગદાન આપે.

## નવચેતનનો અર્થ

"નવચેતન" નો અર્થ એ છે કે આપણાં દેશપ્રેમ અને સંસ્કાર જેવા જૂના મૂલ્યોને આજના નવા સમયમાં ફરી જીવંત બનાવવું. સમય બદલાતો જાય છે, ટેક્નોલોજી અને આધુનિકતા વધતી જાય છે, ત્યારે પણ રાષ્ટ્રપ્રેમની ભાવના યથાવત્ રહે તે જરૂરી છે. નવચેતનનો અર્થ નવી પેઢીને દેશપ્રેમ સાથે જોડવાનો છે, જેથી તેઓ દેશની સંસ્કૃતિ, પરંપરા અને મૂલ્યોને સમજી શકે. આજના સમયમાં ટેક્નોલોજી અને શિક્ષણ દ્વારા દેશના વિકાસમાં યોગદાન આપવું, સમાજ માટે ઉપયોગી કાર્ય કરવું અને સારા નાગરિક તરીકે પોતાની જવાબદારી નિભાવવી - આ બધું સાચા અર્થમાં રાષ્ટ્રપ્રેમનું નવચેતન છે. "વંદે માતરમ્ @150" આપણને એ જ સંદેશ આપે છે કે ભૂતકાળના દેશપ્રેમને આજના આધુનિક સમયમાં નવી શક્તિ સાથે જીવંત રાખવો.

**શિક્ષણ અને રાષ્ટ્રપ્રેમ :** શિક્ષણ રાષ્ટ્રપ્રેમ વિકસાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રભાવના, દેશપ્રેમ અને જવાબદારીની ભાવના વિકસે છે. શાળાઓમાં યોજાતા દેશભક્તિના કાર્યક્રમો, ગીતો, ભાષણો અને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીઓ દેશ સાથે જોડાય છે અને તેમને

દેશના ઈતિહાસ અને મહાન વ્યક્તિઓ વિશે જાણ થાય છે. રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી દ્વારા વિદ્યાર્થીઓમાં દેશપ્રેમ અને એકતાની ભાવના મજબૂત બને છે. સાથે સાથે મૂલ્યશિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓ સારા સંસ્કારો અપનાવે છે અને જવાબદાર તથા આદર્શ નાગરિક બનવાની પ્રેરણા મેળવે છે. આ રીતે શિક્ષણ દ્વારા રાષ્ટ્રપ્રેમનું નવચેતન જીવંત રહે છે અને “વંદે માતરમ્” ની ભાવના નવી પેઢીમાં વિકસે છે

**શિક્ષકની ભૂમિકા :** રાષ્ટ્રપ્રેમનું નવચેતન” ના સંદર્ભમાં શિક્ષકની ભૂમિકા ખૂબ મહત્વપૂર્ણ છે. શિક્ષક માત્ર જ્ઞાન આપનાર નથી, પરંતુ વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રપ્રેમ અને સારા સંસ્કારો જગાડનાર માર્ગદર્શક છે. શિક્ષક પોતાના વિચારો, વર્તન અને શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓને દેશપ્રેમની પ્રેરણા આપે છે અને તેમને પોતાના દેશ પ્રત્યે આદર રાખવાનું શીખવે છે. શિક્ષક વિદ્યાર્થીઓમાં સદાચાર, શિસ્ત, એકતા અને જવાબદારી જેવા સારા સંસ્કારો વિકસાવે છે, જે રાષ્ટ્રપ્રેમના મૂળ આધાર છે. આ સાથે શિક્ષક વિદ્યાર્થીઓને સારા નાગરિક તરીકે ઘડવામાં મદદ કરે છે, જેથી તેઓ ભવિષ્યમાં દેશના વિકાસમાં યોગદાન આપી શકે. આ રીતે શિક્ષક “વંદે માતરમ્” ની ભાવનાને જીવંત રાખવામાં અને નવી પેઢીમાં રાષ્ટ્રપ્રેમનું નવચેતન જગાડવામાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે.

**આજના સમયમાં રાષ્ટ્રપ્રેમ :** આજના સમયમાં રાષ્ટ્રપ્રેમનો અર્થ માત્ર શબ્દોમાં દેશપ્રેમ વ્યક્ત કરવો નથી, પરંતુ પોતાના વર્તન અને કાર્ય દ્વારા દેશની સેવા કરવી પણ છે. આજના યુગમાં રાષ્ટ્રપ્રેમ દર્શાવવાનો એક મહત્વપૂર્ણ માર્ગ પર્યાવરણનું રક્ષણ કરવો છે, કારણ કે સ્વચ્છ અને હરિયાળો દેશ આપણા સૌના જીવન માટે જરૂરી છે. સ્વચ્છતા જાળવવી અને જાહેર સ્થળોને સ્વચ્છ રાખવા પણ સાચા દેશપ્રેમનું પ્રતિક છે. નિયમોનું પાલન કરવું, ટ્રાફિકના નિયમોથી લઈને શાળાના નિયમો સુધી, સારા નાગરિકની ઓળખ દર્શાવે છે. સમાજમાં એકતા જાળવવી અને સૌ સાથે મળીને રહેવું રાષ્ટ્રને મજબૂત બનાવે છે. સાથે સાથે દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપવું, મહેનતપૂર્વક અભ્યાસ કરવો અને સારા કાર્ય કરવું - આ બધું આજના સમયમાં સાચા અર્થમાં રાષ્ટ્રપ્રેમ દર્શાવે છે.

## ઉપસંહાર

“વંદે માતરમ્ @150” આપણને રાષ્ટ્રપ્રેમનો પ્રેરણાદાયક સંદેશ આપે છે અને યાદ અપાવે છે કે દેશપ્રેમ આપણા જીવનનો મહત્વપૂર્ણ ભાગ છે. નવી પેઢી દેશનું ભવિષ્ય છે, તેથી તેમના મનમાં દેશપ્રેમ, જવાબદારી અને સારા સંસ્કારો વિકસે તે ખૂબ જરૂરી છે. જ્યારે નાગરિકોમાં રાષ્ટ્રપ્રેમ હોય છે ત્યારે દેશ વધુ મજબૂત અને સમૃદ્ધ બને છે. તેથી દરેક વ્યક્તિએ પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક નિભાવવી અને દેશના વિકાસમાં યોગદાન આપવું જોઈએ - એ જ સાચા અર્થમાં “વંદે માતરમ્” ની ભાવનાને જીવંત રાખવાનો માર્ગ છે.

# વંદે માતરમ્ @૧૫૦ : આપણી ગૌરવગાથા

વસાવા શ્વેતલ આર.
સેમેસ્ટર - 2

'વંદે માતરમ્' - આ શબ્દ સાંભળતા જ આપણા બધાના મનમાં એક અલગ જ દેશભક્તિનો ભાવ જાગે છે. આજે જ્યારે આ ગીતને ૧૫૦ વર્ષ પૂરા થઈ રહ્યા છે, ત્યારે એક વિદ્યાર્થી તરીકે મને એવું લાગે છે કે આ ગીત માત્ર ગાવા માટે નથી, પણ સમજવા માટે છે. બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયે જ્યારે આ ગીત લખ્યું હશે, ત્યારે એમણે કદાચ કલ્પના પણ નહીં કરી હોય કે આ શબ્દો એક દિવસ આખા ભારતની આઝાદીનો અવાજ બની જશે

આજે જ્યારે આપણે આ ઐતિહાસિક ગીતના ૧૫૦મા વર્ષની ઉજવણી કરી રહ્યા છીએ, ત્યારે એક વિદ્યાર્થી તરીકે મને એ વિચાર આવે છે કે આ ગીત માત્ર ૧૫૦ વર્ષ જૂનું એક લખાણ નથી, પણ તે ભારતની આઝાદીના સંઘર્ષની આખી કહાની છે. આ ગીતનો ઈતિહાસ જોઈએ તો તે આશ્ચર્ય પમાડે તેવું આ ગીત ગાવા બદલ એ સમયે કેટલાય લોકોને જેલમાં પણ જવું પડ્યું હતું, છતાં તેની ગુંજ ક્યારેય ઓછી થઈ નથી.

આજના ૧૫૦મા વર્ષની ઉજવણીના સંદર્ભમાં જો વાત કરું તો, મને લાગે છે કે 'વંદે માતરમ્' આપણને એકતાનો પાઠ શીખવે છે. ભારતમાં આપણે અલગ-અલગ ભાષાઓ બોલીએ છીએ, અલગ-અલગ પોશાક પહેરીએ છીએ અને અલગ-અલગ ધર્મ પાળીએ છીએ, પણ જ્યારે 'વંદે માતરમ્' વાગે છે ત્યારે આપણે બધા માત્ર 'ભારતીય' બની જઈએ છીએ. આજે અમે યુવાનો જ્યારે કારકિર્દી અને ડિજિટલ દુનિયામાં વ્યસ્ત છીએ, ત્યારે 'વંદે માતરમ્ @150' ની આ થીમ અમને યાદ અપાવે છે કે આપણે ક્યાંથી આવ્યા છીએ. આપણને મળેલી આ આઝાદી અને સુખ-સુવિધાઓ પાછળ અનેક શહીદોનું બલિદાન છે જેમણે આ ગીત ગાતા-ગાતા પોતાના પ્રાણ ન્યોછાવર કર્યા હતા. ૧૫૦ વર્ષનો આ સમયગાળો એ સાબિતી છે કે સમય ભલે ગમે તેટલો બદલાય, પણ રાષ્ટ્રપ્રેમની ભાવના ક્યારેય જૂની થતી નથી.

નિષ્કર્ષમાં મારે એટલું જ કહેવું છે કે આ ઉજવણી માત્ર કોલેજમાં પ્રોગ્રામ કરવા પૂરતી સીમિત ન રહેવી જોઈએ. સાચા અર્થમાં વંદે માતરમ્ ત્યારે જ સાર્થક થશે જ્યારે આપણે આપણા દેશને સ્વચ્છ રાખીએ, કાયદાનું પાલન કરીએ અને એકબીજાની મદદ કરીએ. આ ૧૫૦ વર્ષની સફર આપણને પ્રેરણા આપે છે કે

આપણે ગમે તે ક્ષેત્રમાં હોઈએ - ભલે એ એન્જિનિયરિંગ હોય, મેડિકલ હોય કે આર્ટ્સ - આપણે જે પણ કરીએ તે દેશના હિતમાં હોવું જોઈએ. 'વંદે માતરમ્ @150' એ આપણા સૌ માટે ગૌરવ લેવાનો અને ફરી એકવાર દેશસેવાનો સંકલ્પ લેવાનો અવસર છે.

વંદે માતરમ્

## વંદે માતરમ્ એ ભારતીયોના હૃદયમાં દેશભક્તિની જ્યોત પ્રગટાવી

ચૌધરી હેમાક્ષી
સેમેસ્ટર - 2

ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં જે શબ્દોએ કરોડો ભારતીયોના હૃદયમાં દેશભક્તિની જ્યોત પ્રગટાવી, જે સૂત્ર કાજે હજારો ક્રાંતિકારીઓએ હસતા મુખે ફાંસીના માંચડાને ચૂમી લીધો, તે એટલે 'વન્દે માતરમ્'. બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાય દ્વારા રચિત આ કાવ્યને આજે ૧૫૦ વર્ષ પૂર્ણ થયા છે, પરંતુ તેની ગરિમા અને ઉર્જા આજે પણ એટલી જ પ્રસ્તુત છે. ઋષિ તુલ્ય સાહિત્યકાર બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયે ૭ નવેમ્બર, ૧૮૭૫ના રોજ (કિટલાક મંતવ્યો અનુસાર ૧૮૭૬) પશ્ચિમ બંગાળના ચિનસુરામાં આ ગીતની રચના કરી હતી. પાછળથી ૧૮૮૨માં તેમની પ્રસિદ્ધ નવલકથા 'આનંદમઠ'માં આ ગીતનો સમાવેશ કરવામાં આવ્યો.

જ્યારે આ ગીત લખાયું ત્યારે ભારત બ્રિટિશ શાસનની બેડીઓમાં જકડાયેલું હતું. બંકિમચંદ્ર એક એવા મંત્રની શોધમાં હતા જે સુષુપ્ત ભારતીય જનતાને જગાડી શકે. તેમણે માતૃભૂમિને કેવળ જમીનનો ટુકડો નહીં, પણ એક 'માં' તરીકે સ્થાપિત કરી.

'વન્દે માતરમ્' સંસ્કૃત અને બંગાળી ભાષાના અદ્ભુત સમન્વયથી બનેલું છે. આ ગીતમાં ભારતની પ્રકૃતિનું જે વર્ણન છે તે અજોડ છે:

સુજલામ્: મીઠા જળવાળી

સુફલામ્: મીઠા ફળોવાળી

મલયજ શીતલામ્: મલય પર્વત પરથી આવતા પવન જેવી શીતળ

શસ્ય શ્યામલામ્: લીલાછમ ખેતરોથી શોભતી માતૃભૂમિ

બંકિમચંદ્ર માતૃભૂમિની સ્તુતિ કરતાં જણાવે છે કે મારી મા માત્ર અબળા નથી, તે દસ હાથવાળી દુર્ગા છે, તે વિદ્યા આપતી સરસ્વતી છે અને તે સમૃદ્ધિ આપતી લક્ષ્મી છે.

૧૯૦૫માં જ્યારે લોર્ડ કર્ઝને બંગાળના ભાગલા પાડ્યા, ત્યારે 'વન્દે માતરમ્' રાષ્ટ્રીય એકતાનું સૌથી મોટું પ્રતીક બનીને ઉભર્યું. રવીન્દ્રનાથ ટાગોરે ૧૮૯૬માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના

અધિવેશનમાં સૌપ્રથમવાર આ ગીત ગાયું હતું.

ક્રાંતિકારીઓનો મંત્ર: ભગતસિંહ, રાજગુરુ, સુખદેવ હોય કે ચંદ્રશેખર આઝાદ - દરેક ક્રાંતિકારી માટે આ ગીત એક શક્તિ સ્ત્રોત હતું.

બ્રિટિશરોનો ભય: આ ગીત એટલું પ્રભાવશાળી હતું કે બ્રિટિશ સરકારે તેના પર પ્રતિબંધ મૂકવો પડ્યો હતો. જાહેરમાં 'વન્દે માતરમ્' બોલનારને જેલ કે લાઠીચાર્જ સહન કરવો પડતો. છતાં, આ નાદ ક્યારેય દબાયો નહીં.

મેડમ ભીખાઈજી કામા: ૧૯૦૭માં જર્મનીમાં સ્ટુટગાર્ટ ખાતે જ્યારે મેડમ કામાએ ભારતનો પ્રથમ ત્રિરંગો લહેરાવ્યો, ત્યારે તેના પર મધ્યમાં 'વન્દે માતરમ્' અંકિત હતું.

૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ ભારત આઝાદ થયું. ૨૪ જાન્યુઆરી ૧૯૫૦ના રોજ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે બંધારણીય સભામાં જાહેરાત કરી કે 'જન ગણ મન' ભારતનું રાષ્ટ્રગીત (National Anthem) રહેશે, પરંતુ 'વન્દે માતરમ્'ને રાષ્ટ્રીય ગીત (National Song) તરીકે સમાન દરજ્જો અને સન્માન આપવામાં આવશે.

તેમણે કહ્યું હતું કે, "ભારતના મુક્તિ સંગ્રામમાં જે ઐતિહાસિક ભૂમિકા 'વન્દે માતરમ્' એ ભજવી છે, તે અવિસ્મરણીય છે.

આ ગીત માત્ર રાજકીય સૂત્ર નથી, પણ એક આધ્યાત્મિક અનુભૂતિ છે. શ્રી અરવિંદ ઘોષે 'વન્દે માતરમ્' વિશે કહ્યું હતું કે, "બંકિમચંદ્રએ આપણને માત્ર એક ગીત નથી આપ્યું, પણ દેશભક્તિનો એક નવો ધર્મ આપ્યો છે." આ ગીત દ્વારા ભારત દેશને 'ભારત માતા' તરીકે ઓળખ મળી, જેણે વિખરાયેલા સમાજને એક તાંતણે બાંધ્યો.

આજે ૧૫૦ વર્ષ પછી પણ, જ્યારે પણ સરહદ પર જવાન તૈનાત હોય, રમતગમતના મેદાનમાં ખેલાડી વિજય મેળવે કે અવકાશમાં ભારતનો ત્રિરંગો લહેરાય, ત્યારે 'વન્દે માતરમ્'નો નાદ આપણામાં નવો ઉત્સાહ અને ગર્વ ભરી દે છે. તે આપણને યાદ અપાવે છે કે આપણી ઓળખ આપણી માતૃભૂમિથી છે.

'વન્દે માતરમ્'ના ૧૫૦ વર્ષની ઉજવણી એ માત્ર એક ગીતની ઉજવણી નથી, પણ ભારતના આત્મગૌરવ, સંઘર્ષ અને વિજયની ગાથાની ઉજવણી છે. તે ગત દોઢ સદીથી ભારતની એકતાનું પ્રતીક રહ્યું છે અને આવનારી સદીઓમાં પણ ભારતને વિશ્વગુરુ બનાવવા માટે પ્રેરણા પૂરું પાડતું રહેશે.

આજના યુવાનો માટે આ ગીત એ માત્ર ઈતિહાસનો ભાગ નથી, પણ રાષ્ટ્ર નિર્માણ માટે સમર્પિત થવાનો સંકલ્પ છે.

વન્દે માતરમ્!

# વંદે માતરમ્ એક ધૂન જે એક ચળવળ બની

વસાવા જિજ્ઞાશા
સેમેસ્ટર - 2

1950માં બંધારણ સભા દ્વારા ભારતના વંદે રાષ્ટ્રીય ગીત તરીકે અપનાવવામાં આવ્યું.

વંદે માતરમ્ શરૂઆતમાં સ્વતંત્ર રીતે રચવામાં આવ્યું હતું અને બાદમાં બંકિમચંદ્ર ચેટર્જીની નવલકથા "આનંદમઠ" (1882માં પ્રકાશિત) માં સમાવવામાં આવ્યું હતું.

1896માં કલકત્તામાં યોજાયેલા કોંગ્રેસ અધિવેશનમાં રવિન્દ્રનાથ ટાગોરે સૌપ્રથમ ગાયું હતું.

રાજકીય સૂત્ર તરીકે 'વંદે માતરમ્' નો સૌપ્રથમ ઉપયોગ 7 ઓગસ્ટ, 1905ના રોજ થયો હતો.

આ વર્ષે, 07 નવેમ્બર, 2025, ભારતના રાષ્ટ્રીય ગીત વંદે માતરમની 150મી વર્ષગાંઠ છે, જેનો અર્થ "માતા, હું તને નમન કરું છું" થાય છે. આ રચના, એક શાશ્વત ગીત, સ્વતંત્રતા સેનાનીઓ અને રાષ્ટ્ર નિર્માતાઓની અસંખ્ય પેઢીઓને પ્રેરણા આપી છે, જે ભારતની રાષ્ટ્રીય ઓળખ અને સામૂહિક ભાવનાના કાયમી પ્રતિક તરીકે ઉભી છે. બંકિમચંદ્ર ચેટર્જી દ્વારા રચિત, 'વંદે માતરમ્' સૌપ્રથમ 7 નવેમ્બર 1875ના રોજ સાહિત્યિક જર્નલ 'બંગદર્શન' માં પ્રકાશિત થયું હતું. બાદમાં, બંકિમચંદ્ર ચેટર્જીએ 1882માં પ્રકાશિત થયેલી તેમની અમર નવલકથા 'આનંદમઠ'માં આ સ્તોત્રનો સમાવેશ કર્યો. તેને રવીન્દ્રનાથ ટાગોર દ્વારા સંગીત આપવામાં આવ્યું હતું. તે રાષ્ટ્રની સભ્યતા, રાજકીય અને સાંસ્કૃતિક ચેતનાનો એક અભિન્ન ભાગ બની ગયું છે. આ સીમાચિહ્નરૂપ ગીતને યાદ કરીને વંદે માતરમ્ તમામ ભારતીયો માટે એકતા, બલિદાન અને ભક્તિના કાલાતીત સંદેશને ફરીથી પુષ્ટિ આપવાનો પ્રસંગ રજૂ કરે છે.

વંદે માતરમનું મહત્વ સમજવા માટે, તેના ઐતિહાસિક મૂળની તપાસ કરવી હિતાવહ છે, જે સાહિત્ય, રાષ્ટ્રવાદ અને ભારતની સ્વતંત્રતાની લડાઈને જોડતો માર્ગ છે. કાવ્યાત્મક રચનાથી રાષ્ટ્રીય ગીત સુધીના સ્તોત્રનો વિકાસ વસાહતી વર્ચસ્વ સામે ભારતની સામૂહિક જાગૃતિનું ઉદાહરણ આપે છે.

આ ગીત સૌપ્રથમ 1875માં પ્રકાશિત થયું હતું. 16 એપ્રિલ 1907ના રોજ શ્રી અરવિંદ દ્વારા લખાયેલા અંગ્રેજી દૈનિક બંદે માતરમના એક ફકરામાં આ વાતની પુષ્ટિ થાય છે કે બત્રીસ વર્ષ પહેલાં બંકીમે તેમનું પ્રખ્યાત ગીત રચ્યું હતું. તેમણે આગળ જોયું કે તે સમયે બહુ ઓછા લોકોએ સાંભળ્યું હતું, પરંતુ લાંબા ભ્રમમાંથી જાગૃતિના એક ક્ષણ દરમિયાન, બંગાળના લોકો સત્યની શોધમાં હતા,

અને એક ભાગ્યશાળી ક્ષણમાં, કોઈએ "વંદે માતરમ્" ગાયું.

પુસ્તક સ્વરૂપે પ્રકાશિત થતાં પહેલાં, આનંદ મઠ બંગાળી માસિક મેગેઝિન બંગદર્શનમાં શ્રેણીબદ્ધ પ્રકાશિત થતો હતો, જેના સ્થાપક સંપાદક બંકિમ હતા.

માર્ચ-એપ્રિલ 1881ના અંકમાં નવલકથાના શ્રેણીબદ્ધકરણના પહેલા ભાગમાં "વંદે માતરમ્" ગીત દેખાયું હતું.

1907માં, મેડમ ભીકાજી કામાએ બર્લિનના સ્ટુટગાર્ટમાં ભારતની બહાર પહેલી વાર ત્રિરંગો ધ્વજ ફરકાવ્યો. ધ્વજ પર વંદે માતરમ્ શબ્દો લખેલા હતા.

આનંદ મઠ' નવલકથાનું કેન્દ્રિય કથાનક સંન્યાસીઓના એક જૂથની આસપાસ ફરે છે જેને સંતનાસ કહેવાય છે, જેનો અર્થ બાળકો થાય છે, જેઓ પોતાનું જીવન તેમની માતૃભૂમિ માટે સમર્પિત કરે છે. તેઓ માતૃભૂમિને દેવી તરીકે મૂર્તિમંત કરે છે; તેમની ભક્તિ ફક્ત તેમની જન્મભૂમિ પ્રત્યે "વંદે માતરમ્"ની રચના રાષ્ટ્રવાદી વિચારધારામાં એક સીમાચિહ્નરૂપ તરીકે ઓળખાય છે, જે માતૃભૂમિ પ્રત્યેની ભક્તિ અને આધ્યાત્મિક આદર્શવાદના સંશ્લેષણનું પ્રતીક છે. તેમના લખાણો દ્વારા, બંકિમચંદ્ર ચેટર્જીએ માત્ર બંગાળી સાહિત્યને જ સમૃદ્ધ બનાવ્યું નહીં , પરંતુ ભારતના પ્રારંભિક રાષ્ટ્રવાદી ચળવળ માટે પાયાના વૈચારિક સિદ્ધાંતો પણ મૂક્યા. "વંદે માતરમ્" માં તેમણે દેશને માતા તરીકે મૂર્તિમંત માતૃભૂમિનું વિઝન આપ્યું.છે. "વંદે માતરમ્" એ આનંદ મઠના સંતનાસો દ્વારા ગવાયેલું ગીત છે. તે "દેશભક્તિના ધર્મ"ના પ્રતિક તરીકે ઊભું હતું જે આનંદ મઠનો મુખ્ય વિષય હતો.

"વંદે માતરમ્"ની રચના રાષ્ટ્રવાદી વિચારધારામાં એક સીમાચિહ્નરૂપ તરીકે ઓળખાય છે, જે માતૃભૂમિ પ્રત્યેની ભક્તિ અને આધ્યાત્મિક આદર્શવાદના સંશ્લેષણનું પ્રતીક છે. તેમના લખાણો દ્વારા, બંકિમચંદ્ર ચેટર્જીએ માત્ર બંગાળી સાહિત્યને જ સમૃદ્ધ બનાવ્યું નહીં , પરંતુ ભારતના પ્રારંભિક રાષ્ટ્રવાદી ચળવળ માટે પાયાના વૈચારિક સિદ્ધાંતો પણ મૂક્યા. "વંદે માતરમ્" માં તેમણે દેશને માતા તરીકે મૂર્તિમંત માતૃભૂમિનું વિઝન આવ્યું.

